
# પતંગિયાં

લેખક : મનુભાઈ કામદાર



8BGP2

# પતંગિયાં

લેખક : મનુભાઈ કામદાર

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-21

: પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
ગુજરાત કોલેજ પાસે, એલિસબ્રીજ,
અમદાવાદ-૩૮૦૦૦૬
ટેલિફોન : ૬૪૪૫૨૮૧

# પતંગિયાં

આવૃત્તિ ૧લી

ડિસેમ્બર ૨૦૦૩

કિંમત રૂ. ૩૫-૦૦

**મુદ્રક**

સુરમીલ એસ. ક્રિશ્ચિયન
૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ. મ્યુ. માર્કેટ પાસે,
ખોખરા, મણિનગર (પૂર્વે), અમદાવાદ-૮.
ફોન : ૨૭૭૩૫૨૫



# મનુભાઈ કામદાર

**જન્મ તારીખ : ૨૯-૧૨-૧૯૪૦**

**મરણ તારીખ : ૧૩-૦૨-૨૦૦૨**

## સેક્રેટરીના બે બોલ

શ્રી મનુભાઈ કામદારની ઓળખ આપવાની હોય નહિ. બાલસાહિત્યના માધ્યમથી ખાસ રીતે બાલજગતમાં પ્રસિદ્ધ છે. જોકે, તે ઉપરાંત પોતાની લેખનપ્રવૃત્તિનો પરચો બાકીના વર્ગોને પણ. કરાવ્યો છે.

શ્રી મનુભાઈ કામદાર વ્યવસાયે શિક્ષક, પરંતુ તેમની દરેક બાબતમાં રસ લેવાની વૃત્તિ અને એટલું જ નહિ, પરંતુ દરેક પ્રસંગ-બાબતોનું વિશ્લેષણ કરવાની ટેવ દાદ માગી લે તેવા હતા. જોકે, તેમની આ ટેવ જાહેર ન હતી. પરંતુ તેઓ મારા મિત્ર હોવાને નાતે હું જાણું છું અને તેમના બીજા અંગત મિત્રો જાણે છે. દેખાવે સાદા પરંતુ દૃઢ નિર્ણયશક્તિ ધરાવતા. મંડળીમાં તેઓએ બહુમૂલ્ય સેવાઓ આપી; પરંતુ વિવાદથી દૂર ભાગનારા, સ્પષ્ટ વિચારો જણાવનારા મનુભાઈ પાછલાં ઘણા વર્ષો તેમના આ વિચારોની વહેંચણી ગણ્યાગાંઠ્યા મિત્રો સાથે કરતા. પરંતુ તેમની વિચારશક્તિનો લાભ સાહિત્યના વિવિધ માધ્યમ દ્વારા ગુજરાતી ખ્રિસ્તી જનતાને મળ્યો જ છે.

શ્રી મનુભાઈ કામદાર અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડની મેગેઝીનની વ્યવસ્થામાં હતા, પરંતુ તેમને ખ્રિસ્તી સાહિત્યમાં રસ લેતા કરવાનો યશ સ્વ. ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબને ફાળે જાય છે. તેઓ તેમને મનુભાઈના શબ્દોમાં જ, 'મને ભગવતસાહેબે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પગથિયા ચઢાવ્યા,' ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યમાં લખવા ઉત્તેજન આપનાર બન્યા.

પછી તો મનુભાઈ કામદારની શારીરિક મર્યાદાઓ

આવી, લખવું મુશ્કેલ લાગ્યુ પરંતુ તેઓનાથી બન્યુ તે બધુ કરી છુટ્યા.

વિશેષ બાલસાહિત્ય માટે કરેલી તેમની સેવાઓ બાલવાડીના માધ્યમથી 'કલશોર' પુસ્તકના માધ્યમથી હંમેશાં યાદ રહેશે. હવે જ્યારે 'પતંગિયાં' પ્રસિદ્ધ થાય છે ત્યારે બાળસાહિત્યની જે ખોટ છે તેને કેટલેક અંશે પૂરવા મદદ મળશે. તેમની ખ્રિસ્તીબંધુ, બાલવાડી તથા આ પુસ્તકો દ્વારા કરેલી સેવાઓની કદર કરતા પ્રભુનો જ આભાર માનીએ છીએ. 'પતંગિયાં' બાળકોના હાથમાં મૂકતા આનંદ અનુભવું છું. જો કે મોટેરાંઓ પણ વાંચશે તો ઉત્તેજન અવશ્ય પ્રાપ્ત કરશે. ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યને માટે જરૂરી બાળ સાહિત્યકારોની જરૂર છે. શું તમે તૈયાર છો ? બાળકો માટેની સેવા પરંતુ ખૂબ મૂલ્યવાન એવી આ સેવા છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે (૧) શ્રીમતી શાંતાબહેન કામદાર તરફથી રૂા. ૫૦૦૦/- (૨) ઈલિઝાબેથબહેન અને સિઓનાબહેન એરીક મેકવાન તરફથી રૂા. ૫૦૦૦/- (૩) શ્રી સેમ્યુલભાઈ કાઈટ તરફથી સ્વ. મરીયમબેન એસ. કાઈટની પ્રેમભરી યાદમાં ૨૦૦૦/- (૪) સ્વ. શ્રીમતી અનસૂયા એમ. મેકવાનની પ્રેમભરી યાદમાં પુત્રી શાંતાબહેન તરફથી રૂા. ૧૦૦૦/- દાન મળેલ છે.

સાહિત્ય સેવાસદન — પ્રેમભાવથી,<br>
એલિસબ્રીજ, અમદાવાદ-૬. — (રેવ.) હેમંતકુમાર જે. પરમાર<br>
સેક્રેટરી

## અનુક્રમણિકા



| ક્રમ | વાર્તા | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ગુંજતી ગુફા | ૧ |
| ૨ | માળો | ૪ |
| ૩ | સારસી | ૯ |
| ૪ | પાદરી સુંદરલાલ | ૧૬ |
| ૫ | સોનેરી કાચબો | ૨૨ |
| ૬ | માફી | ૨૬ |
| ૭ | વાંદરી અને તેનું બચ્ચુ | ૩૦ |
| ૮ | અગડો-બગડો | ૩૪ |
| ૯ | નોળવેલ | ૩૮ |
| ૧૦ | લોહીનાં પગલાંની છાપ | ૪૩ |
| ૧૧ | ભીની પથારી | ૪૮ |
| ૧૨ | અમાસમાંથી પૂનમ | ૫૨ |
| ૧૩ | ત્રણ દિકરા | ૫૬ |
| ૧૪ | રાજગઢનો રાજા | ૫૯ |
| ૧૫ | મિડાસની કુંવરી | ૬૩ |
| ૧૬ | કીડીની કરામત | ૬૬ |
| ૧૭ | માનો દિકરો | ૭૪ |
| ૧૮ | રત્નો રબારી અને ઊંટ | ૭૭ |

| ક્રમ | વાર્તા | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૯ | શિવાજી અને સાવરણી | ૭૯ |
| ૨૦ | મદારી અને વાંદરો | ૮૫ |
| ૨૧ | રૂપાળાં પીંછાં | ૯૧ |
| ૨૨ | તળાવમાં ડૂબી મર | ૯૭ |
| ૨૩ | 'ભમરીનો ડંખ...' | ૧૦૦ |
| ૨૪ | દોસ્તી કે દુશ્મની ? | ૧૦૨ |
| ૨૫ | ગરીબ સ્ત્રી | ૧૦૪ |
| ૨૬ | આંધળાઓ : અકબર-બિરબલ | ૧૦૭ |
| ૨૭ | સંતપુરુષ | ૧૧૦ |
| ૨૮ | ભક્ત તણી છે... | ૧૧૨ |
| ૨૯ | એક ભલો માનવી | ૧૧૫ |
| ૩૦ | જન્મજયંતિની ભેટ | ૧૧૯ |
| ૩૧ | ઊડી જતાં પીંછાં | ૧૨૩ |
| ૩૨ | ગબલો કાચબો ઉડતા શીખે | ૧૨૫ |
| ૩૩ | અદ્‌ભુત ઔષધ | ૧૨૯ |
| ૩૪ | ભાગો રે ભાગો... | ૧૩૨ |
| ૩૫ | ગુરુભક્તિ | ૧૩૬ |
| ૩૬ | એક રાજાની વાર્તા | ૧૩૮ |
| ૩૭ | રાજા ભોજ અને કવિ કાલિદાસ | ૧૪૩ |
| ૩૮ | જાતજાતનાં પંખી | ૧૪૬ |

# ૧. ગુંજતી ગૂફા

એક હતો રાજા. તેને ત્રણ રાજકુંવરો હતા. રાજકુંવરો મંદબુદ્ધિના હતા. રાજા ઘણી ચિંતા કરતો હતો. રાજકુંવરોને શી રીતે ભણાવવા ? તેણે એક પછી એક ઘણાં વિદ્વાનો શિક્ષકો તેમના શિક્ષણ માટે રોક્યા. પરંતુ રાજાને સંતોષ થયો નહિ. હતાશ થઈ રાજાએ રાજ્યના પંડિતોની સભા બોલાવી. રાજાએ પંડિતોની સભામાં રાજકુંવરોના શિક્ષણની વાત કરી.

રાજાએ કહ્યું, ‘જે પંડિત મારા કુંવરોને ભણાવી-ગણાવી હોંશિયાર બનાવશે તેને રાજ્ય તરફથી મોટો સરપાવ આપવામાં આવશે.’

આવા રાજાના ઉદ્ગારથી સભામાં સન્નાટો છવાઈ ગયો, બધા સ્તબ્ધ બની ગયા. ન કોઈ બોલે કે ચાલે ! રાજા મુંઝવણ અનુભવવા લાગ્યા. કારણ કે રાજકુંવરોને ભણાવવા કોઈ તૈયાર ન હતું ! સભાની શાંતિનો ભંગ કરતાં એક વિદ્વાન-પંડિત ઊભા થયા. તે તો પ્રખ્યાત સંસ્કૃત ભાષાના પંડિત હતા. તેમનું નામ વિષ્ણુ શર્મા હતું.

વિષ્ણુ શર્માને રાજમહેલમાં અલગ ભાગમાં રાખવામાં આવ્યા. કુંવરોને તે દરરોજ શિક્ષણ આપવા લાગ્યા. તેમના શિક્ષણની રીત જુદી હતી. તેમણે રાજકુંવરોને ગમે તેવી, મજા પડે તેવી, પશુપંખીઓની જાતંભાતની વાર્તાઓ કહેવા માંડી. આ વાર્તાઓ બોધપ્રદ હતી. તેમાં જીવનનો આદર્શ રજુ થતો હતો. આ બધી વાર્તાઓનો સંગ્રહ થયો. સંસ્કૃત ભાષામાં રચાયેલો આ વાર્તા સંગ્રહગ્રંથ ઉત્તમ છે. તેનું નામ પંચતંત્ર છે.

દોસ્તો ! આવી પંચતંત્રની કથાઓ તમારા અભ્યાસમાં પાઠ્યપુસ્તકોમાં પણ આવે છે. મજા પડે તેવી વાર્તાઓ છે. ચાલો ત્યારે આ પંચતંત્રની એક વાર્તા જોઈએ.

એક જંગલ હતું. જંગલમાં એક શિયાળ રહે. શિયાળ બહુ ચપળ અને ચાલાક હતું. જંગલમાં ફરતાં ફરતાં તેણે એક અવાવારુ ગુફા જોઈ. શિયાળ ગુફામાં પેસી આમતેમ જોવા લાગ્યું. ગુફા તેને ખૂબ ગમી ગઈ. મનોમન વિચાર્યું, બસ હવે તો આ ગુફામાં જ રહેઠાણ કરવું. તેણે ગુફાને સાફસૂફ કરી અને રહેવાનું શરૂ કર્યું.

શિયાળભાઈને એક ટેવ હતી, રાત્રિનાં પ્રથમ પહોરમાં હૂકા...હૂકા...અવાજ કરે. મધ્યરાત્રિ થાય ત્યારે પણ શિયાળ બોલે અને છેલ્લે સવાર થવા આવે ત્યારે પણ હૂકા...હૂકા...કરે.

આમ શિયાળ બોલે ત્યારે પેલી ગુફામાં પડઘા પડે. શિયાળ પડઘા સાંભળી રાજીનું રેડ બને.

શિયાળ દિવસે જંગલમાં ખોરાક-શિકારની શોધમાં નીકળી પડે. રાત પડે ત્યારે ગુફામાં આવી સૂઈ જાય. આમ દિવસોના દિવસો પસાર થઈ ગયા.

એક દિવસની વાત છે. જંગલમાં એક સિંહ રહેતો હતો. સિંહ ઘરડો થયો હતો. અશક્ત હતો. તે ભૂખ્યો હતો. શિકારની શોધમાં અહીંતહીં ભટકતો હતો. સિંહ ફરતો ફરતો પેલી ગુફા આગળ આવ્યો. સિંહ થાક્યો હતો. કંટાળેલો હતો. તેણે ગુફામાં પેસી આરામ કરવા વિચાર્યું. સિંહે ગુફામાં પ્રવેશ કર્યો, ખુશ ખુશ થયો. સિંહને શિયાળની વાસ આવી. તેને ગુફામાં શિયાળના વસવાટની ખાત્રી થઈ. સિંહે શિયાળના પગલાં પણ જોયાં. સિંહે વિચાર્યું, 'બસ હવે ક્યાંય જવું નથી. સાંજ પડતાં

શિયાળ ગુફામાં આવશે. પછી તો તેને પકડી ફાડી ખાઈશ. સરસ મજાનું ભોજન મળશે.

સાંજ ઢળવા આવી. નિત્યક્રમ મુજબ શિયાળ રહેઠાણે-ગુફાએ આવ્યું. ગુફાથી દૂર તેણે ગુફા તરફ જતાં સિંહના પગલાં જોયાં. તે ચોંકી ઊઠ્યું, ગભરાઈ ગયું. હવે પાછું ભાગશ તો સિંહ પાછળ પડશે; પીછો કરી મારી નાંખશે.

શિયાળે બચવા યુક્તિ કરી. શિયાળ ગુફાથી દૂર ઊભું રહ્યું. બોલ્યું : 'ગૂંજતી ગુફા ! તું આજે કેમ બોલતી નથી, દરરોજ તું મને દૂરથી જ જોઈ કહેતી હતી કેમ છો શિયાળ ભાઈ ! આવો પધારો, હું ક્યારનીય તમારા આવવાની રાહ જોઉં છું. આવો પધારો.'

થોડીવાર શિયાળ ઊભું રહ્યું, પરંતુ કંઈ જવાબ મળ્યો નહિ. અંદર સિંહ બેઠો હતો. તેણે આ સાંભળ્યું. સિંહે મનોમન વિચાર્યું, 'આ શિયાળવાનો દરરોજનો ક્રમ છે, લાવ શિયાળને અંદર બોલાવું !

સિંહ બોલ્યો કેમ છો શિયાળ ભાઈ ! આવો પધારો. હું ક્યારનોય તમારા આવવાની રાહ જોઉં છું. આવો પધારો !

શિયાળ તો જાણતું હતું કે ગુફા બોલતી નથી, તેને સિંહની હાજરીની ખાત્રી કરવી હતી. તે પામી ગયું.

શિયાળ આ સાંભળી બોલી ઊઠ્યું, 'વાહ સિંહ રાજા ! પથ્થરની ગુફા તે કંઈ બોલતી હશે !'

આમ બોલી શિયાળ તો જાય ભાગ્યું, પાછળ ફરીને જુએ તે બીજા.

સિંહ રાજા ગુફામાં પડ્યા પડ્યા શિયાળની રાહ જોતા રહ્યા.

## ૨. માળો

વનવગડે મોરલે ટહૂકો દીધો

ટેહૂંક...ટેહૂંક...ટેહૂંક.

મોરનો ટહૂકો સાંભળી ઉનાળે બીજા પશુપક્ષી જાગી ઊઠ્યા.

કાબર, ચકલી, મેના, પોપટ બધાં વાતો કરવા લાગ્યાં. હવે આ ઉનાળો ચાલ્યો અને વર્ષાઋતુ આવશે.

મરઘો-કૂકડો સૂરજનો છડીદાર ગણાય છે.

કોયલ વસંત-ઋતુરાજનો છડીદાર ગણાય છે તેમ મોરલો વર્ષાઋતુનો છડીદાર ગણાય.

છડીદાર એટલે છડી પોકારનાર. પહેલાના વખતમાં રાજાઓ રાજ કરે. રાજા દરબાર ભરે. રાજા જ્યારે દરબારમાં આવવાના હોય ત્યારે તેમના આગમનની જાણ કરવા એક ખાસ માણસ આવે તે ભૂંગળ વગાડતો આવે, રાજાના ગુણગાન ગાતો આવે. આમ દરબારીઓ રાજાના સ્વાગત માટે તૈયાર થઈ જાય. આ માણસ તે છડીદાર કહેવાય. મોરલો વર્ષારાણીનો છડીદાર ગણાય.

મોરલાનો ટહૂકો સાંભળી વરખડાના ઝાડ ઉપર બેઠેલું સુઘરીદંપતિ અંદરો-અંદર વાત કરે છે.

અરે ! સાંભળ્યું, આ મોરલો ટહૂક્યો.

નરપક્ષી કહે, 'હા બાઈ હા, હવે વરસાદ આવશે.'

નારીપક્ષી કહે, 'તો આપણે રહીશું ક્યાં ?' બચ્ચાં થશે એને રાખીશું ક્યાં ? ઉછેરશું ક્યાં ?'

નરપક્ષી કહે, 'અરે ચિંતા ન કર. આવતી કાલથી જ કામે

લાગી જઈએ. તણખલા વીણી લાવીએ અને માળો ગૂંથીએ.

બીજે દિવસથી સુઘરી દંપતિ માળો ગૂંથવા લાગી ગયું.

આમ ઊડે તેમ ઊડે.
ખેતરે ખેતરે ભમે
ચાંચે સમાણું તરણું ને વેલો.
લાવીને સહુ એકઠું કરે
માળો ગૂંથીને બહુ રાજી થાયે.

આ સુઘરીપક્ષી અદ્ભૂત છે. એ અજબ-ગજબનું કારીગર છે. બધાં પક્ષીઓના માળા કરતાં તેના માળામાં ઘણી વિવિધતા હોય છે. મજાનો સુંદર માળો બનાવે છે. નીચેના ભાગેથી સાંકડો, એક નેળિયું હોય છે. ગોળ નળાકાર ઘાટ. પછી જેમ જેમ ઉપર જાઓ તેમ તેમ ગોળાઈ વધતી જાય છે. વળી પાછો ઉપર શંકુઘાટ થતાં થતાં નળાકાર થાય છે. મદારીના બીન જેવો ઘાટ હોય છે.

સુઘરીએ માળો રચવો શરૂ કર્યો.

'નહિ વાંસલો નહિ વીંધણું
નહિ કારીગર સુથાર,
અદ્ધર ગઢ ચણાવિયો,
ચતુર કરો તમે વિચાર !

આ ઉખાણામાં સાચું જ કહ્યું છે કે 'વાંસલા કે વીંધણા સિવાય આ ચતુરપક્ષી પોતે સુથાર ન હોવા છતાં પણ સુથાર જેવી કારીગરીથી પોતાનો માળો રચે છે. અદ્ધર ગઢ બનાવે છે.

સુઘરી શબ્દ - સુગૃહી ઉપરથી બન્યો છે. જેનો અર્થ થાય છે જેનું ઘર સારું છે તે.

સુઘરીના માળામાં-ઘરમાં પેલા નીચેના નેળિયા જેવા ભાગમાંથી પ્રવેશવાનું. ઉપર જતાં વચ્ચેના ભાગમાં બે-ત્રણ ખંડ આવે. તેમાં એક ખંડમાં સુઘરી રૂ જેવા પદાર્થો લાવી પોચી

પથારી બનાવે છે, અહીં તે ઈંડાં મૂકી બચ્ચાંને ઉછેરે છે. બાકીના ખંડોમાં બેસવા ઊઠવાનું. આવી મજાની યોજના હોય છે.

સુઘરી દંપતિએ માળો બાંધવા કમર કસી. ટાઢ તાપ માથે લીધો. સવારથી સાંજ સુધી તણખલાં લાવે અને માળો ગૂંથે જાય... બસ ગૂંથે જાય...

વરખડાના ઝાડની બાજુમાં એક ખખડધજ લીમડાનું ઝાડ હતું. ઝાડ ઘણું મોટું ઘટાદાર હતું. એ ઝાડ ઉપર એક મોરલો-ઢેલ રહે. ચોમાસાની ઋતુ આવવાની છે. વરસાદ વરસશે એ કલ્પનાએ પેલો મોરલો એની ઢેલ સાથે નાચે, કૂદે, કળા કરે અને આનંદ કરે.

મોરલો, માળો બાંધવા મચી પડેલા સુઘરી દંપતિને જોયા કરે. એક દિવસે મોરલાએ પેલી સુઘરીને કહ્યું :

'અરે, સુઘરીબહેન આમ શા માટે કરી અધમૂઆ થઈ જાઓ છો !'

'શા માટે ભાગા-ભાગ અને દોડા-દોડ કરો છો ?

જરા જંપીને બેસો તો ખરા !

આ તો તમેય જંપતા નથી, અને અમને પણ જંપીને રહેવા દેતા નથી.

સુઘરી કહે,

'અરે મોરભાઈ ! આ ઉનાળો તો કાલે પૂરો થઈ જશે અને વર્ષા આવી ઊભી રહેશે, વરસાદ પડશે ત્યારે શું કરીશું ?

વરસાદમાં કંઈ આશરો તો જોઈશે ને ! ઈંડા મૂકવા ઈંડા સેવવા, બચ્ચાં ઉછેરવાં, બચ્ચાંને રહેવા માટે માળો તો જોઈએ ને !

મોરભાઈ તો હસવા લાગ્યા.

'અરે, તમે તો મૂર્ખા છો મૂર્ખા !

જુઓ, અમે તો માળો-માળી કશુંય બાંધવાની ચિંતા કરતા

નથી. વાડનાં ધૂંગામાં ઈંડાં મૂકી આવીશું અને પછી લહેરથી ફરતા ફરીશું. આમ તમારી જેમ ચિંતા કરી નાહકના હેરાન થતાં નથી,

આમ કહી મોરભાઈ, સુઘરીબહેનને ચિડવવા જોરશોરથી ટેહૂક, ટેહૂક બોલવા લાગ્યા.

થૈ... થનાથન...થૈ...થૈ...થનાથન...થૈ નાચવા લાગ્યા.

સુઘરી દંપતિનું તો એક જ ધ્યેય. માળો ગૂંથવાનું. સતત કામ કર્યા કરે. જોતજોતામાં માળો ગૂંથાઈ ગયો. ઈંડા મૂક્યાં અને સેવવાનું પણ શરૂ કર્યું. થોડા દિવસમાં તો બચ્ચાં પણ બહાર આવ્યાં. આખું કુટુંબ આનંદથી માળમાં મહાલવા લાગ્યું.

આ બાજુ મોર દંપતિમાંથી ઢેલે ઈંડા મૂક્યાં ખેતરની વાડમાં... ના કંઈ માળો ગૂંથ્યો... ના કંઈ યોજના વિચારી અને મોરભાઈ બાપડા કરે પણ શું ? એમની કાયા જ એવડી મોટી છે કે માળામાં તો સમાઈ શકે પણ નહિ. મોરલાના ઈંડા એક સાપ જોઈ ગયો. મોર-ઢેલ જ્યારે બહાર ચણવા ગયા ત્યારે પેલો સાપ છાનોમાનો આવી મોરના ઈંડા ખાઈ ગયો. બંને દંપતિ આવી જુએ તો ઈંડાં મળે નહિ, બંને રડવા લાગ્યાં. માથુ કૂટવા લાગ્યા. સુઘરી દંપતિએ તેમને રડતા જોઈ કહ્યું, આશ્વાસન આપતાં કહ્યું, 'મોરભાઈ ! શાંત થાઓ, દુઃખી થશો નહિ, ઈશ્વર સૌ સારાં વાનાં કરશે, સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ તો જીવનની ઘટમાળ છે.

પ્રભુ ઈસુએ કહ્યું કે, 'જગતમાં તમને સંકટ છે, દુઃખ છે. પણ બીહો મા જગતને મેં જીવ્યું છે. આપણે સુખ અને દુઃખમાં પ્રભુને વિશ્વાસુ બનીને રહેવું જોઈએ.

દિવસો વિતતા ચાલ્યા. વર્ષાઋતુની શરૂઆત થઈ ચૂકી. ઘનઘોર વાદળો છવાઈ જાય અને વરસાદ વરસતો જાય. ક્યારેક કાટકા થાય, વીજળીના ચમકારા થાય, મૂશળધાર

વરસાદ તૂટી પડે.

એક દિવસની વાત છે ભાઈ !

દિવસ આથમતાં ઘનઘોર વાદળો છવાઈ ગયાં. સૂસવાટા મારતો પવન વાવા લાગ્યો. પવન ગાંડો બન્યો. ધૂળની આંધી ચડી. વીજળીના ચમકારા થવા લાગ્યા. વાદળોના ગડગડાટ સાથે બારેમેઘ ખાંગા થઈ વહી રહ્યાં. સુઘરીબહેન તો વરખડાના ઝાડની ડાળે ટીંગાડેલા પોતાના નાનકડાં માળામાં બચ્ચાંને લઈ ઈશ્વરસ્તુતિના ગીતો ગાવાં લાગ્યાં.

'આપણી ચોગમનાં શુભ દાનો, આકાશેથી આવે છે; તેથી પાડ પ્રભુનો માનો, કારણ કે તે પ્રીતિ છે.

**ખેતરને તૈયાર કરીને વાવીએ બહુ આશાએ**
**દેવ પ્રભુ તે ઉગાવે છે પાણી પણ પ્રેમ પાએ...**
**....આપણી**

**શિયાળે શીતળતા આપે, ઉનાળેથી તપાવે છે.**
**ચોમાસામાં મેહ વરસાવી, વાવેતરને ખીલવે છે....આપણી**

**આ દુનિયાનાં સઘળાં વાના તેજોમય તારા નભના,**
**ખેતરનાં સુંદર ફૂલવૃક્ષો એ છે કામો પ્રભુનાં**
**....આપણી**

*(ભજનસંગ્રહ-૪૬૪)*

આ બાજુ મોરભાઈ-ઢેલડબેની તો પેલાં લીમડાંના ઝાડમાં એક ડાળ ઉપર ચડીબેસી ગયાં. વરસાદની હેલી ચડી, સતત વરસાદ વરસવો ચાલુ રહ્યો.

એક દિવસ... બીજો દિવસ....

ન તો સૂર્ય દેખાય કે ન તો તારા-ચંદ્ર દેખાય. ખખડધજ વૃક્ષો ધડાધડ પડવાં લાગ્યાં. વનવગડે સોપો પડ્યો, બધાં પશુ પક્ષી ગભરાઈ ગયાં. સૌ ઈશ્વરનું સ્તવન કરવા લાગ્યાં.

## ૩. સારસી

ભમ્...ભમ્...ભમ્...ભયમ્...ભમ્...ભમ્...'

છમક...છમક...છમ્.......

હે...ભાઈઓ તમને નાતાલની પ્રેમી...સલામ....!

હે...બહેનો તમને નાતાલની પ્રેમી...સલામ....!

હે...બાળો તમને નાતાલની પ્રેમી...સલામ....!

આશીષ રે...પ્રભુ તમોને આપશે....(૨)

દોસ્તો, કેમ છો ? નાતાલ...રુમઝુમ કરતી આવી ગઈ ખરું ને !

આ પત્ર તમને મળશે ત્યારે તો તમે નાતાલની ઉજવણીમાં ગરકાવ થયા હશો !

નાતાલ એટલે આનંદ-ઉલ્લાસનું પર્વ... બસ મજા...મજા... અને મજા... નાતાલ એટલે પ્રકાશનું પર્વ...

'અંધારામાં વસતા લોકોએ દીઠો એક પ્રકાશ.

મરણની છાયામાં ચાલનારા લોકોએ જોયું એક નવું પ્રભાત !

વાહ...ભાઈ...વાહ ! નાતાલ આવે તે પહેલાં તો કવાયરવાળા ઘરે ઘરે વાજિંત્રો લઈ ગીતો ગાતા ગાતા શુભ વધામણી કહે. મિત્રો ! અત્યારે તો કેટલાંક ગામો અને શહેરોનાં પ્રભુમંદિરોમાં ઈલેક્ટ્રોનિક વાજિંત્રોથી સુસજ્જ કવાયરો છે.

પરંતુ આજથી પચ્ચીસ-ત્રીસ વર્ષ પહેલાં તો ગામે ગામે, શહેરે...શહેરે આપણાં સમાજમાં ભજનમંડળીઓ હતી. એમાં બહુ વાજિંત્રો ન હતાં. એક હાર્મોનિયમ, એક જોડ નરઘાં, ઢોલક, કાંસીજોડાં અને કરતાલ હોય, એક ભાઈ ખભે હાર્મોનિયમ લટકાવે. બીજા ભાઈ પેટ આગળ-કમરે ધોતિયાંથી નરઘાં બાંધે. બસ ગાયન ટોળી નીકળી પડે. ગાયનટોળીમાં જુવાનિયા હોય, વૃદ્ધો હોય, ટાઢે થર...થર...કાંપતા કામળો કે ચાદર-ચોરસા ઓઢેલાં તમારાં જેવાં ટાબરિયાંઓ ધીંગામસ્તી કરતા છીંકો ખાતા ફરતા ફરે. સાથે અંધારામાં પ્રકાશ પાથરતી પેટ્રોમેક્ષ બત્તી (હરિકેન) હોય. જેમાં શિયાળાના ઠંડા પવનના સપાટા આવે કે મોટાં ભડકા ઊઠે. પછી રમઝટ ચાલે ગીતોની. ગીતો પણ કેવાં ? ખૂબ ભાવવાહી. લાંબા રાગે લહેકાથી ગવાતાં રહે. એક પૂરું થયું ના હોય ત્યાં તો બીજું ઉપાડે.

'જન્મ્યો આજ જગ તારનાર

બેથલેહેમ નમ્ર ગભાણ... એક બે કાંસિજોડાંની જોડ ભાંગી જાય એવી રમઝટ જામે.

ક્યારેક... તાનમાં આવી જાય તો વાજિંત્રવાળાઓ નીચે બેસી જાય અને ચોમેર જવાનિયા-છોકરા-છોકરીઓ ગરબે ઘૂમવા લાગે, વળી કોઈ ઉત્સાહી જુવાનિયો તાંબાનો ઘડૂલો લઈ નાચવા લાગે. ચલતીમાં (નરઘાં વગાડવાની એક રીત) ગવાતો ગરબો, તાલ સાથે હૈયાના ભાવથી માનવ મહેરામણને રસ તરબોળ કરી મૂકે. મનનો મોરલો ઝળકી ઊઠે... અહા... દોસ્તો... આજે પણ એ ગીતો...ગરબા કાનમાં ગૂંજે છે.

આજે તો એવું નિર્દોષ હૃદયસ્પર્શી વાતાવરણ જામતું નથી. કોણ જાણે પેલી સાહજિક રીતે ઉદ્ભવતી મજા ક્યાંક ખોવાઈ ગઈ હોય તેવું લાગે છે !

દોસ્તો !

તમને થશે... કે... આજ મામાની ગાડી આડે પાટે ચઢી ગઈ... ખરું ને ! ચાલો સીધે પાટે લાવી દઈએ.

તમને ગમે વાર્તા સાંભળવી, તો અમને ગમે વાર્તા કહેવી...

અરે, ભાઈલા ! વાત તો બહુ મજાની છે.

એક હતું નાનકડું ગામ... એ...ગામનું નામ હતું...મુક્તિપુર. શું તમને વાત કહું !... ગામના પાદરમાં એક મોટું તળાવ...તળાવની ફરતે મોટાં, મોટાં તોતીંગ વડલાના ઝાડ. ઝાડે, ઝાડે લાંબી લાંબી વડવાઈઓ પવનના હિંચોળે ઝોલાં ખાય. માત્ર વડલાના જ ઝાડ નહિ પરંતુ પારસ પીપળાના. આંબલી, લીમડાંના; ઝાડનાં ઝુંડેઝુંડ. આ તળાવની વચ્ચે બેટ આવેલો. બેટ ઉપર પાર વગરના કાંટાળાં ઝાડી-ઝાંખરાં... બેટ અવાવારુ હતો. બેટ ઉપર માત્ર એક સારસપક્ષીનું જોડું રહે. ખાસ કરીને ચોમાસામાં જ આ પક્ષી-કુટુંબ બેટ ઉપર જોવા મળે.

ચોમાસામાં ગામની આજુબાજુના ખેતરોમાં ખેડૂતો ડાંગર વાવે. ક્યારડાઓની કાળી ભમ્મર જમીનમાં નદી-નાળાં તળાવનું પાણી લાંબા સમય સુધી ભરાઈ રહે. પેલું સારસ-સારસીનું જોડું આ ક્યારડે ક્યારડે ફરતું ફરે. નાની નાની માછલી-લીલ-જીવજંતુ ખાય, સુખેથી દિવસો ઉપર દિવસ

પસાર કરે. જ્યારે ડાંગર પાકે ક્યારડાઓમાંથી ડાંગર સૂકાઈ જાય...વઢાઈ...એને ઝુડી ખેડૂતો ઘર ભેગી કરે ત્યારે આ સારસ સારસીનું જોડું બેટ છોડી કોણ જાણે કોઈક અજાણ્યા પ્રદેશમાં ચાલ્યું જાય.

બાળદોસ્તો ! તમે જાણતાં હશો... ઘણાં પક્ષીઓ મુસાફર હોય છે. તેઓ કોઈ એક સ્થળે–પ્રદેશ દેશમાં સ્થાઈ રહેતા નથી. ઋતુ ઋતુ પ્રમાણે સ્થળ–પ્રદેશ બદલતા રહે છે. તમે જેને ખુબ સારી રીતે ઓળખો છો તે કોયલ આવું મુસાફર પક્ષી છે. આપણા ગુજરાતમાં વસંતઋતુ (ઉનાળામાં) જ આ પક્ષી જોવા મળે છે. જગપ્રસિદ્ધ હેમિંગ્વે આજ જાતનું પક્ષી છે. સારસ પણ આજ જાતનું પક્ષી છે. આ બધાની વાતો, વિવિધતા માહિતી જાણવા જેવી છે. ફરી કોઈવાર જોઈશું.

પેલા સારસ પક્ષીના જોડાને જોઈ ગામ લોકો રાજીના રેડ થઈ જાય. એની સફેદ પાંખો અને લાલ રંગની ડોક બગલાથી વધુ ઊંચાઈ. ઊડે અને ટહૂકા કરે ત્યારે તો ખેતરમાં કામ કરતા ખેડૂતો ઘડીભર કામ પડતું મૂકીને તેને જોઈ રહે ખુશ થાય.

મુક્તિપુરા ગામમાં એક યોનાથાન નામે જુવાનિયો રહે. તેના માતાપિતાએ તેના લગ્ન કરેલાં અને ત્યાર બાદ માતાપિતા તો મૃત્યુ પામ્યા. યોનાથાનને સારી એવી ખેતીલાયક જમીન હતી. શરૂઆતમાં યોનાથાન ખુબ મહેનત મજૂરી કરતો અને ડાંગર સારી પકવતો. સુખી હતો. પરંતુ તેને ખરાબ મિત્રોની સોબત થઈ. ધીમે ધીમે દારૂ-જુગારની લંતે ચડી ગયો, અને તેમાં વળી બે વર્ષ વરસાદ ઓછો પડ્યો એટલે ખેતરમાં કંઈ

પાક્યું નહિ. યોનાથાનને દેવું થયું. ખેતરો ગીરે મૂક્યાં દારૂ-જુગારની લત કોઠે પડી હતી. પરિસ્થિતિ બગડતી ચાલી. પત્ની તો બિચારી સાવ ભલી ભોળી સંસ્કારી હતી. તે ઘણું સમજાવે મનાવે પણ યોનાથાન હવે આદતથી મજબૂર હતો. શરૂઆતમાં તો નિયમિત પ્રભુમંદિરમાં જતો. પણ હવે તે શેતાની વાનામાં ફસાતો ગયો. રાતોની રાતો દારૂડિયા-જુગારીઓની મહેફિલમાં પડ્યો રહે. પત્નીને મારઝુડ કરવા લાગ્યો. તેઓ નિઃસંતાન હતાં. યોનાથાનના આવા વર્તનથી ત્રાસી પત્ની તેના પિયર ચાલી ગઈ. જમીનજાગીર ગીરે મૂકાયું. યોનાથાન રસ્તે રઝળતો માનવી બની ગયો. યોનાથાનની પાસે એક બંદૂક હતી. તે અચ્છો શિકારી હતો, જબરો નિશાનબાજ, તેના દાદા પણ શિકારી હતા. મુક્તિપુરાની આજુબાજુની સીમમાં ઘોડો લઈ ફરે. રોઝનો શિકાર કરે. આમ પેલી બંદૂક તેને વારસામાં મળી હતી.

એક દિવસ યોનાથાન દારૂના નશામાં અર્ધ બેભાન સ્થિતિમાં ખેતરના શેડે સૂતો હતો. ત્યાં તેણે પેલા સારસ-સારસીના જોડાનો અવાજ સાંભળ્યો. તેણે ક્યારડામાં સારસ-સારસીનું આ સુંદર જોડું જોયું. એના મનમાં શેતાની વિચાર આવ્યો અહો... કેવો મજાનો શિકાર છે. આ પક્ષીનું માંસ ખાવા મળે તો આનંદ આનંદ થઈ જાય. તે તેના ઘરે ગયો. જઈ બંદૂક લઈ આવ્યો. સારસને શોધતાં શોધતાં ખેતરે ખેતરે ફરવા લાગ્યો ત્યાં તેની નજરે સારસનું જોડું પડ્યું. બંદૂક તાકી નિશાન લગાવ્યું. ઘોડો દબાવ્યો ધૂમ... અવાજ થતાં જ સનન કરતી બંદૂકની ગોળી છૂટી. બંને પક્ષીમાંથી નર-સારસ વીંધાયું. તરફડિયા મારતું સારસ પક્ષી નીચે પડ્યું. લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું. સારસ નિશ્ચેતન થઈ પડ્યું. પેલી સારસી સારસ પાસે ઊભી ઊભી

ચીસો પાડવા લાગી. પોતાના સારસની ડોકની સાથે પોતાની ડોક ઘસતાં રડવા લાગી. કલ્પાંત કરવા લાગી. યોનાથાન બંદૂક લઈ આવી પહોંચ્યો. જોયું તો નીચે સારસ પાંખો ફેલાવી પડ્યું છે. તેની ધોળી રૂની પૂણી જેવી પાંખો લાલચોળ થઈ છે. બાજુમાં જ સારસી ઊભી છે. સારસી માથું પછાડે છે. તેની આંખમાંથી આંસુ ટપકતાં રહે છે. યોનાથાન ચમકે છે તેનો નશો ઊતરી જાય છે. કલ્પાંત કરતી સારસી માથું પછાડી રહી હતી. સારસીના માથામાંથી લોહીની ટશરો ફૂટતી યોનાથાન જુએ છે.

આ કરુણ દૃશ્ય જોઈ યોનાથાન ચમકે છે. તેનો નશો ઊતરી જાય છે. ત્યાં તો તેના ભીતરમાંથી અવાજ સંભળાય છે.

યોનાથાન તેં આ શું કર્યું ? તારા સુખના માટે આ ભલાં ભોળાં પંખીઓની જોડી તોડી નાંખી. જો સારસી કેવી તડપે છે. તું કદાચ એકાદ વખત આ સારસનું સ્વાદિષ્ટ માંસ જમીશ, આનંદ કરીશ. પરંતુ પછી શું ?

યોનાથાન–યોનાથાન તે પાપ કર્યું છે. હા પાપ કર્યું છે.

યોનાથાન બેબાકળો બની ગયો. સારસી પોતે માથું પછાડી લોહીલુહાણ થઈ સારસ ઉપર જ પાંખો ફેલાવી ઢળી પડી. તેની અધમીંચેલી આંખ જાણે કહેતી હતી યોનાથાન ! યોનાથાન અમારા જોડાથી જો તારી ભૂખ ભાંગતી હોય તો લઈ જા તારા ઘરે. આનંદ કર કોઈના આનંદને લૂંટીને તું આનંદ ભોગવ. યોનાથાનને પણ પોતાની તરછોડાયેલી પત્ની યાદ આવી. તેની સાચી સ્થિતિનું ભાન થયું. યોનાથાને ખેતરમાં ઊંડો ખાડો ખોદ્યો અને ત્યાં સારસ સારસીનાં મૃતદેહને દફનાવ્યો. અને એક વડલાના ઝાડની ડાળી લાવી રોપી. આજે વર્ષો થયાં તે વડલાનું

ઝાડ પેલા સારસ-સારસીના જોડાની કથા કહેતું. યોનાથાનના હૃદય પરિવર્તનની કથા કહેતું ઊભું છે. યોનાથાને બંદૂક તળાવમાં ફેંકી દીધી પત્નીની સાથે સમાધાન કરી સુખેથી રહેવા લાગ્યો છે. હવે પ્રભુમંદિરમાં નિયમિત આવે છે. અને સન્ડેસ્કૂલમાં પણ સેવા આપે છે.

બાળદોસ્તો ! સારસના મૃત્યુથી સારસી બેબાકળી બની ઊઠી તેણે પોતાનો જીવ આપી દીધો.

આજે ખ્રિસ્ત જયંતી છે. હા ! આનંદ અને ઉલ્લાસનું પર્વ છે. બાળરાજા ઈસુ નમ્ર ગભાણે જન્મ્યો છે. 'રાજાઓનો રાજા અને સૃષ્ટિનો સૃજનાર.'

સ્વર્ગી ગૌરવ મૂકી લીધો માનવનો અવતાર. દેવકુંવર આવ્યો છે શા માટે ? તમારા અને મારા—આપણા પાપોને કાજે તે વધસ્તંભ ઉપર બલિદાન દેવાને ! જરા વિચારો આપણે કેવા છીએ ? પ્રભુઈસુને આપણા જીવનોનું સમર્પણ કર્યું છે ખરું ? કે પછી હજી શેતાની વાનામાં જ રચ્યાપચ્યા રહ્યા છીએ ? ગભાણમાં જન્મેલા ત્રાતા ઈસુને ગભાણમાં જ રહેવા નહિ દઈએ. હૈયામાં તેને વાસ આપીએ. પ્રભુને તમારા હૈયામાં વાસ આપવો છે? હા તો તમારું હૃદય. ચોખ્ખું, શુદ્ધ, નિર્મળ છે ખરું ? જે શુદ્ધ પવિત્ર નિષ્કલંક છે તે પ્રભુ ઈસુને માટે તમારું શરીર જે દેવનું મંદિર છે તે પવિત્ર છે ખરું ? વિચારજો... નાતાલ ઉજવો આનંદથી, ખૂબ આનંદથી પરંતુ દેવના હલવાનને ભૂલશો મા. પ્રભુ તમને જીવનનું સમર્પણ કરવા શક્તિ આપે બળબુદ્ધિ જ્ઞાનવાળું હૃદય આપે તેવી નાતાલના પર્વે મારી તમને અને તમારા કુટુંબને માટે પ્રાર્થના છે.

## ૪. પાદરી સુંદરલાલ

આપણા ગુજરાત રાજ્યની સરહદે આવેલું રાજ્ય-રાજસ્થાન. રાજસ્થાનનું એક આગવું સૌંદર્ય છે.

રાજસ્થાનની વાત કરીએ એટલે આપણને જોધપુર, બિકાનેર, અજમેર યાદ આવે.

ઓ...હો...જોધપુરનું નામ દીધું એટલે પાદરી સુંદરલાલ યાદ આવે જ.

જોધપુરના ઘરે ઘરે આ પાદરી સુંદરલાલની વાત થાય. આમ તો આ ખ્રિસ્તી ધર્મગુરુ, પરંતુ જોધપુરના ટાંગાવાળા-ઘોડાગાડીવાળાથી માંડી શહેરના મોટા મારવાડી શેઠિયાઓ પણ પાદરી સુંદરલાલને ઓળખે. ભલો ભોળો, નિખાલસ, પારકાના દુઃખે દુઃખી અને પારકાના સુખે સુખી થવામાં માનનારો આ પાદરી, જોધપુર શહેરમાં રહે.

તમે જોધપુર શહેરના સ્ટેશને ઉતરો એટલે રજપૂતયુગમાં થઈ ગયેલા રાજા જોધપુર નરેશનું મોટું પૂતળું જુઓ. પૂરેપૂરા ઘોડાના કદનું મોટું પૂતળું અને તેની ઉપર જોધપુર નરેશ. એ...ય કમરે તલવાર બાંધી હાથમાં ભાલો રાખી માથે કેસરિયાળો સાફો બાંધી બેઠેલા જોવા મળે.

આ પૂતળાની જમણી બાજુએ જે રોડ શરૂ થાય તેને રેજિડેન્સી રોડ કહે છે. આ રોડ બરાબર રેલ્વેલાઈનને સમાંતર જાય છે. રેલ્વે સ્ટેશનથી લગભગ એકાદ માઈલ ચાલીએ એટલે એક ભવ્ય દેવળ આવે છે.

રાજસ્થાનમાં પહાડો ઘણાં છે. એટલે અહીંના મકાનોમાં

ઈંટોને બદલે પથ્થરોના, ઈંટો જેવા ટુકડા કરી ઉપયોગમાં લેવામાં આવે છે. આ ભવ્ય દેવળ આવી લાલ પથ્થરની ઈંટોથી ચણેલું છે. દરવાજા બારીઓ અને ઉપરની છતના ભાગમાં લાલ ભૂરા મોટા પથ્થરમાંથી કંડારાયેલું આ પ્રભુમંદિર એક આગવી શોભા ધરાવે છે.

આ પ્રભુમંદિરની બાજુમાં જ બેઠા ઘાટનું એક ઘર છે. તે પણ પથ્થરોનું બાંધેલું છે. એની છત પણ મોટી મોટી પથ્થરની પાટોથી બનાવેલી છે. આ ઘરની બાંધણીમાં એક ખાસિયત છે, જેટલા ઓરડા ઉપર છે તેટલા જ ઓરડા નીચે ભોંયરામાં છે. રાજસ્થાનનું વાતાવરણ એવું છે. અહીં મોટેભાગે દિવસે જેટલી ગરમી પડે તેટલી રાત્રે ઠંડી પણ જોરદાર પડે, એટલે દિવસની ગરમીથી બચવા લોકો પેલાં ભોંયરાના ઓરડાઓ ઉપયોગમાં લેતા હોય છે. ત્રણ ચાર ઓરડાના ઘરમાં પાદરી સુંદરલાલ રહે.

પાદરી સુંદરલાલને સૌ કોઈ ઓળખે તેનું મુખ્ય કારણ એ હતું કે આ પાદરી સુંદરલાલ એક સારા વૈદ્ય હતા.

સવારના પહોરમાં ન્હાઈ ધોઈ પાદરી સુંદરલાલ સામે આવેલા પ્રભુમંદિરમાં જાય અને ત્યાં જઈ બાઈબલ વાંચે, ઘૂંટણિયે પડી પ્રાર્થના કરે અને પછી દેવળની સામે એક લાંબી પરસાળ, તેમાં આવી બેસી જાય. સામે એક પેટી હોય અને ગાદી તકિયા ઉપર પાદરી બેસે. આજુબાજુ નાની મોટી શીશીઓમાં દવા ભરેલી હોય તો વળી મોટા ડબ્બામાં જાતજાતની દવાના બાંધેલા પડીકા હોય.

પાદરીના ગાદી તકિયાની બાજુમાં એક મોટું નાળિયેરની છાલ ભરેલું ગાદલું અને તેની ઉપર એક સફેદ ચાદર નાખેલી

હોય. જે કોઈ દર્દી આવે તે ઉપર બેસે. પાદરી સુંદરલાલ દર્દીનો હાથ કાંડાથી પકડે, નાડી પારખે, આંખો મીંચી પાંચ-સાત મિનીટ નાડી જોઈ રહે અને પછી દર્દીને પોતે જ કહેવા માંડે... એના દર્દની વિગત જાતે કહે.

આમ તો ડોકટરો દર્દીને પૂછે કે તમને શું શું થાય છે? પરંતુ આ પાદરી વૈદ્યરાજ તો દર્દીની નાડી પકડી પોતે જ દર્દની વાત કહેવા માંડે એટલે દર્દી અને સાથે આવનાર માણસ તો અચંબો પામી જાય. પાદરી સુંદરલાલ ખુબ સારા દેશીવૈદ્ય હતા. ઘણાં હઠીલા દર્દો જે મોટા મોટા ડોક્ટરો મટાડી ન શકે તે આ પાદરી સુંદરલાલ મટાડી દે.

આખાય જોધપુર શહેર અને તેની આજુબાજુના ગામડામાંથી આ પાદરી સુંદરલાલ પાસે લોકો આવે. કોઈક કહેતું ભાઈ આ ભલાભોળા વૈદ્યરાજને તો ઈસુ ભગવાનનો આશીર્વાદ મળ્યો છે એટલે એ નાડી પકડે કે તરત જ દર્દીને રાહત મળે છે.

પાદરી સુંદરલાલ રાજસ્થાની લોકબોલી મારવાડીમાં લોકો જોડે પ્રેમથી વાત કરતા જાય અને દવાના પડીકાં, ઉકાળા વગેરે આપતાં જાય અને જોડે જોડે પ્રભુઈસુની વાત પણ કહેતા જાય. બાજુમાં સુવાર્તાની નાની નાની પુસ્તિકાઓ રાખે. જો કોઈ ભણેલો દર્દી આવે તો દવાના પડીકાં સાથે સુવાર્તાના એક-બે ચોપાનિયા પણ આપે જ. અને કહે જાઓ, પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ રાખજો એ તમને મટાડશે.

દર્દી ગમે તે ધર્મનો હોય કે જાતિનો હોય તે પાદરી જુએ નહિ. પાદરી બધાને સમાન રીતે જ દવા કરે. માલદાર હોય કે ગરીબ બધા એકસરખા. ઘણી વખત તો મોટા મોટા મારવાડી શેઠ-શેઠાણી પણ વૈદ્યરાજ પાસે આવે તો તે પણ પેલાં ભલાં

ભોળાં ગરીબ મારવાડી લોકોની જોડે જ લાઈનમાં બેસે. સવારના આઠ વાગ્યાથી આ દવાખાનું શરૂ થાય તે લગભગ બપોરના બે અઢી વાગ્યા સુધી ચાલે અને વળી પાછું સાંજના ચાર વાગતાં શરૂ થાય તે રાત્રે આઠ વાગે પૂરું થાય. છતાંય દર્દીઓને નિરાશ થવું પડે, ક્યારેક તો દર્દીઓ દેવળની પરસાળમાં પણ પથારી કરી ઊંઘી જાય. દર્દી પાસેથી કોઈ ફી લેવામાં આવે નહિ, મફત દવાખાનું ચાલે, વૈદ્યરાજની બેઠકની સામે લાકડાની એક પેટી રાખેલી તેમાં જેને જેટલા પૈસા નાખવા હોય તેટલા નાખે. પણ લોકો આ વૈદ્યરાજથી એટલા પ્રભાવિત થયેલા કે જે કંઈ પોતા પાસે હોય તે અચૂક નાખે જ. વળી ઘણા દર્દીઓ પથારી કરી રહ્યા હોય તેમના માટે બપોર-સાંજે જમવાનું પણ આપવામાં આવે અને તે પણ મફત જ હા, ભલા ભલા હઠીલા દર્દો આ વૈદ્યરાજની પડીકીઓથી મટી જાય એટલે મારવાડી શેઠિયાઓ દાંન પણ પુષ્કળ આપે. કોઈ કોઈ શેઠિયાઓ તો પાદરી સુંદરલાલને પગે પડે અને મોટી રકમ દાનમાં આપે એ બધામાં સદાવ્રત પણ ચાલે, આમ આ પાદરી સુંદરલાલ બહુ લોકપ્રિય બનેલા.

આ પાદરી સુંદરલાલ વિશે લોકો જાતજાતની વાતો કરે કોઈ કહે આ પાદરી તો ખુદાના બંદા છે. કોઈ કહે આ તો ઓલિયા પીર છે. ગામડાના ભલાં ભોળાં ગરીબ મારવાડી લોકો એમને મન તો આ પાદરી સુંદરલાલ દેવ જેવા ગણાતા.

આ પાદરી સુંદરલાલ વિશે એક મજાની વાત બહુ લોક પ્રચલિત છે.

એમ કહેવાય છે કે પાદરી સુંદરલાલ પ્રભુ ઈસુના પરમ ભક્ત છે. પ્રભુ તેમની પ્રાર્થના સાંભળે છે.

એક દિવસ પાદરી સુંદરલાલ બાડમેર જિલ્લામાં એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. આ જિલ્લાના ગામડાઓની ધરતી એટલે નર્યો રણપ્રદેશ જ. ગામડાં પણ ખૂબ છૂટાં છવાયાં... અને નાનકડાં. માત્ર પંદર વીસ ઘરની વસ્તી જોવા મળે. આવાં ગામોમાં પાદરી સુંદરલાલ કોઈ દુઃખી ગરીબ દર્દીની સારવાર કરવા કે સુવાર્તાપ્રચાર કરવા રવિવારે કે બીજા તહેવારોમાં નીકળી પડે. આમ પાદરી સુંદરલાલ નરી રેતાળ ભૂમિમાં ચાલ્યા જતા હતા. લાંબો કાળા રંગનો ઝભ્ભો પહેરેલો, કમરબંધ એટલે કમરે દોરડું ફૂમતાવાળું બાંધેલું, હાથમાં લાકડી અને ગળામાં કાળાદોરાથી બાંધેલો ક્રોસ અને ચાલ્યા જાય.

આ રણપ્રદેશમાં ઘણીવાર મોટા મોટા વંટોળિયા આવે, ધૂળની ડમરી ચડે, વંટોળિયામાં એક જગ્યાએ ખાડો પડે તો દૂર દૂર બીજી જગ્યાએ પવન, રેતી વહી જાય અને મોટો રેતીનો ઢગલો કરી દે.

વૈદરાજ સુંદરલાલ પાદરી ચાલ્યા જતા હતા ત્યાં રસ્તામાં ભૂલા પડ્યા. દિવસ આથમી ગયો. રાત અંધારી જામતી ગઈ. પાદરી સુંદરલાલ તો રસ્તો ભૂલ્યા. ચકરાવે ચડી ગયા. કંઈ દીશા સૂઝે નહિ. મનમાં પ્રભુની પ્રાર્થના કરતા કરતા આમતેમ રણમાં અટવાતા કૂટાતા ફરે. ત્યાં અંધારામાં કશું દેખાય નહિ. ઉંમરને કારણે ચશ્મા પણ પહેરેલાં, છતાં કંઈ દેખાય નહિ. સૂસવાટા મારતો પવન વાય. રેતી જોરથી શરીરને અથડાય અને ઠંડી પણ લાગે. આવે સમયે પાદરી સુંદરલાલ એક મોટા ખાડામાં પડ્યા. લગભગ વીસ-પચ્ચીસ ફૂટ ઊંડા ખાડામાં પડ્યા અને એક રાત અને એક દિવસ એ ખાડામાં પડી રહ્યા. કારણ રેતાળ પ્રદેશમાં લોકોની અવરજવર પણ બહુ ઓછી હોય, પરંતુ આ

પાદરી સુંદરલાલ તો એ ખાડામાં પડ્યા પડ્યા પ્રભુનું કીર્તન કર્યા કરે. ક્યારેક ગીતો ગાય, તો ક્યારેક ઘૂંટણિયે પડી પ્રાર્થના કરે. જેમ ઘરમાં આનંદથી રહે તેમ જ રહે.

ત્રીજા દિવસે ઊંટો અને ઘેટાંબકરાં ચરાવતાં ભરવાડો ત્યાં રહી નીકળ્યા અને ખાડામાં આ પ્રભુભક્તને જોયો. દોરડું નાખી પાદરી સુંદરલાલને બહાર કાઢ્યા. તેમના નેસમાં લઈ ગયા. સારી રીતે તેમની સારવાર કરી અને પછી ઊંટ ઉપર બેસાડી તેમના મૂળ ઘરે મૂકી ગયા હતા.

પાદરી સુંદરલાલે પોતે દેવળમાં આ પ્રસંગની વાત તેમના સંદેશામાં જણાવી હતી. તે દિવસે આ પાદરી બહુ ભાવવિભોર બન્યા હતા અને રડતાં રડતાં પ્રભુનો સંદેશો આપતાં કહ્યું હતું કે, 'શેતાને મારું પરિક્ષણ કરવા જ મને ખાડામાં નાખ્યો હતો. પરંતુ ઈશ્વરપિતા ઉપરના મારા વિશ્વાસ અને પ્રાર્થનાના બળે હું ટકી રહ્યો અને પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી નિર્જન રણવગડે મારા માટે માગીઓ જેવા ભલા ભરવાડો મોકલી આપ્યા.

બાળમિત્રો !

થોડાં વર્ષો પહેલાં હું જોધપુર ગયો હતો ત્યારે આ એંશી-નેવું જેટલાં વર્ષો વટાવી ચૂકેલ વૈદ્ય પાદરી સુંદરલાલને મળ્યો હતો. તે દિવસ નવાવર્ષનો હતો એટલું મને યાદ છે. આજે પાદરી સુંદરલાલ નથી, પરંતુ તેમની યાદ અનેક ગરીબ મારવાડી લોકોના હૃદયમાં છે.

તમારાં થોડાંક સારાં કામો, લોકોને ઉપયોગી બનવાની ભાવના બીજા માણસોના હૃદયને સ્પર્શે છે. પાદરી સુંદરલાલ દ્વારા પ્રભુનો સંદેશો અનેક જાતિના ગરીબ, પછાત, અભણ ભલાંભોળાં મારવાડી ગામડિયા લોકોમાં પહોંચ્યો.

## ૫. સોનેરી કાચબો

એક હતો રાજા. રાજા ઘણો ધાર્મિક, ભલો હતો. રાજાને મહાલયો, મંદિરો, વાવ, તળાવ, કૂવા બંધાવવાનો ખુબ શોખ હતો. જેવો સ્થાપત્યો બાંધવાનો શોખ હતો તેવો જ શોખ શિકાર કરવાનો પણ હતો. એક વખત રાજા જંગલમાં શિકાર કરવા ગયો હતો. ત્યાં તેણે જંગલની ઝાડીમાં એક મહાકાય કાચબો જોયો. રાજાએ અનુચરોને હુકમ કર્યો, 'આ કાચબાને ઉપાડીં મહેલમાં લઈ ચાલો.' જળચર પ્રાણીઓમાં કાચબો સૌથી વધુ જીવે છે. કેટલાક કાચબા તો સો વર્ષથી પણ વધારે જીવતા જણાયા છે. કાચબો માત્ર પાણીમાં જ રહે છે તેવું નથી. ભૂમિતલ (જમીન ઉપર રહેનારા) કાચબા પણ હોય છે. કાચબાનું ઉપરનું પડ-ચામડી ઘણી કઠણ હોય છે મગરની જેમ. આ ચામડી ઉપર તલવારના ઘા પડે તો પણ ચિરાઈ નહિ. તેથી જુના જમાનામાં રાજા, મહારાજાઓ, સિપાઈઓ યુદ્ધસમયે રક્ષણ મેળવવા તેનો ઉપયોગ કરતા. ઢાલ તરીકે તેનો ઉપયોગ જાણીતો છે. કાચબાના ઉપલા કવચ ઉપર ગોળ-ગોળ ચકરડાં હોય છે. આ ચકરડાં ઉપરથી કાચબાની ઉંમર જાણી શકાય છે. આમ તો કાચબો નાનાં નાનાં જળચર જીવજંતુ-માછલીઓ ખાય. લીલ, શેવાળ જેવી પાણીમાં થતી વનસ્પતિ પણ ખાય છે. પરંતુ પાળેલા કાચબા કોબીજ, કાકડી-ફલાવર, મૂળા જેવી શાકભાજી પણ ખાય છે. આ તો કાચબા વિશે આડવાત થઈ. મૂળ વાત ઉપર

આવીએ. રાજાએ તો કાચબાને મહેલના બગીચામાં છૂટો મૂક્યો, તેની દેખરેખ રાખવા એક ખાસ માણસને પણ નીમ્યો. કાચબાનું ખુબ સારી રીતે લાલનપોષણ થવા લાગ્યું, પરંતુ કાચબાને તો મહેલના બગીચામાં જરાય ફાવે નહિ. જંગલનો મહાકાય કાચબો બગીચામાં ખુબ સહાયબી-જાહોજલાલી વચ્ચે પણ દુઃખી દુઃખી રહે. તેને તો સ્વતંત્ર, જંગલમાં ફરવું ગમે. ગમે તેવો પણ રાજાનો બગીચો તો બંધિયાર જ ગણાયને ! ધીમે ધીમે કાચબાભાઈ શોષાતા ગયા. દુઃખના માર્યા બેચેન રહે. ખાય પીવે પણ નહિ. આમ થતાં કાચબાભાઈ માંદા પડ્યા અને છેવટે મરણને શરણ થયા.

રાજાએ કાચબાના મૃત્યુની વાત જાણી. રાજા પણ દુઃખી થયો. તેણે કાચબાની યાદગીરીમાં એક ભવ્ય મંદિર બંધાવ્યું અને તેમાં સોનાના ઢોળવાળી એક મહાકાય કાચબાની મૂર્તિ ઘડાવી પધરાવી.

આ વાત ચોતરફ ફેલાઈ ગઈ. ગામે ગામથી લોકો ઉમટી પડ્યા. ભવ્ય મહાલય જેવા મંદિરને જોવા. લોકો કાચબાની સુંદર પ્રતિમાને જુએ, અચરજ પામે, વખાણ કરે અને તેની પૂજા કરે. જોતજોતામાં લોકો કીડીયારાની જેમ મંદિરમાં ઊભરાવાં લાગ્યાં. આ બધું જોઈ રાજાએ આ મંદિર માટે એક વિદ્વાન-ખ્યાતનામ હોય તેવા પંડિતને પૂજારી તરીકે નીમવા વિચાર્યું. રાજાએ અનુચરોને બોલાવ્યા અને કહ્યું, ‘આપણાં રાજ્યમાંથી સારામાં સારા વિદ્વાન હોય તેવા બાહોશ પંડિતને શોધી લાવો. મારે નવા બંધાયેલા મંદિરમાં તેમને રાજ્યના ખર્ચે પૂજારી તરીકે

નિમવા છે.' અનુચરો પૂજારીની શોધમાં નીકળી પડ્યા. ગામેગામ, દેશે-દેશ ફરવા લાગ્યા. ત્યાં સગડ મળ્યા કે રાજ્યના છેડે આવેલા પહાડી પ્રદેશની તળેટીમાં નદી કિનારે એક પંડિત રહે છે. તે ખુબ વિદ્વાન છે, ધાર્મિક છે, ભલા છે, એકલપંડી છે. તેમને જો મળી વિનંતી કરવામાં આવે તો તે આ પૂજારીની ફરજ બજાવે. અનુચરો તો પેલા પંડિતની ઝુંપડીએ ગયા. હજી તો સૂરજના રતૂમડાં કિરણો પહાડની પાછળની બાજુથી વરસી રહ્યાં હતાં. નદીના ખળખળ જળ વહી રહ્યાં હતા. કિનારા પરના વૃક્ષો અને વેલિયો ઝુમી ઝુમી નદીને જાણે ભેટવા મથામણ કરતાં હોય તેમ હાલમડોલમ થતાં હતાં. એક મોટી શિલા-પથ્થર ઉપર પેલા પંડિતજી બેઠા બેઠા કંઈક નદીમાં ફેંકી રહ્યા હતા. તેમના બંને પગ નદીના ખળખળ વહેતા જળમાં ઝબોળાયેલા હતા. પગની આજુબાજુ જાતજાતની અને ભાતભાતની માછલીઓ તરવર તરવર ફરતી હતી. તો નાના-મોટાં કાચબા અને કરચલા આમતેમ ઘૂમી રહ્યા હતા. પંડિતજી તેમને એક ધ્યાનથી જોતા હતાં. તેમના મુખ ઉપર અનેરા આનંદની આભા પ્રગટી રહી હતી. અનુચરોએ જઈ હાથ જોડી પેલા પંડિતને કહ્યું, 'પંડિતજી, આપ મહાનુભવને રાજાજી યાદ કરે છે. રાજાજીએ ભવ્ય મંદિર બંધાવ્યું છે અને તેમાં મહાકાય કાચબાની સોનેમઢેલી મૂર્તિ પધરાવી છે. આપ પધારો અને મંદિરના પૂજારી બનો !'

આ સાંભળી નદીમાં તરવરતી માછલીઓને ખાણ નાખતાં નાખતાં પંડિતજીએ કહ્યું, તમારા રાજાજીને જઈ કહો કે, 'મને નિર્જીવ કાચબાની મૂર્તિની પૂજાવિધિ કરી ધન કમાવવામાં,

નામના મેળવવામાં રસ નથી. મને તો આ પ્રકૃતિની સાથે ગેલ કરતી જીવતી માછલીઓ, કાચબા-કરચલાં જેવાં જળચર જીવોને ખવડાવવા-પીવડાવવામાં, તેમને જોવામાં રસ છે.' માફ કરશો 'હું જીવતાંઓની પૂજા કરવામાં આનંદ માણું છું મરેલાંની મૂર્તિઓની નહિ.'

અનુચરો નિરાશ થઈ રાજા પાસે ગયા. રાજાને સંદેશો કહ્યો. રાજા પણ શાણો અને સમજુ હતો. તે પંડિતજીના કહેવાનો અર્થ શાનમાં સમજી ગયો અને તેણે પોતાના રાજ્યમાં આવેલાં જંગલોને અભ્યારણ જાહેર કર્યાં. એટલે જંગલોમાંથી પ્રાણીઓનો શિકાર થઈ શકે નહિ, વૃક્ષોનો નાશ થઈ શકે નહિ. જે કોઈ નાશ કરે તેને રાજ્ય તરફથી શિક્ષા થાય.

બાળમિત્રો !

આપણો પ્રભુ, તો જીવંત પ્રભુ છે. યોહાન ૧૪;૧૮માં કહે છે, 'હું જીવું છું, માટે તમે પણ જીવશો.' આપણે જીવતા દેવની આરાધના કરવાની છે. તે હાજરાહજૂર આપણો મદદગાર, સર્વ જરૂરિયાત પૂરી પાડનાર દેવ છે.



## ૬. માફી

એક નાનકડું ગામ હતું. ગામનું નામ સુખીપુરા. ગામડાંના લોકો તેને સુખીપરુ કહે. આ તો માત્ર ખ્રિસ્તી લોકોનું જ નાનકડું ગામ. ગામમાં પેસતાં જ ભાગોળમાં એક તોતીંગ વડલાનું ઝાડ. તેની બાજુમાં ઢોરને પાણી પીવાનો હવાડો અને એક ઊંચી પાણીની ટાંકી. આ ટાંકીની વચ્ચે રહી ગામમાં જવાનો રસ્તો. જે આ ગામને બે ભાગમાં વહેંચે-જમણી તરફના ભાગમાં સહેજ ઊંચાણવાળી જગ્યા આવેલી છે ત્યાં એક ઊભી ઘરોની હાર છે. બધાં એક સરખાં જ દેશી નળિયાંવાળાં જૂના પુરાણા માટીના ઘરો છે; તેમાં એક ઘર જુદું તરી આવે છે. તેનું આંગણું ઘણું સ્વચ્છ રહે છે. બારણે લીમડાનું તોતીંગ ઝાડ છે અને સામે જ દેશી મેંદી વાવેલી છે. તેમાં નાનકડો બાગ છે જેમાં હજારીગલ, તગડી, બારમાસી, ચંપો, ગુલાબના સુંદર ફૂલો ખીલેલાં છે.

ઉનાળાના દિવસો છે. ઢળતી સાંજનો સમય છે. લાકડાની સૂતરની દોરી-વહાણ ભરેલી એક નાનકડી ખાટલી ઉપર એક વૃદ્ધ દાદા બેઠા છે. લાંબી ધોળી-રૂની પૂણી જેવી ભરાવદાર મૂછો, માથે ટાલ. સફેદ ખમીસ અને ધોતિયું પહેરેલું છે. આંખે ચશ્મા છે અને બેઠા બેઠા ચોપડી વાંચે છે. તેમની બાજુમાં દાદાની વ્હાલસોયી લાકડી પડી છે.

દાદા ચોપડી વાંચવામાં મશગૂલ છે. ત્યાં તેમનો પૌત્ર-(દીકરાનો દીકરો) નામ એનું શમુએલ છે. તે રડતો રડતો આંખો ચોળતો આવે છે. દાદાને ફરિયાદ કરે છે,

'દાદા, દાદા, પેલા પિત્તરે મને માર્યો.'

આમ તો આ પિત્તર અને શમુ દરરોજ સાથે રમે અને સાથે જ પરાંની પ્રાથમિક શાળામાં ધોરણ ચોથામાં ભણે એટલે બંને મિત્રો પણ ખરા !

દાદા કહે ભાઈ શમુ ! બોલ શી વાતનો ઝઘડો થયો. અલ્યા તમે તો મિત્રો છો અને ઝઘડી પડ્યા.

શમુ કહે નહિ દાદા. બસ, તમારી લાકડી આપો. હું એવાં એને આજે સીધો કરી નાખું છું એ એના મનમાં સમજે છે શું !'

અંચઈ કરી મારી બધી લખોટીઓ લઈ ગયો અને પાછો મને પથરો મારી જતો રહ્યો. દાદા બસ લાકડી લાવો, આમ કહી દાદા પાસે પડેલી લાકડી લીધી અને ભાઈ તો જ્યાં મારવા જાય છે ત્યાં દાદાએ કહ્યું.

અરે ઊભો રહે, હું જ તારી સાથે આવું છું. શાંતિ રાખ, તારે પિત્તરને મારવો જ છે ને ! હા દાદા ! એને એવો મારો કે ફરી અંચઈ કરવાનું ભૂલી જાય. દાદા એના બા-બાપુ પણ એને લડતા નથી. અરે દાદા એમને પણ ગાંઠતો નથી. નિશાળમાં પણ બધાને બહુ હેરાન કરે છે. હોં, મારું પણ કશું માનતો નથી.

દાદા કહે ! આપણે તેને એવો મારીએ કે ખો ભૂલી જાય. જિંદગીભર એ બીજાને રંજાડતો ભુલી જાય તેવું કરીએ.

શમુ કહે – હા દાદા, ચાલો જલ્દી.

દાદા લાકડી લઈ નાનકડા શમુને આંગળીએ વળગાડી ચાલ્યા. બીજા ફળિયામાં પિત્તરનું ઘર હતું, ત્યાં ગયા અને બોલ્યા,

'અરે ક્યાં ગયો પિત્તર ! પિત્તર બેટા બહાર આવ જોઈએ.

પિત્તર ઘરમાંથી બહાર આવ્યો. 'અરે ભાઈલા તમે તો મિત્રો છો, અને આમ શું કામ લડી પડ્યા.'

પિત્તરની પણ વાત સાંભળી.

શમુ કહે નહિ દાદા એ તો જૂઠ્ઠો છે-લૂચ્ચો છે એને મારો... બસ મારો...!

શમુ ગુસ્સામાં ને ગુસ્સામાં બોલે જતો હતો.

ત્યાં તો દાદાએ કહ્યું, આપણે તેને ખૂબ મારીએ ઊભો રહે. શાંત થા બેટા.

આપણે એવો મારીએ કે તે ખો ભૂલી જાય.

દાદાએ પિત્તરને કહ્યું, જો બેટા કાલે તારે મારે ઘેર જમવા આવવાનું છે. તારે અને શમુએ બંનેએ સાથે જમવાનું છે. શમુ તો દાદાના મુખ સામે જોતો રહ્યો.

બસ દાદા તો શમુને લઈ ઘરે પાછા આવ્યા. બીજે દિવસે ઘરે શીરો બનાવી બંને મિત્રોને સાથે જમાડ્યા.

જમતાં જમતાં પિત્તર છોભીલો પડ્યો. તે પૂરું ખાઈ શક્યો પણ નહિ. તેની આંખ ભીની થઈ. તેણે કરેલા ખરાબ આચરણ માટે તેને પસ્તાવો થયો. તેણે શમુની માફી માગી અને તેણે તેની બધી લખોટીઓ પાછી આપી. બંનેની દોસ્તી વધુ મજબૂત બની.

દાદાએ શમુને ***'અવેરથી જ વેર શમે, ન શમે વેર-વેરથી'*** એ વાત સમજાવી.

વૃદ્ધ દાદા એ તો નિવૃત્ત પાળક હતા અને તેમણે પોતાના પૌત્ર-શમુને આ રીતે બીજાને માફ કરવાનું શીખવાડ્યું.

મિત્રો, વેર-ઝેર દૂર કરી આપણી સાથે જે અપકાર કરે તેને પણ આપણે માફ કરતાં શીખીએ.

આપણે તો ખ્રિસ્તી બાળકો છીએ. પવિત્રશાસ્ત્રમાં સુંદર મજાની એક પ્રસંગકથા છે જે ખુબ પ્રખ્યાત છે.

ગુજરાતી ભાષાના એક પ્રખ્યાત કવિ—નિરંજન ભગતે એ કથા વિશે સુંદર કાવ્ય લખ્યું છે.

*પથ્થર થર થર ધ્રુજે*
*પથ્થર થર થર ધ્રુજે*
*કોણ પથ્થરની મૂક વેદના બૂઝે....*
*એક ગામની ભાગોળે*
*લોક થયા તા ભેળા......પથ્થર થર.*

બાળદોસ્તો ! આ કાવ્ય અડધું જ લખું છું. તમે પવિત્ર શાસ્ત્ર ખોલો... અને આને લગતી પ્રસંગકથા શોધી કાઢજો.

*(યોહાન ૮ : ૧ થી ૧૧)*

ઈશ્વરપિતા આપણને એકબીજાનાં દોષો માફ કરતાં શીખવે. આમીન.



## ૭. વાંદરી અને તેનું બચ્ચું

દોસ્તો ! બાળસાહિત્યમાં અનેકવિધ વાર્તાઓ છે, મોટો ખજાનો છે. આપણે ત્યાં અકબર બાદશાહ અને બિરબલની વાર્તાઓ ઘણી જાણીતી છે. આજે એવી જ એક વાર્તા તમને લખું છું.

અકબર બાદશાહ દરબાર ભરીને બેઠો છે. એક તરફ તેના હજુરિયાઓ એવા નોકર-ચાકરોનો કાફલો ઊભો છે. તો સામે મખમલની જાજમ ઉપર તેના સેનાપતિઓ પ્રધાનો-નવરત્નો-વિદ્વાનો-શ્રેષ્ઠીઓ-મહાજનો-ધર્મપુરુષો-ઓલિયાઓ બધા બેઠા છે. ત્યાં ચર્ચા ચાલી રહી છે. કોનો પ્રેમ ચઢિયાતો ?

મોટા ભાગના વિદ્વાનો બોલી ઊઠ્યા કે, 'માતાનો પ્રેમ ચઢિયાતો છે. અકબર બાદશાહ વાદવિવાદમાંથી છતું થયેલું વિધાન સ્વીકારી લઈ મલકાય છે. ત્યાં તેની નજર બિરબલ ઉપર પડે છે. બાદશાહ જોઈ શક્યો કે બિરબલ કંઈ નારાજ થયો છે એટલે તેણે બિરબલને સંબોધી કહ્યું.

'કેમ બિરબલ તું બોલતો નથી ! તારું શું માનવું છે ? કેમ માતાનો પ્રેમ ચઢિયાતો નથી હોતો ?' બિરબલે કહ્યું, જહાંપનાહ હું મુંઝવણ અનુભવી રહ્યો છું. થોડા દિવસ વિચાર કરવા દો પછી મારો મત જાહેર કરીશ.

બાદશાહે કહ્યું—સારું પંદર વીસ દિવસ પછી તારો મત જાહેર કરવો પડશે.

બધા દરબારીઓ ચતુર બિરબલ શું કહે છે ? તે જાણવા

આતુર હતા. ત્યાં અકબર બાદશાહના આ હુકમથી ચિંતા કરવા લાગ્યા. જો બિરબલ કોઈ જવાબ નહિ આપે અને બાદશાહ ગુસ્સે થશે તો ?....

એક દિવસ, બે દિવસ એમ દિવસો પસાર થઈ ગયા. વાત વિસરાઈ ગઈ.

એક દિવસ બિરબલે પોતાના નાનકડા મહેલમાં અકબર બાદશાહને અને થોડાક પ્રધાન મિત્રોને મિજબાની માટે (દાવત) આમંત્રણ આપ્યું.

બિરબલના ઘરના આંગણે એક ગોળ પાણીનો હોજ બનાવ્યો છે તેની ચારેબાજુ મોભ્મા પ્રમાણે આસનો ગોઠવાયાં છે. પધારેલા બધાં આમંત્રિતો એક બીજાને હળે મળે છે વાતો કરે છે ત્યાં ખુદ અકબર બાદશાહ પધારે છે. બાદશાહને છાજે તેવા આસન ઉપર બાદશાહ બિરાજે કે તરત જ બધાં પોતપોતાને સ્થાને બિરાજે છે. ત્યાં ઘરમાંથી બિરબલ એક વાંદરી અને તેના બચ્ચાંને લઈ બધાની વચ્ચે આવે છે. બધા નવાઈ પામે છે કે આ બિરબલ આજ શું ખેલ કરવાનો છે ?

ત્યાં બિરબલે અકબર બાદશાહને સંબોધીને કહ્યું, જહાંપનાહ ખુદાવિંદ આ સેવક ઉપર મહેર કરો.

આ હું જે તમાશો કરું છું તે આપ ધ્યાનથી જુઓ.

તેણે પેલા ખાલી હોજમાં હોજની કિનારીથી થોડે ઊંડે સુધી એક થાંભલી રોપી હતી તેની ટોચ ઉપર થોડીક જગ્યા બેસાય તેવી રાખી હતી.

બિરબલે પેલી વાંદરીને બચ્ચા સાથે પેલા ખાલી હોજમાં ઉતારી અને અગાઉથી કરેલી વ્યવસ્થા મુજબ ધીમેધીમે હોજમાં

પાણી દાખલ કર્યું.

જેમજેમ પાણી ભરાતું ગયું તેમ તેમ પેલી વાંદરી તેના બચ્ચાં સાથે જીવ બચાવવા થાંભલી ઉપર ચડવા લાગી. પાણી ધીમેધીમે વધારવામાં આવ્યું. વાંદરી બચ્ચાંને લઈ હોજની અંદર રહેલી થાંભલીની ટોચ ઉપર બેસી ગઈ. હોજમાં વધુ પાણી દાખલ કરવામાં આવ્યું. હવે વાંદરીએ બચ્ચાંને છાતીએ વીંટાળ્યું. વધુ પાણી આવતાં વાંદરીએ બચ્ચાંને ખભે બેસાડ્યું જેમજેમ પાણીની સપાટી વધતી ગઈ તેમતેમ વાંદરીએ પોતે અને પોતાના બચ્ચાંને બચાવવા કોશિશ કરી.

પણ છેલ્લો તબક્કો આવ્યો; હવે વાંદરીને પાણીથી બચવાનો કોઈ આરો રહ્યો નહિ એટલે વાંદરીએ શું કર્યું ?... બચ્ચાંને માથે લઈ લીધું પરંતુ જ્યાં પોતાને ડૂબવાનો-મરવાનો વખત આવ્યો ત્યારે એકદમ બચ્ચાને થાંભલી ઉપર મૂકી દઈ ખુદ પોતે જ બચ્ચા ઉપર બેસી ગઈ. પોતાની જાતને બચાવવા માટે તેને પાણીમાં ડૂબવા દીધું.

બિરબલે અકબર બાદશાહને કહ્યું. જહાંપનાહ જોયું ને !

જ્યારે વાંદરીને પોતાની જાત ઉપર ખતરો પેદા થયેલો લાગ્યો ત્યારે બચ્ચાંને પણ તરછોડ્યું, જહાંપનાહ ! આ ઉપરથી આપ સમજી શકશો કે બીજા બધા કરતાં પોતાની જાત કેટલી વહાલી હોય છે, દરેકને પોતાનો જીવ કેટલો વહાલો હોય છે તે આપ જોઈ શક્યા હશો !

મિત્રો ! આ વાર્તા વાંચી, હવે અટકી જાઓ... તમે નાતાલ , નવું વર્ષ પણ ઉજવ્યું. હવે વિચારો પ્રભુઈસુ ખ્રિસ્ત,

પોતે દેવપુત્ર હોવા છતાં તમારે અને મારે સારું આ પૃથ્વી ઉપર માનવીરૂપે અવતર્યા અને છેલ્લે આપણા પાપોને સારું આપણને પાપમાંથી મુક્તિ મળે, અનંતજીવન મળે તે માટે તેમણે પોતાની જાતને પણ અળગી રાખી નહિ. વહાલી ગણી નહિ. તે તો વધસ્તંભે જડાયો, મરાયો, દટાયો અને ત્રીજે દિવસે મૂએલાંમાંથી ઊઠ્યો... આજે આપણે સારું મધ્યસ્થી કરે છે. કેવી અદ્ભૂત વાત છે.

આ નવા વર્ષમાં આપણે પ્રભુના માર્ગમાં ચાલવાનો મનસૂબો કરીએ....

પ્રભુ આપણને તેના માર્ગમાં દોરે, ધરી રાખે. આપણે આ વાક્યો યાદ રાખીએ.

'કેમ કે આપણે તેની કૃતિ છીએ. અને કરણીઓ કરવાને, ખ્રિસ્ત ઈસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે તે વિષે દેવે અગાઉથી એમ ઠરાવ્યું કે, આપણે તે પ્રમાણે ચાલીએ. (એફેસી ૨:૧૦)



## ૮. અગડો-બગડો

એક નાનકડું ગામ—પરામાં એક બાજુ પ્રભુ ઈસુના વધસ્તંભ આકારનું દેવળ હતું. દેવળની દક્ષિણ દિશા તરફ કૂવો હતો અને ઉત્તર દિશા તરફ મિશનની જૂની પ્રાથમિક શાળા. પશ્ચિમ દિશા તરફ ઘરોની હારમાળા આવેલી. દેવળની સામે જ પાળક સાહેબનું ઘર અને ત્યાં એક લીમડાનું તોતીંગ ઝાડ. આજુબાજુ ઘણાં બધાં લીમડાંના નાના મોટા ઝાડો હતાં. તેમાં વળી પીપળ-આંબલી-કણઝીના ઝાડ પણ ખરા. સાંજ પડે એટલે ગામ આખાના જુવાનિયા-ટાબરિયાં ત્યાં ઝાડના ચોતરે ભેગા થાય અને ગામ ગપાટા ચાલે. ક્યારેક આંબલી-પીપળી-ગીલીદંડાની રમત પણ રમાય તો નાની-નાની બહેનડીઓ-બાલિકાઓ કૂદાકૂદ કરતી દરિયો રમે, પાંચિકા રમે, ચોપાટ રમે, સાતતાલી રમે કે દોરડાં કૂદે. તો વળી મોટેરાંઓ પણ આવી ડાયરો જમાવે. મોંમાં ખાટી-મીઠી ગોળી આખી ચગળીએ તેમ વૃદ્ધો પણ ભૂતકાળની વાતોને વાગોળે. અરે ભાઈ, આ બધામાં વળી પેલાં કાબર-મેના, પોપટ-ચકલાં કાગડો, હોલા ઝાલ્યા ઝલાય ખરા. તેઓ પણ કલરવ કરી આખાય ગામના વાતાવરણને ભર્યુંભાદર્યું બનાવી દે.

આ લીમડાંની સામે એક સૂતરના વહાણે ભરેલો ખાટલો અને તેમાં એક દાદા બેઠેલા. લગભગ સિત્તેર-એંશી વર્ષની ઉંમર વટાવી ચૂકેલા—આ વૃદ્ધ દાદાની ભરાવદાર સફેદ મૂછો અને ચળકતી માથાની ટાલ-સફેદ ધોતી અને અડધી બાંયના ઝભ્ભામાં

શોભતું એમનું ખખડી ગયેલું શરીર. તમને લાગે કે દાદા પવનના એકાદ જબરા ઝોલાથી હમણાં ઢળી પડશે. પણ દાદા ઘણા મક્કમ મનના. એમની મૂછોને જોઈ મને તો એક કવિતા યાદ આવી ગઈ.

*'બડી લંબીરે મારા દાદાની મૂછ*
*દાદાની મૂછ, જાણે બિલાડીની પૂંછ.*
*બડી લંબીરે મારા દાદાની મૂછ.*
*દાદાજી સૂતા મખમલને ઢોલિયે*
*હળવે રહી ખેંચી મેં તો દાદાજીની મૂછ*
*બડી લંબી રે મારા દાદાની મૂછ.'*

અરે દોસ્તો ! થોભો; આ દાદાજી બહુ ભલાભોળા હતા. તેમની આજુબાજુ પાંચ-છ ટાબરિયાં-છોકરાં બેઠેલાં અને દાદાજી વાર્તા કહે તે પેલાં ટાબરિયાં ધ્યાનથી સાંભળે.

મને પણ મજા આવી. દાદાની પાછળ ઊભા રહી વાર્તા સાંભળી.

એક હતો અગડો અને બીજો હતો બગડો. બંને જિગરી દોસ્ત.

એક દિવસ અગડો અને બગડો બંને ભેગા થયા. અગડો કહે બગડા ! 'ચાલ મારી સાથે આવવું છે ? બગડો કહે ક્યાં જઈશું ?

અરે દોસ્ત, પેલા કુંભારિયામાં. ત્યાં એક પશા પટેલની વાડી છે. અરે, તેમાં એટલાં સરસ મજાના જામફળ-ચીકુ છે કે કંઈ ન પૂછો વાત ? ચાલ ખાવા જઈશું.

અગડા સાથે બગડો જામફળ ખાવા ચાલી નીકળ્યો.

બગડો ઘણો સારો-સદ્‌ગુણી હતો. તેના માતાપિતા પણ ઘણાં સારા સ્વભાવના ધાર્મિક હતા. તેમના કુટુંબમાં નિયમિત

સાંજ-સવાર પ્રાર્થના થાય. પવિત્રશાસ્ત્રનું વાચન થાય. અગડો અને બગડો મિત્ર ખરા પરંતુ બંનેના સ્વભાવમાં ફેર હતો. બગડો નિયમિત સન્ડેસ્કૂલમાં પણ જતો હતો. તેને તો સરસ મજાના ગીતો પણ આવડે. સારીસારી ધાર્મિક વાર્તાઓ પણ આવડે. જયારે અગડાભાઈ તોફાની-મસ્તીખોર, સ્વતંત્ર મિજાજના. માતાપિતાની સાથે વાત-વાતમાં રિસાય, ગુસ્સો પણ કરે ખરા.

બંને મિત્રો ચાલ્યા, પશા પટેલના ખેતરમાં. ખેતર નજીક આવ્યું એટલે બગડાભાઈ બોલ્યો, અરે અગડા ! આપણે જામફળ ખાવા જઈએ છીએ પરંતુ તેં ખેતરમાં પેસવાની પશા પટેલની પરવાનગી લીધી છે ખરી ?

અગડો કહે—અલ્યા બગડા ! તારું મગજ ઠેકાણે છે કે નહિ ? રજા તે વળી લેવાની હોતી હશે ? અને લેવા જઈએ તો કોઈ આપે પણ ખરું ! રજા વગર જ છાનામાના ઘૂસી જવાનું; મેં વાડીમાં પેસવાનો રસ્તો જોયો છે. તું ચિંતા કરતો નહિ !'

બગડો કહે, 'ભાઈ ! તું તારે જા. મારે નથી આવવું. કોઈની રજા વિના વાડીમાં છાનામાના પેસી જામફળ-ચીકુ ખાઈએ તે તો ચોરી કહેવાય.'

અને પ્રભુ ઈસુએ જે દસ આજ્ઞાઓ આપી છે તે યાદ કર.

'ચારી કરવી નહિ.'

અગડો કહે, 'બગડા ! તે તો ખાલી વાતો છે તું તારે ચાલને ! તું વાડીમાં આવી એક બાજુ ઊભો રહેજે. હું જામફળ-ચીંકુ તોડી લાવીશ પછી આપણે અડધા ભાગે વહેંચી લઈશું.'

બગડાની બહુ ઈચ્છા ન હતી છતાં બગડો અગડાની પાછળ દોરવાયો.

છૂપા રસ્તે થઈ બંને વાડીમાં દાખલ થયા. અગડાભાઈ તો વારાફરતી જામફળી અને ચીકુડી ઉપર ચડ્યા. ફળો તોડ્યાં આંબાના ઝાડ નીચે ઊભેલા બગડાને આપ્યા અને કહે, તું અહીં જ બેસજે હું બીજા લઈ આવું. અગડાને લોભ લાગ્યો. તે તો ગયો ફરી વાડીના છેક અંદરના ભાગમાં, ત્યાં તો બગડાભાઈ ચમક્યા. કોઈએ બગડાને પાછળથી આવી બાથમાં જકડી લીધો. બગડો છૂટવા ફાંફાં મારે પણ છૂટાય જ નહિ. તેણે બૂમાબૂમ કરી મૂકી. બચાવો ! બચાવો ! પણ ત્યાં તેની બૂમો કોણ સાંભળે ? અગડો તો ક્યારનોય બીજા રસ્તેથી ભાગી છૂટ્યો હતો. પશા પટેલે ખુદ આવી બગડાને બાથમાં ભીડવ્યો હતો.

પશા પટેલે તેને ચોરી કરતાં ઝડપી મારવા લીધો.

બગડાએ આજીજી કરતાં ઘણું કહ્યું કે, 'મને તો અગડો ભોળવીને લઈ આવ્યો હતો. પણ પશા પટેલ માને તેવા થોડા હતા.

પશા પટેલે કહ્યું, આ જામફળ-ચીકુ તો તારી પાસે છે ને તું જ સાચો ચોર છે.

બગડાને સારો એવો મેથીપાક મળ્યો હતો. છેવટે બગડાભાઈએ માફી માગી.

પશા પટેલે તેને માંડ માંડ છોડ્યો. બગડાએ અગડાની મિત્રતા છોડી દીધી. તેના માબાપે આ વાત જાણી તેને ઘણો ઠપકો આપ્યો અને શિખામણ આપી.

બગડાને કહ્યું, 'જો, તું તો પ્રભુ ઈસુનું નાનકડું ઘેટડું છું. તારે પ્રભુ ઈસુના વાડામાં જ રહેવાનું છે. પ્રભુ ઈસુ તારી સઘળી જરૂરિયાતો પૂરી પાડવાને શક્તિમાન છે. તેનામાં વિશ્વાસ રાખજે. આમ કહી દાદાજીએ વાર્તા પૂરી કરી.

# ૯. નોળવેલ

વનવગડામાં ખેતર.

ખેતરમાં ઉંદરોના ઝાઝેરા દર.

પાક લેવાઈ ગયો હશે. રડ્યાખડ્યાં બાજરીના ખાંપા અને અહીંતહીં ઠૂંઠા વેરાયેલા પડ્યા છે. ચૂં...ચૂં...કરતાં ઉંદરો બાજરી ખાય છે. મજા પડી છે. આખાય ખેતરમાં ઉંદરોની દોડાદોડ અને ધમાચકડી મચી છે. જ્યાં જુઓ ત્યાં ઉંદર જ ઉંદર...

ઉંદરો બાજરીની ઉજાણી કરે છે. ત્યાં તો એક ઉંદરે દોટ દીધી. ઉંદરે બૂમ પાડી...ઓ બાપ રે... સાપ... અલ્યા ભાગો... ભાગો... દોડો... રે દોડો... સાપ આવ્યો... આમ આખાય ખેતરમાં સાપ આવ્યાના સમાચાર ફેલાય ગયા. દોડાદોડ કરતાં ઉંદરો પોતપોતાના દરમાં ભરાઈ ગયા. નાસભાગ બંધ થઈ. શોરબકોરની જગ્યાએ સર્વત્ર શાંતિ ફેલાઈ ગઈ.

વાત એમ હતી કે ખેતરમાં એક ભોરિંગ સાપ રહેતો હતો. તે આ ઉંદરોને અને તેના બચ્ચાંને ખાઈ જતો હતો. સાપ ખાસ્સો લાંબો અને જાડો... દરરોજ ચાર-પાંચ ઉંદરો ખાય જાય એટલે બરાબર તગડો બનેલો. સાપની બૂમ પડે કે ઉંદરો દરમાં ભરાઈ જાય. નાનાં ઉંદરડાં તો ઉંદરડીની સોડમાં લપાઈ છૂપાઈ જાય... થર થર ધ્રુજવા લાગે. ધીમે ધીમે ખેતરમાંથી ઉંદરોની વસતિ ઘટતી જાય. એક દિવસ સાપની ગેરહાજરીમાં બધા ઉંદરો ભેગા મળ્યા. સાપના ત્રાસમાંથી બચવા ઉપાય શોધવા, સાપને મારી નાખવા જ. જાતજાતના વિચાર કરવા લાગ્યા, તૂક્કા લડાવવા

લાગ્યા. પણ સાપની સામે જવા અને તેને મારવા કોઈનામાંશક્તિ હતી નહિ. ઉંદરો કરે પણ શું ? ત્યાં એક ઘરડા ઉંદરે કહ્યું...'જુઓ, આપણે તો આ સાપને મારી શકવાના નથી. પરંતુ જો તમે બધા મને કહો તો બાજુના ખેતરમાં એક નોળિયો રહે છે. નોળિયો મારો જૂનો મિત્ર છે. હું તેને બોલાવી લાવું. નોળિયો બહાદુર છે. તે જરૂર સાપને મારી નાખશે.' બધા ઉંદરોને ઘરડા ઉંદરની વાત ગમી ગઈ. બધા એકી સાથે બોલી ઊઠ્યા : 'વાહ ભાઈ વાહ... સાપ મરે એથી રુડું શું ? અબઘડી જાઓ અને નોળિયાને બોલાવી લાવો આ સાપના ત્રાસમાંથી બચાવો. જો સાપ મરશે નહિ તો આ ખેતરમાં એક પણ ઉંદર રહેશે નહિ. આપણે બધા સાપના મોંમાં હોમાઈ જઈશું.'

બીજા દિવસે પેલો ઘરડો ઉંદર તો ચૂં ચૂ... કરતો ઉપડ્યો...નજીકના ખેતરમાં ગયો. સદ્ભાગ્યે નોળિયો એક આંબાના થડ આગળ જ પેલા ઉંદરને મળી ગયો. બંને મિત્રો ભેગા મળ્યા. સુખ દુઃખની વાતો કરી. ઘરડા ઉંદરે નોળિયાને સાપ વિશેની બધી વાત કહી...અને વિનંતી કરી કે, 'મિત્ર, તું તો બહાદુર છે. જોરાવર છે...તું સાપને મારી શકે છે તો અમને મદદ કર. સાપના ત્રાસમાંથી છોડાવ' નોળિયો સાપને મારવા તૈયાર થયો. પેલા ઘરડા ઉંદરને કહે, ભલે ત્યારે હું કાલે તમારા ખેંતરે આવીશ. ઘરડો ઉંદર પોતાના ખેતરે પાછો ફર્યો. ઉંદરોને નોળિયાની વાત કહી. પોતાનો મિત્ર ખૂબ બહાદુર છે અને હવે આવતી કાલે આવી સાપને જરૂર મારી નાખશે. ઉંદરો ખુશ થયા. બીજા દિવસે નોળિયો તો પેલા ઉંદરવાળા ખેતરમાં આવ્યો અને એક પીલવાના ઝાડના થડની બખોલમાં છૂપાઈ ગયો. સાપની બહાર નીકળવાની રાહ જોવા લાગ્યો. ત્યાં તો ઉંદરની બૂમ સંભળાઈ, 'ભાગો રે, ભાગો સાપ આવ્યો !' બસ

પછી તો પૂછવું જ શું; બૂમ સાંભળી ના સાંભળી અને નોળિયો તો બહાર નીકળ્યો. અને ઉંદરોને ખાવા દોડતા સાપને ઝડપી લીધો. બરાબર પકડ્યો. પણ સાપ કંઈ જાય એવો થોડો હતો. લડાઈ શરૂ થઈ. સાપે દાવ જોઈ ફેણ માંડી...ફૂંફાડા મારવા લાગ્યો. નોળિયાના શરીરે અડધો વીંટળાઈ વળ્યો અને નોળિયાને મારવા લાગ્યો. સામે નોળિયો પણ બહાદુર હતો એ પણ સાપને મોંથી બચકાં ભરવા લાગ્યો. બંને લડવા લાગ્યા.

ઘડીકમાં નોળિયો સાપને પછાડે અને સાપ નોળિયાને ! પરંતુ થોડીવાર થાય અને સાપને પછાડી નોળિયો પેલી વાડમાં જતો રહે... અને વળી પાછો આવે... સાપને પકડે બંને લડે, સાપ નોળિયાને ફેણ મારે... અને નોળિયો સાપને મોંથી કરડે... નોળિયો લોહીવાળું મોઢું લઈ ભાગે વાડમાં ત્યાં જાય અને પાછો આવે... આમ સાપ-નોળિયાનું યુદ્ધ કલાક જેવું ચાલ્યું. છેવટે સાપ લોહીલૂહાણ થઈ ગયો...હાંફવા લાગ્યો. ફૂંફાડા મારી નોળિયાને ઝડપી લે...એને ફેણ મારે, વીંટળાઈ પાડી દે પણ નોળિયો તો એના તીણાં દાંતથી એવાં તો બચકાં ભરી લે કે કંઈ ન પૂછો વાત. હા, પણ એક વાત જરૂર, નોળિયો લડતાં લડતાં થાકે એટલે વાડમાં જઈ આવે. પેલા પીલવાના ઝાડની બખોલમાં અને એકાદ મિનિટમાં તો પાછો આવે અને લડવા લાગી જાય. દરમાંથી ડોકિયું કરી ઘણાં ઉંદરો આ સાપ અને નોળિયાની લડાઈ જોતા હતા. છેવટે સાપ મરી ગયો. નોળિયો વિજયી બન્યો. એટલે ઉંદરો દરમાંથી એક પછી એક બહાર આવવા લાગ્યા. પેલો ઘરડો ઉંદર પણ આવ્યો. ઘરડા ઉંદરે પેલા નોળિયાને કહ્યું, 'મિત્ર તારો ખૂબ ખૂબ આભાર. તેં આ સાપને મારી અમને બચાવ્યા.' બધા ઉંદરો ચૂં...ચૂં...કરી આનંદથી નાચી ઊઠ્યા, ત્યાં એક તોફાની ઉંદરડું હતું. તેણે

કહ્યું, 'થોભો...થોભો... બધાં શાંત થાઓ...' બધા ચૂપ થયા. પેલા ઘરડા ઉંદરે કહ્યું, કેમ ભાઈ તારે વળી શું છે ? પેલું નાનકડું ઉંદરડું કહે, હું દરમાંથી ડોકિયું કરી સાપ અને નોળિયાનું યુદ્ધ જોતો હતો. પણ મને એક નવાઈ લાગી કે 'આ નોળિયાભાઈ લડતા લડતા વાડમાં કેમ ચાલ્યા જતા હતા અને પાછા આવી લડતા હતા... મને એ નથી સમજાતું !' જેમણે લડાઈ જોઈ હતી તે બધાને આ પ્રશ્ન મૂંઝવતો હતો પણ કોઈ પૂછતું ન હતું. પેલા નાનકડા ઉંદરડાએ ઠીક કર્યું. 'નોળિયો કહે મિત્ર, આ ખૂબી છે. હું સાપની સાથે લડતો હતો ત્યારે થાકી જાઉં, સાપનું ઝેર મને ચડી ન જાય તે માટે હું વાડમાં જતો હતો. ત્યાં એક પ્રકારની વનસ્પતિ ઊગેલી હતી હું તે સૂંઘી આવતો હતો. એટલે સાપની સાથે લડવાનું મને બળ મળતું હતું.

પેલા નાનકડા ઉંદરડાએ કહ્યું. વાહ ભાઈ વાહ ! આ તો નવી નવાઈની વાત કહી. બધા ઉંદરને નવાઈ લાગી. ઉંદરડાએ કહ્યું, નોળિયાભાઈ વનસ્પતિનું નામ તો કહો. નોળિયો કહે જુઓ એને નોળવેલ કહે છે. નોળવેલ સૂંઘવાથી અમને સાપ સામે લડવામાં બળ મળે. ગમે તેટલું સાપ કરડે પણ અમને ઝેર ચડે નહિ. એવી છે એ નોળવેલ. ઉંદરો તો રાજીના રેડ થઈ ગયા. નોળિયાનો આભાર માનતા ગાવા લાગ્યાં

***'નોળિયાની તો નવાઈ***
***સાપની સાથે કીધી લડાઈ***
***નોળવેલ સૂંઘી માર્યો સાપ***
***ઉંદરોને બચાવી લીધા સાચ'***

બાળમિત્રો !

વાત થઈ નોળવેલની... ખરું ને ! આપણે જીવનમાં ઘણાં શેતાની વાના સામે લડવાનું છે. શેતાન આપણને પાપમાં

ફસાવવા આવે છે ત્યારે લલચાવે છે. આપણુ પરિક્ષણ કરે છે, અનેક જાતની લાલચો આપે છે. બીક પણ દેખાડે છે, પાપમાં પાડવા... પ્રભુના માર્ગથી દૂર કરવા. પ્રભુ પ્રત્યેના વિશ્વાસમાંથી ડગાવવા અનેક યુક્તિઓ કરે છે. આપણે નથી ઈચ્છતા છતાં ઘડીભર તો શેતાનની જાળમાં ફસાઈ જઈએ છીએ. આ શેતાન સાથે આપણું યુદ્ધ ચાલે છે. શું કરવું કયા માર્ગે ચાલવું ? શેતાનની સાથે કે પ્રભુ ઈસુની સાથે ? શેતાન ઘણું જોર કરે છે. કદાચ આપણે થાકી જઈએ તો ગભરાવું નહિ. સાપ સામે લડતાં નોળિયો નોળવેલ સૂંઘી આવ્યો. નવું જોમ આવ્યું, નવી શક્તિ આવી. નવું દીશા સૂચન મળી ગયું. મિત્રો આપણી પાસે અમોઘ-અમૂલ્ય નોળવેલ છે. જેના ઉપયોગથી આપણે શેતાન સાથે લડી શકીએ છીએ. તે છે પવિત્રશાસ્ત્ર અને પ્રાર્થના. શેતાન સામે વિજયી બનવું છે તો પવિત્રશાસ્ત્રનું વાચન, મનન અને આચરણ કરો. પ્રાર્થના કરો. શેતાની વાનાં સામે લડવા તમને નવું બળ, નવી શક્તિ-નવું દીશાસૂચન અચૂક મળશે. અને છેવટે તમારો વિજય થશે જ થશે.

*'છે સતશાસ્ત્ર, સર્વોત્તમ ગ્રંથ,*<br>
*વાચન કાજે પ્રિય અત્યંત,*<br>
*જો નિત્ય ભાવ થકી વંચાય,*<br>
*તો સર્વ કાર્યો સાર્થક થાય.*<br>
*મારગ કાજ મશાલ સમાન*<br>
*પાય ચાલવા દીપક જાણ,*<br>
*તિમિરમાંય બતાવી નૂર,*<br>
*જોખમને ભય રાખે દૂર.*<br>
*(ભજનસંગ્રહ ૨૫૫)*

# ૧૦. લોહીનાં પગલાંની છાપ

આ વાર્તા ઘણાં જૂના સમયની છે.

અત્યારે વિમાન, વિજળીથી દોડતી ટ્રેનો, ટ્રકો, રિક્ષાઓ, વહાણો, બસો કે ઘરઆંગણે વપરાતાં સ્કૂટરો-સાઈકલો જેવાં વાહનવ્યવહારના સાધનો પહેલાં હતાં નહિ. તમને થશે કે ત્યારે લોકો કેવી રીતે મુસાફરી કરતા હશે ? ભાઈ, લોકો પગપાળા મુસાફરી કરે. અને માલસામાન એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવા-લાવવાં પ્રાણીઓનો ઉપયોગ કરે. બળદગાડા, ઊંટગાડા વપરાય. ઘોડા, ખચ્ચર, ગધેડાં, યાક, ઊંટ જેવા પ્રાણીઓ ઉપર સવારી થાય ! એક ગામથી બીજે ગામ જવા કાચા પગરસ્તાઓ હતા. ઠેર ઠેર ધર્મશાળાઓ, વાવ, તળાવ, કૂવાઓ આવે જે લોકોને પ્રવાસમાં અનેક રીતે સુખ સગવડ પૂરી પાડે, મિત્રો વાત તો મારે તમને આલ્પ્સ પર્વતની કરવી છે. આલ્પ્સ પર્વતની ગિરિમાળાઓ સતત બરફથી છવાયેલી રહે છે. આ ગિરિમાળાઓમાંથી એક રસ્તો પસાર થાય. જે પૂર્વ-પશ્ચિમના દેશોને જોડે. આ રસ્તે રહી હજારો મુસાફરો જતાં-આવતાં. રસ્તો ઘણો કપરો, મુશ્કેલીભર્યો હતો.

શિયાળામાં તો હિમવર્ષા થાય ત્યારે આ માર્ગ બંધ થઈ જાય. આ રસ્તે રહી જતાં આવતાં ઘણાં પ્રવાસીઓ બરફના તોફાનમાં જાન ગુમાવતા હતા. આવા દુર્ગમ રસ્તામાંથી પસાર થતાં મુસાફરોને મદદ કોણ કરે ? આવા દુર્ગમ પહાડોની ગિરિમાળાઓમાં રહી જતાં આવતાં મુસાફરોને કોણ સાચવે ? દોસ્તો ! પ્રશ્ન વિકટ હતો, છતાં આપણા ખ્રિસ્તી સાધુ સંતોએ

આ કાર્ય ઉપાડી લીધું. દુર્ગમ અને ભયાનક ગણાતી આ ગિરિમાળાઓમાં જેસુઈટ ફાધરોએ મઠો ઊભાં કર્યાં. મઠો એટલે વર્તુળાકાર ચારે બાજુ રહેવાના મકાનો હોય અને વચ્ચે નાનકડું ચર્ચ હોય. બધાં મકાનોના બારણા પેલા ચર્ચની સામે આવેલાં હોય અને બધી બાજુથી બંધ માત્ર જવા આવવા પૂરતો એક દરવાજો રહે. આ મઠોમાં જેસુઈટ ફાધરો રહેતા હતા. તેઓ જતાં-આવતાં મુસાફરોને વિસામો આપે. કોઈ માંદુ હોય તો તેની સારવાર કરે, રસ્તે ચાલતાં ભૂલા પડેલા મુસાફરોને આ ફાધરો માર્ગદર્શક બનતાં.

આ ફાધરો પોતાની સાથે કૂતરા પાળે. આ કૂતરાઓ તેમના ખાસ મિત્રો, સુખ-દુઃખના સાથી હતા. કૂતરા એટલા માટે પાળતા હતા કે તેઓ તેમનું જે કાર્ય મુસાફરોને મદદરૂપ થવાનું હતું તેમાં કૂતરાઓ પણ ખૂબ ઉપયોગી બની રહેતા. આ કૂતરાઓને છૂટા મૂકે. કૂતરાઓ ગિરિમાળાઓમાં ફરે. ક્યારેક બરફના તોફાનોમાં મુસાફરો દટાઈ જાય ત્યારે આ કૂતરાઓ તેમને શોધી કાઢે. આમ પણ કૂતરાઓને ઈશ્વરે સૂંઘવાની અજબની શક્તિ આપેલી છે. નાકથી સૂંઘીને તે ઘણું બધું જાણી શકે છે. કોઈ મુસાફર દટાયેલો કે ઘવાયેલો મળી આવે તો આ કૂતરાઓ ફાધર પાસે પહોંચી જાય અને ઈશારાથી તેમને જણાવે અને મુસાફર પાસે લઈ આવી બતાવે. આમ મુસાફરોની જિંદગી બચી જતી.

આવા એક મઠમાં ફાધર રહે, તેમણે કૂતરો પાળેલો. નામ તેનું રોકી હતું.

ભાઈ રોકી ખુબ ડાહ્યો, કહ્યાગરો અને ફાધરનો માનીતો કૂતરો હતો. આ રોકી કૂતરો ગિરિમાળામાં ફરવા નીકળ્યો. મિત્રો ! માત્ર ફરવા નહિ. પેલાં ઘવાયેલાં મુસાફરોને શોધવાં

જતો ! આગલા દિવસે હિમવર્ષા થયેલી. ખુબ બરફ પડ્યો અને વાતાવરણ ઘણું ત્રાસદાયક બનેલું. આમ થતાં ફાધરે પેલા કૂતરાને છૂટો મૂકી દીધો... રોકી કૂતરો ફરતો ફરતો એક હિમશિલા પાસે જઈ ચઢ્યો. જોયું તો એક મુસાફરનું અડધુ શરીર બરફમાં ઢંકાઈ ગયું છે અને હાથપગ માત્ર બહાર દેખાય છે. રોકી કૂતરો આ મુસાફર પાસે પહોંચી સૂંઘવા લાગ્યો. તેણે સૂંઘવાથી જાણી લીધું કે માણસ જીવતો છે. એ તો પગ વડે બરફ ખોતરવા માંડ્યો. મુસાફરને બહાર કાઢવા. પણ મુસાફર અડધો બરફમાં ઢંકાયેલો થોડીક બેભાન અવસ્થામાં પડ્યો હતો. તેણે વિચાર્યું કે મને કોઈ જંગલી રીંછ ખાવા માટે આવ્યું છે હવે મારું શું થશે ? મને મારી નાખશે તો... આવી અવસ્થામાં પણ તેણે કમરે ખોસેલો પોતાનો છરો કાઢ્યો અને કૂતરાના ગળામાં ભોંકી દીધો. રોકી બિચારો ઘવાયો. રોકી કૂતરો મુસાફરને પડતો મૂકી દોડ્યો ફાધર પાસે, મઠમાં. તેના ગળામાંથી લોહી વહેતું હતું અને તેની જે ધાર થતી હતી તેમાં તેના પગ પડે એટલે બરફ ઉપર એના પગલાંની છાપ ઉપસી આવતી હતી. થોડે દૂર રોકી ગયો. પણ સતત વહેતી લોહીની ધારાએ તેને હતાશ કરી દીધો. છતાં લથડાતાં કૂટાતાં રોકી લગભગ મઠની છેક નજીક પહોંચી ગયો. અને ત્યાં ધબ થઈને પડ્યો. ઘવાયેલો રોકી ત્યાં મરણને શરણ થયો. આ બાજુ ફાધર ! રોકી જલ્દી મઠમાં આવ્યો નહિ એટલે લાકડી લઈ શોધવા નીકળ્યા. થોડે ચાલ્યા ત્યાં તો રસ્તામાં રોકી અચેતન-શો પડ્યો હતો. તેના ગળામાં ઊંડો ઘા હતો આજુબાજુ લોહીનું ખાબોચિયું ભરાયું હતું. ફાધર ચોંકી ઊઠ્યાં. બરાડી ઊઠ્યા...ઓ મારા દીકરા રોકી... રોકી... ફાધર બેબાકળા બની ગયા. રોકીના

મૃતદેહ ઉપર માથું મૂકી રડવા લાગ્યા. પરંતુ થોડી વારમાં જ ફાધર શાંત થયા. આ રોકી ઘવાયો હતો. તેના પગલાંની છાપ તેમણે જોઈ. ફાધર રડતાં રડતાં પગલાંની છાપ જોતા જોતા આગળ વધ્યા. જે દિશામાંથી ઘવાયેલો રોકી આવ્યો હતો તે દિશામાં તેઓ ધીર ગંભીર પગલે આગળ વધતા ગયાં. એ લોહીભીંના પગલાંની છાપ તેમને પેલા બરફમાં દટાયેલા મુસાફર પાસે લાવી. ફાધરે રોકીનું અધૂરું રહેલું કાર્ય સાવચેતીથી પૂરું કર્યું. બરફની શિલા નીચે દટાયેલા, ઘવાયેલા મુસાફરને બહાર કાઢ્યો. તેને શુદ્ધિમાં લાવ્યા એ મઠમાં લઈ આવ્યા, એ મુસાફરના બ્યાન ઉપરથી રાત્રે થયેલાં હિમવર્ષાના તોફાનમાં, બરફમાં દટાયેલાં, બીજા પચ્ચીસ જટલાં મુસાફરો પણ શોધી કાઢવામાં આવ્યાં.

આ રોકી કૂતરાએ જાન ગુમાવ્યો. પરંતુ બીજા પચ્ચીસ મુસાફરોના જાન બચી ગયાં. રોકીના લોહીભીંના પગલાંની છાપ, બરફ ઉપર થીજી ગયેલી. એ લોહીભીંના પગલાંની છાપ, જે લોહીના પગલે પગલે ફાધર ગયા, અને મરણને શરણ થતા મુસાફરને ઉગાર્યો. એવાં જ દટાયેલાં મરણને શરણ થવા જતાં બીજા પચ્ચીસ માનવીઓના જીવ ઉગર્યા. હાં પેલાં લોહીભીંના પગલાંની છાપથી... રોકીના બલિદાનથી આજે પણ આ પર્વતની ગિરમાળામાં જ્યાં રોકી પડ્યો હતો ત્યાં...જ્યાં લોહીના ખાબોચિયામાં તે સૂતો હતો ત્યાં...એક વધસ્તંભ મૂકવામાં આવેલો છે. રોકીની યાદગીરીમાં...

બાળમિત્રો !

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણે માટે વધસ્તંભ ઉપર શાપિત મરણ વ્હોરી લીધું. આપણાં પાપોને સારું તે વીંધાયો,

તેણે માર મશ્કરી સહન કર્યાં. લોકો તેની ઉપર થૂંક્યા. હા... તેના માથા ઉપર કાંટાળાં તાજ મૂકવામાં આવ્યો. હાથે પગે ખીલા જડ્યા તેની કૂખમાં ભાલો ભોંકવામાં આવ્યો. આ બધું કોણે કર્યું ? જે માનવીઓને પાપમાંથી મુક્ત કરવા પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યા હતાં તેમણે કર્યું !

મિત્રો ! પ્રભુ ઈસુના લોહીભીંના પગલાંની છાપ વધસ્તંભનો માર્ગ એ તો પાપીઓના તારણનો માર્ગ છે !

પ્રભુ ઈસુ જે માર્ગે ચાલ્યા હતા તે માર્ગ... હા તેમનો માર્ગ... તેમના લોહી નીતરતાં પગલાંની છાપનો માર્ગ... વધસ્તંભનો માર્ગ... આપણને આહ્‌વાન આપે છે. આવો... આ માર્ગે ચાલો.

'હું સત્ય થતા જીવન છું.'

'જે કોઈ મારી ઉપર વિશ્વાસ કરે છે તેનો નાશ નહિ થાય, પરંતુ તે અનંતજીવન પામશે.'

'દેવે જગત ઉપર એટલી બધી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાંકીત દીકરો આપ્યો... આપણને પાપમાંથી છોડાવવા પ્રભુ ઈસુએ પ્રાણ આપ્યા.

તમે તેને શું આપશો...?

'તેં જીવ આપ્યો... મુજ માટ... મેં શું આપ્યું તુજ માટ ?

આવો આપણે પ્રભુની આગળ ઘૂંટણીએ પડીએ. વ્યક્તિગત પ્રાર્થના કરીએ, શાંતિના સરદાર, મુક્તિદાતા આગળ શાંત રહીએ. વધસ્તંભના માર્ગે ચાલવાને પ્રભુ આપણને શક્તિ આપે ! પ્રભુ તમને આશીર્વાદ આપો !

## ૧૧. ભીની પથારી

વાર્તા નાની છે, પણ મઝા પડે તેવી છે.

એક નાનકડો છોકરો. એનું નામ નિશાંત. એ વિધવા માતાનો એકનો એક લાડકવાયો દીકરો હતો.

આમ તો નિશાંત ડાહ્યો અને કહ્યાગરો દીકરો હતો. તેની માતા વિધવા, ગરીબ હતા. એક નાનકડી ઓરડીમાં રહે. આ નિશાંત સાત-આઠ વર્ષની જ ઉંમરનો. તેના પિતાનું મૃત્યુ થતાં ગરીબ માતા તેને પાળી પોષી મોટો કરે. નિશાંત સવારે મા સાથે વહેલો ઊઠે. માતાને ઘરકામમાં મદદ કરે. માતાનું કહ્યું કરે. ક્યારેક ઘરમાં ઝાડુ લઈ ઘર સફાઈ કરે. જો માતા રસોઈ બનાવતી હોય તો શાકભાજી સમારી આપે. જમી રહ્યા પછી વાસણો માંજવામાં માને મદદ કરે. આમ નાનાં નાનાં કામ કરે. માની પાસે ને પાસે રહે. મા લોકોના ઘરે જઈ કચરા પોતુ કરે, તો નિશાંત ત્યાં પણ મદદ કરે. શાળાએ જાય અને સારી રીતે ભણે. આ નિશાંત આમ તો ગુણીયલ છોકરો પણ તેનામાં એક કુટેવ હતી. તે મિત્રો આગળ બડાશ મારે, વાત નાની પણ ખુબ વધારીને કહે. કામ નાનું કરે પણ મોટી બડાશ મારે.

આ નિશાંત તેના મિત્રો આગળ કહે. ભાઈ જુઓ મારી માતાએ મારી ઉપર જે ઉપકારો કર્યા છે તેનો બદલો હું વાળી આપું છું. નિશાંતની માતા ઘણા સમજુ હતાં. પોતાના દીકરામાં આ કુટેવ હતી તે તેઓ જાણી ગયા અને તેમણે નિશાંતને બોધપાઠ શીખવવાનું નક્કી કર્યું.

શિયાળાની ઋતુ આવી. સારી એવી ઠંડી પડતી હતી. એક

સાંજે નિશાંતની પથારીમાં માતાએ એક પ્યાલો ભરી પાણી રેડ્યું અને પછી નિશાંતને કહ્યું, 'તારે આજની રાત આજ પથારીમાં સૂવાનું છે.'

નિશાંત કહે, 'પણ મા... આ પથારી તો ભીની છે !

માતાએ કહ્યું... 'તે હું જાણું છું, છતાં તેમાં તારે સૂવાનું છે.'

મને કમને નિશાંત પથારીમાં સૂતો.

રાત આખી ઊંઘ આવી નહિ. તે જાગતો પડી રહ્યો.

ભીની પથારી અને જાગરણ. બીજે દિવસે સવારે નિશાંતની તબિયત બગડી. તેને શરદી થઈ હતી, તાવ આવ્યો હતો. સવારના પ્હોરમાં ઊઠતાં જ માતાએ તેને ગરમ મસાલાવાળું દૂધ આપ્યું. તેને માથે-કપાળે આખા શરીરે બામ લગાડવા લાગ્યા. તેની ખુબ સેવાચાકરી કરવા લાગ્યાં.

નાનકડા નિશાંતને નવાઈ લાગી. આ કેવી વિચિત્રતા ! માતાએ આખી રાત ભીની પથારીમાં સૂવાડ્યો. માંદો કર્યો અને વળી પાછી સવારે ઊઠતાં જ માવજત પણ કરવા લાગી.

માતાએ નિશાંતને પૂછ્યું, 'કેમ છે, બેટા હવે સારું થયું ને !

નિશાંત કહે, 'હા મા... પણ તેં મને જાણી જોઈને આમ ભીની પથારીમાં શું કામ સૂવાડ્યો ?'

માતાએ કહ્યું, મારે તને એ જ વાત કરવી હતી.

જો તું બધાં મિત્રો આગળ બડાશ મારતાં કહે છે કે, 'મારી માતાએ મારી ઉપર જે ઉપકારો કર્યા તેનો બદલો હું વાળી આપું છું.

પણ ભાઈ ! તું એક દિવસ આ ભીની પથારીમાં સૂઈ ગયો તેમાં તો તને કેટલી શરદી થઈ ! તને તાવ પણ આવ્યો તો મારા દીકરા ! વિચાર કર તું જ્યારે નાનકડો હતો ત્યારે અણસમજણમાં દિવસ-રાત કેટલીયવાર મારી પથારી ભીની કરતો હતો. મેં તે બધું સહન કર્યું છે. મેં તો રાતોની રાતો તારી ભીની કરેલી પથારીમાં ગાળી છે. તું વિચાર કર મારી શી દશા થઈ હશે !

નાનકડા નિશાંતને પોતાની ભૂલ સમજાઈ.

તેણે કહ્યું, 'સાચું છે, મા. તેં મારા માટે ખૂબ સહન કર્યું છે. તું ખુબ ભલી છે. હવે હું કદી બડાશ હાંકીશ નહિ. તેમ કહેતાં તે માને વળગી પડ્યો.

માતાએ નિશાંતને ખુબ વહાલથી ઊંચકી ચૂમી લીધો.

બાળદોસ્તો ! તમારું પવિત્રશાસ્ત્ર ખોલશો અને પુનર્નિયમના ૫મા અધ્યાયમાં યહોવા દેવે આપેલી આજ્ઞાઓની વાત આવે છે. તેમાં ૧૬મી કલમમાં લખ્યું છે.

'તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ, કે યહોવા તારો દેવ જે દેશ તને આપે તેમાં તારું આયુષ્ય દીર્ઘ થાય ને તારું ભલું થાય.'

મિત્રો, તમે તમારાં માતાપિતાની આજ્ઞા માનો, તેમને મદદરૂપ બનો. તમે જે કંઈ સારુ ભલાઈનું કામ કરો તેની બડાશ મારશો નહિ.

ઈશ્વરપિતાએ આપણા ઉપર અનહદ ઉપકારો કર્યા છે તે બધા યાદ કરો. યાદી તો બનાવી જુઓ... અગણિત ઉપકારો થશે... એ ઉપકારના બદલામાં તમે ઈશ્વરને શું આપ્યું ?

દેવે આપણી ઉપર અનહદ પ્રેમ કર્યો. તેણે આપવા સારું

પોતાના એકના એક દીકરા પ્રભુ ઈસુને આ પૃથ્વી ઉપર મોકલ્યા. તેમણે આપણે માટે પોતાનું બલિદાન આપ્યું. આપણે તેમને માટે શું આપ્યું ?

‘પ્રાણ મેં મારો કીધો, રક્ત દીધું વે’વાડી,
પાપથી છૂટો કીધો, શેતાન નીચો પાડી.
મુજ જીવ આપ્યો તુજ માટ !
તેં શું આપ્યું મુજ માટ ?

*(ભજનસંગ્રહ : ૩૪૨)*

મિત્રો, આવો આપણે શાંત પ્રાર્થના કરીએ.

આપણે પ્રભુને સોંપાઈએ... આપણા જીવનોનું તેને અર્પણ કરીએ !

‘પ્રભુ મારું જીવન લે, મારા તન, મન તારાં છે,
તું લે મારા હોઠનું ફળ, દરેક દિવસ દરેક પળ.’

*(ભજનસંગ્રહ : ૩૨૮)*



## ૧૨. અમાસમાંથી પૂનમ

આફ્રિકા દેશનું નામ તમે સાંભળ્યું હશે. આ દેશમાં આજથી સો-દોઢસો વર્ષ પહેલાં એમોઝોન નદી વહે. કિનારાના ગાઢ જંગલોમાં ઘણાં જ પછાત આદિવાસીઓ રહેતાં હતાં. આ આદિવાસી લોકો તૂમડાંમાંથી વાજિંત્રો બનાવી વગાડે, જાતજાતના રંગબેરંગી પથ્થરોના ઘરેણાં પહેરતા હતા અને ધનુષ્ય કામઠાથી તીર ફેંકી શિકાર કરવાની કળામાં ખૂબ પાવરધા હતા. તેઓ અનેકવિધ દેવદેવીઓની પૂજા કરતા. જંગલોમાં જ્યાં ત્યાં નાનકડા માટીનાં દેરાં બનાવતાં અને કુટુંબકબીલા દીઠ જુદાજુદા દેવદેવીઓમાં તેઓ આસ્થા-વિશ્વાસ રાખતા હતા.

આ દેવદેવીઓને રિઝવવા પશુ-પંખીઓના બલિદાન આપતા હતા. અરે, એથી પણ વિશેષ નવાઈની વાત તો એ છે કે આ લોકો તેમની મુખ્ય દેવીને રિઝવવા વર્ષમાં એક દિવસ માણસનું બલિદાન આપતા હતા. એક મોટો ઉત્સવ ઉજવતા હતા.

કાળી ચૌદશની રાત્રે તેઓ જંગલમાં ઘમાસાણ લડાઈ યોજતા. સામસામી બે બે ટોળીઓ એકબીજા ઉપર કામઠાં લઈ તૂટી પડતી અને ચિચિયારી પાડતી ઢોલ-થાળીઓથી શોરબકોર કરતી ભયંકર મારામારી કરતી હતી. તેમાં બંને ટોળીઓના લોકો ઘવાતા. છેવટે જે ટોળી વિજયી બનતી તે ટોળીનો સરદાર તેમણે પકડેલા બાનમાં લીધેલાં માણસોને તેમની મુખ્ય કુળ દેવી આગળ લઈ જતો. વિજયી ટોળીના બધા લોક ભેગા મળી નૃત્યો કરતા, મોટો ઉત્સવ મનાવતા હતા. અને બાનમાં પકડેલા માણસોના માથા કાપી દેવીને રિઝવવા ચડાવતો હતો.

આપણને વિચિત્ર લાગે તેવી તેમની રીતભાત તેમને મન મોટી ધાર્મિક આનંદની રસલ્હાણ જેવી બનતી.

મિત્રો ! આવી ક્રૂર માનવ વસ્તીમાં પ્રભુનો સંદેશો લઈ કોણ જવાની હિંમત કરે ?

પણ ના, ઈશ્વરે અદ્‌ભૂત કાર્ય કર્યું, એક પ્રભુના સેવકે આ લોકો વિશે સાંભળ્યું એ તેણે પડકાર ઝીલી લીધો, એ સેવકનું નામ હતું માઉં હોંગ.

આ માઉં હોંગે પડકાર ઝીલી લીધો. તેણે આ આદિવાસીઓ વિશે માહિતી મેળવી અને તેમની મધ્યે કેવી રીતે કાર્ય કરવું તેનું આયોજન કર્યું.

આ જંગલી આદિવાસી લોકોની જીવન જરૂરિયાતોની ચીજ વસ્તુઓ લઈ જઈ તેમની મધ્યે એક વહેપારી તરીકે જવાનું નક્કી કર્યું. તેણે બે-ચાર ખચ્ચરો મેળવ્યાં. તે ખચ્ચર ઉપર માલ લદાતો અને આદિવાસી લોકો મધ્યે જઈ માલ વેચતો. મકાઈ, જવાર, બાજરી જેવું બરછટ અનાજ લઈ જઈ આપતો, બદલામાં આદિવાસીઓ પાસેથી મધ-સુખડ-ચંદનના લાકડાં અકીક જેવાં કિંમતી પથ્થરો મેળવતો હતો.

ધીમે ધીમે માઉં હોંગ આ આદિવાસી લોકોમાં ઘરોબો કેળવવા લાગ્યો, થોડાંક વર્ષોમાં તો માઉં હોંગ આ લોકોમાં ખુબ પરિચિત બની ગયો.

માંઉ હોંગ તેમના પ્રત્યે ખુબ પ્રેમ-દયાની લાગણી રાખવા લાગ્યો. તેમના સુખદુઃખમાં ભાગીદાર બની તેમના હ્રદયને જીતવા કમર કસી. તેનું વલણ ખુબ માનવતાવાદી હતું.

માંઉ હોંગ વ્યક્તિગત અને સમૂહમાં આ આદિવાસીઓની મિટિંગો યોજવા લાગ્યો અને તેમને સુવાર્તાનો સંદેશ આપતો ગયો. શરૂઆતમાં આ કાર્ય તેને માટે ઘણું કઠણ મુશ્કેલીભર્યું

બન્યું, પરંતુ ધીરજ અને ખંતથી પ્રાર્થના સહિત આ કાર્ય તેણે ચાલુ રાખ્યું.

પેલી ધાર્મિક વિધિ તો ચાલુ જ હતી. માંઉ હોંગે એક દિવસે બંને ટોળીના આગેવાનોને ભેગા કર્યા અને તેમને સમજાવ્યા કે તમે આવું અધમ કામ શા માટે કરો છો. તમારા દેવ દેવીઓને રિઝવવા પાંચ-સાત મનુષ્યોના વધ શા માટે ચડાવો છો. આમ કરવાથી તો બંને પક્ષે માણસો ઘટતાં જશે અને તમે જ્યારે સામેની એક ટોળીમાંથી માણસો પકડો છો તો તે ટોળીવાળા બીજે વર્ષે તેથી વધારે માણસો પકડવા પ્રયત્ન કરે છે. આમ તમે જાતે જ તમારા માણસોને શું પકડાવતા નથી ! આવો માનવસંહાર બંધ કરવા સમજ આપી.

ઘણી મથામણને અંતે બંને ટોળીના આગેવાન માઉ હોંગને ફરીથી મળ્યા અને છેવટે તેમની આગળ આવી કહ્યું હવે અમે માત્ર એક જ માણસને પકડીશું અને તેનો બલિ ચડાવશું.

જો કે માંઉ હોંગને આ વાત પણ માન્ય ન હતી છતાં કંઈ જ ઉત્તર આપ્યા સિવાય તે ત્યાંથી ચાલ્યો ગયો.

માંઉ હોંગે આદિવાસી લોકોને કહ્યું, સારું આગામી કાળી ચૌદશની રાત્રિએ તમે લડાઈ ન કરતાં પરંતુ તમારી દેવી જ તમને એક માણસને વધ કરવા મોકલી આપશે. તમે નિશ્ચિંત રહેશો. માંઉ હોંગ આ પ્રદેશમાંથી અદશ્ય થઈ ગયો.

આગામી દિવસોમાં આદિવાસીઓ કાળી ચૌદશની રાત્રિએ બલિદાન દેનાર માણસની રાહ જોતાં બેઠા હતા ત્યાં અંધકારમાં એક આદિવાસી માણસ તેમણે આવતો જોયો. દૂરથી જ જોતાં તેઓ તેને તીરથી વીંધવા સજ્જ થયાં અને તેને મારી નાખ્યો અને તેનું મસ્તક લઈ જ્યાં તેમની દેવીને ચઢાવવા જાય છે ત્યાં એક અદ્‌ભૂત ઘટના બની. એક આદિવાસી માણસે કહ્યું થોભો,

જુઓ આ માણસ કે જેનું મસ્તક આપણે ચડાવીએ છીએ તે કોણ છે ? કઈ ટોળીનો છે ?

છેવટે ઝીણવટથી જોયું તો આદિવાસીનું રૂપ લઈ આવેલો માણસ તે તો તેમનો વહાલો માંઉ હોંગ પોતે જ હતો.

બધાં માંઉ હોંગને પ્રેમ કરતાં હતાં; કારણ કે, તેણે તો તેમની ઉપર ઘણો જ પ્રેમ સહાનુભૂતિ રાખ્યાં હતાં. બધાંની આંખો ભીંજાઈ ગઈ, હૈયાં ભાંગી પડ્યાં.

માંઉહોંગના આ બલિદાનથી તેમણે માનવવધ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી અને તેમાંથી ઘણાં બધાંનુ બદલાણ થયું.

એક સુવાર્તિકના અદ્ભૂત બલિદાનથી એ પ્રદેશમાં સુવાર્તાના દ્વાર ખૂલ્યાં અને ધીમેધીમે બીન સુવાર્તિકો આવતાં ગયાં અને એ વિસ્તારમાં વખત જતાં એક નાનકડી ખ્રિસ્તી મંડળી પણ સ્થપાઈ.



## ૧૩. ત્રણ દીકરા

'એક ધનાઢ્ય શેઠ હતા. તેમને ત્રણ દીકરા હતા. ત્રણે દીકરાને ત્રણ પત્નીઓ હતી. મોટા દીકરાનું નામ ધનપાલ, વચોટ દીકરાનું નામ ધનનંદન અને સૌથી નાના દીકરાનું નામ ધનેશ્રી હતું.

હવે બન્યું એવું કે આ શેઠે તેમના શેઠાણી સાથે જાત્રા કરવા વિચાર્યું. તેમણે પોતાના કુટુંબની બધી વ્યવસ્થા-સાર સંભાળ રાખવાનું ત્રણે દીકરા ને તેમની પત્નીઓને બોલાવી સમજાવી દીધું. પછી શેઠે ત્રણે દીકરાને પાસે બેસાડી કહ્યું.

હું ત્રણ વર્ષ પછી જાત્રા કરી પાછો ફરીશ. તમે બધાં સંપીને રહેજો. શેઠે પોતાની બાજુમાં પડેલી થેલી લીધી અને ત્રાજવાં લીધાં. પછી ત્રણે દીકરાને ત્રણ-ત્રણ શેર ઘઉં જોખીને આપ્યાં. બધા દીકરાને નવાઈ લાગી કે પોતાના પિતાજી આવું શા માટે કરે છે ? શેઠે ધીમે રહી ગંભીર સાદે કહ્યું, 'જુઓ દીકરાઓ, મેં તમને દરેક ભાઈને ત્રણ-ત્રણ શેર ઘઉં આપ્યા છે. હું ત્રણ વર્ષ પછી પાછો આવીશ. ત્યારે આ ત્રણ શેર ઘઉંનો હિસાબ માગીશ. તમે તમારી પત્નીઓ સાથે મળી મને તમારી વિવેક-બુદ્ધિપૂર્વક હિસાબ આપજો.

આમ કહી શેઠ-શેઠાણી તો જાત્રા કરવા ચાલી નીકળ્યાં. તે સમયે આજના જેવાં વાહનવ્યવહારનાં સાધનો હતાં નહિ તેથી મુસાફરી પગપાળા કે ગાડામાં કે પ્રાણીઓ ઉપર બેસી થતી હતી. શેઠશેઠાણી એક સ્થળેથી બીજે સ્થળે ફરવા લાગ્યાં.

આકાશમાં વાદળો આવે અને ચાલ્યા જાય છે તેમ વર્ષો એક પછી એક ચાલ્યાં ગયાં. જોતજોતામાં ત્રણ વર્ષના વ્હાણાં

વહી ગયાં. શેઠ-શેઠાણી જાત્રા કરી પોતાના ઘરે પાછાં ફર્યા. બે ચાર દિવસ પછી શેઠે દીવાનખાનામાં બેસી ત્રણે દીકરા અને તેમની પત્નીઓને બોલાવ્યા.

શેઠે કહ્યું - 'દીકરાઓ, મેં તમને જાત્રા કરવા જતાં, દરેકને ત્રણ-ત્રણ શેર ઘઉં આપ્યા હતા. તે યાદ હશે. આજે તે ત્રણ શેર ઘઉંનો હિસાબ તમારે મને આપવાનો છે, દીકરા-ધનપાલ ! તું ઘરમાંથી સૌથી મોટો દીકરો છે. તે ઘઉંનું શું કર્યું ?'

ધનપાલે કહ્યું—'પિતાજી ! તમે આપેલા ઘઉં મેં સાચવી રાખ્યા છે. એક સારા પિત્તળના ડબ્બામાં મૂકી રાખ્યા છે. તેણે પત્નીને કહ્યું જા પેલા ઘઉંનો ડબ્બો લઈ આવ ! તેની પત્નીએ ઘઉંનો ડબ્બો લાવી, શેઠ આગળ મૂક્યો. શેઠે ડબ્બો ખોલ્યો... અંદર જોયું તો તેમાં ધનેરા હતાં. બધાં ઘઉં સડી ગયા હતાં. ઘઉંમાં જીવાત પડી હતી.

શેઠે કહ્યું—'દીકરા, આ ઘઉં હવે શા કામના ? તેને ફેંકી દો ! ડબ્બો ભરેલાં ઘઉં ફેંકી દીધાં.

શેઠ બોલ્યા. 'દીકરા તમો બંનેએ ઘઉંનો બગાડ કર્યો છે. જે ઘઉં ખાવાલાયક હતા તે તમે ખાધા નહિ અને બીજા કોઈને ખવડાવ્યા નહિ-ખવડાવવા લાયક રાખ્યા પણ નહિ... ઠીક... આમ ઠપકો આપી શેઠે વચેટ દીકરા તરફ ફરી કહ્યું - દીકરા ધનનંદન ! તમે ઘઉંનું શું કર્યું છે ? વચેટ દીકરા ધનનંદને કહ્યું- પિતાજી ! તમારા ગઉં તો અમારી પાસે નથી.

શેઠે કહ્યું - કેમ... તમે ઘઉંનું શું કર્યું ? ક્યાં ગયા ?

ધનનંદને કહ્યું - 'પિતાજી ! આપ જાત્રા કરવા ગયા હતા. તમે ઈશ્વરની આરાધના-ભક્ત કરવા જુદીજુદી જગ્યાએ ગયા હતા. તેથી અમે બંને પતિપત્નીએ વિચાર્યું કે આપણે ભલે જાત્રા કરવા ન જઈએ. પરંતુ કંઈક સારું કામ કરીએ. તેથી અમે, તમે આપેલા ઘઉંમાંથી એક શેર જેટલા ઘઉં ભિક્ષુકોને દાનધર્મમાં આપી દીધા છે. બીજા એક શેર ઘઉં પશુ-પક્ષીઓને

ચણમાં નાખી દીધા-ખવડાવ્યા છે. અને ત્રીજા એક શેર ઘઉં અમે આપના તરફથી પ્રસાદમાની ખાધા છે.'

શેઠ વચેટ દીકરાની વાત સાંભળી સહેજ મલકાયા. હવે ત્રીજા સૌથી નાના દીકરાનો વારો આવ્યો. શેઠે ત્રીજા દીકરા ધનેશ્રીને પૂછ્યું–

દીકરા ધનેશ્રી ! તેં ત્રણ શેર ઘઉંનું શું કર્યું ?

ત્રીજા દીકરા ધનેશ્રીએ ખુબ ગંભીરતાથી, સ્વસ્થ ચિત્તે પિતાજીને વિનમ્રભાવે કહ્યું –

પિતાજી, આપે આપેલા ઘઉં; હું આપના ચરણોમાં લાવું છું. થોભો !

તેણે તેની પત્નીને સાથે લીધી અને બંનેએ મળી ઘઉંના ભરેલા ત્રણ થેલા શેઠ આગળ રજૂ કર્યા અને કહ્યું, આ રહ્યા તે ઘઉં. શેઠે કહ્યું, 'દીકરા, મેં તો તને ત્રણ શેર ઘઉં આપ્યાં હતાં અને તું આ ત્રણ કોથળા ભરેલાં ઘઉં લાવ્યો ? ત્રણ શેરને બદલે ત્રણ કોથળા !

શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો.

ધનેશ્રીએ કહ્યું –'પિતાજી આપ જાત્રા કરવા ગયા હતા. જતાં પહેલાં તમે જે ઘઉં આપ્યા હતા તે અમે તમારી અમૂલ્ય ભેટરૂપ માન્યા. અમે ત્રણ શેર ઘઉં ખેતરના એક ક્યારામાં અલગ વાવ્યા હતા. વર્ષો-વર્ષ ઘઉં વાવતા ગયા તેમ તેમ તેમાં વધારો થતો ગયો. આમ ત્રણ શેર ઘઉંમાંથી ત્રણ કોથળા ઘઉંના ભરાયા છે, જે આપના ચરણોમાં લાવ્યા છીએ. હવે આપ જ તેનો યોગ્ય વહીવટ કરો. અમે તો માત્ર તમારા આશીર્વાદ જ માગીએ છીએ.

શેઠ-ત્રીજા દીકરાના વિવેકબુદ્ધિ-ચતુરાઈ જોઈ ખુશ થયાં.

શેઠે ત્રણે દીકરાને તેમની બુદ્ધિ શક્તિ પ્રમાણે ઈનામો આપ્યાં. મિલ્કત વહેંચી આપી.

## ૧૪. રાજગટનો રાજા

બાળમિત્રો,

આજે તમને એક લોકકથા લખી રહ્યો છું. લોકજીભે-લોકમુખે વંશપરંપરાગત ચાલી આવતી કથા એટલે લોકકથા.

એક ઘરડા દાદીમાને મળવાનું થયું. વાતવાતમાં દાદીમા કહે લે દીકરા, હું તને એક કથા કહું છું, તું તારી બાલવાડીમાં છાપજે. દાદીમા અભણ હતા પરંતુ તેમની પાસે જૂની વાર્તાઓ, ગીતો, હાલરડાં, ભક્તિગીતોનો ખજાનો હતો. બધુ સાહિત્ય તેમના જીભના ટેરવે રમતું હતું.

દાદીમાએ કહેલી કથા તમારા માટે લખું છું.

એ...ય ખમ્મા ખમ્મા બાપુ !

એ...ય...ગજબ થયો

ઝાલો...પકડો ?કોણ.... છે....ઈ....

દુશ્મન, પકડો....પકડો....મારો...મારો....

સાવજના જેવો ભરાવદાર ચહેરો અને તેની ઉપર લીંબુ ઠરે તેવી વાંકી મૂછોવાળો ભાવનગરનો રાજવી પોતાના મહેલના આંગણામાં પાંચ-સાત દરબારીઓ સાથે શિયાળાના તાપમાં બેઠો હતો. ટોળ ટપ્પાં હાલે છે. દરબારીઓ સાથે રાજા ગમ્મત કરતો હાસ્યની છોળો ઊડાડે છે. ત્યાં સન્‌ન્‌ન...ન્‌...ન્‌... કરતો એક પથ્થરો રાજાના કપાળમાં આવી ઝીંકાયો. લોહીની ધારા વહેવા લાગી. થોડીવાર પહેલાનો આનંદ શોકમાં પલટાઈ ગયો. હો... હા... મચી ગઈ.

પંદરસો ગામ પાદરનો ધણી જખ્મી થયો. જખ્મ નાનો હોય

કે મોટો દુઃખ તો થાય જ અને આ તો રાજાને પથ્થર વાગ્યો. હુકમ છુટે તે પહેલાં તો સિપાઈઓ ગુન્હેગારને પકડવા ભરી બંદૂકે દોડી ગયા.

રાજગઢને ફરતી કોટની રાંગ હતી. કોટની રાંગે બાવળ બોરડીના ઝૂંડે ઝૂંડ. ઘણાં બધાં કાંટા ઝાંખરા હતાં. તેની વચ્ચે જાતભાતનાં સુંદર ફૂલો ખીલી ઊઠ્યા હતા.

સિપાઈઓ રાજગઢના કોટની રાંગની પાછળના ભાગમાં જઈ ચડ્યા. ત્યાં તો એક ચીંથરેહાલ ગરીબ માણસ નીચે પડેલા બોર વીણતો હતો. સિપાઈઓએ દોડી આવી પેલા ગરીબ માણસને ઝડપી લીધો. એકાએક આવી પડેલી આફતથી પેલો ગરીબ માણસ હેબતાઈ ગયો. ભરી બંદૂક લઈ આવેલા સિપાઈઓએ પેલા માણસને પકડી લીધો. પેલો માણસ થર થર ધ્રુજવા લાગ્યો. બે હાથ જોડી કહેવા લાગ્યો :

ઈ... બાપુ ? મને કાં પકડો છો ? મારો કંઈ વાંક-ગનો ખરો ?

કંઈ... તો હાલ રાજગઢમાં... રાજાસાહેબ તારું માથું જ ઊતારી નો લે તો બસ છે.

ગરીબ માણસ બિચારો વધુ ગભરાયો.

રાજગઢમાં ભાવનગર નરેશ બેઠો હતો ત્યાં પેલા ગરીબ માણસને લાવી સિપાઈઓએ ખડો કર્યો.

માણસ પવનના ઝંઝાવાતમાં જેમ પીપળાનું પાંદડું ફફડે તેમ ફફડવા લાગ્યો.

બે હાથ જોડી પેલો માણસ રાજાને પગે પડ્યો.

મારા બાપલા...મેં કંઈ વાંક ગનો કર્યો નથી અને આ સિપાઈઓ મને અહીં પકડી લાવ્યા છે.

રાજાએ પૂછ્યું... અલ્યા બોલ સાચે સાચુ કહેજે આ પથ્થરો

તેં જ માર્યો છે ને !

હવે પેલા માણસને સાચી બિના સમજાઈ. થોથરાતી જીભે કહેવા લાગ્યો–

ઈ...બાપુ...બાપુ છે... ને તે હું આ બોરાં પાડતો હતો...

રાજગઢની કોટની રાંગને આવેલી બોરડી ઉપરના મધમીઠાં બોર જોઈ બાપુ મારું મન ઝાલ્યું ન રહ્યું.

બાપુ... બાપુ હું ત્રણ દિવસનો ભૂખ્યો છું.

રાજગઢનાં પાછળના રસ્તેથી હાલ્યો જતો તો તયેં આ મધમીઠાં બોરાં ખાઈ પેટનો ખાડો પૂરવા મનસૂબો કર્યો અને બેચાર પથ્થરો ઝાંડ્યા. ત્યાં તો ઢગલો બોરાં પડ્યાં. બાપુ આ બધાં બોર લ્યો પાછાં.

એમ કહી પેલા માણસે ધોતિયાને છેડે બાંધેલી બોરની પોટલી છોડી અને રાજાની આગળ ધરી દીધી.

બધા દરબારીઓ આવાક બની ગયા. બધાના જીવ તાળવે ચોંટ્યા. હવે રાજા જરૂરથી આ માણસનું માથું ધડથી જુદું કરી દેશે.

સોપો પડી ગયો. બધાં રાજા શું કરે છે તે જાણવા જોવા અધીરા બન્યા.

થોડોક સમય પસાર થયો ત્યાં રાજાએ કપાળમાં જ્યાં પથ્થર વાગ્યો હતો ત્યાં હાથ મૂક્યો. હાથમાં થોડુંક લોહી ચોંટ્યું.

આંખ સામે એ હાથ રાખી ટગર ટગર જોયા કર્યું. પછી કહે...

સિપાઈઓ જાઓ બે પોશ ભરી સોનામહોર લઈ આવો.

સોનામ્હોર આવી. રાજાએ પેલા ગરીબ માણસને કહે

ભાઈલા લે, આ સોનામહોરો...

બધા દરબારીઓ નવાઈ પામ્યા.

આ માણસે રાજાને પથરો માર્યો છે. તેને રાજા સોનામહોરો આપે છે. કેવું વિચિત્ર !

ધીર ગંભીર અવાજે રાજાએ કહ્યું, 'ભઈલા ! તેં આ બોરડીને પથરા માર્યા તો તને બોરડીએ બોરાં આપ્યાં ને ? તારી ભૂખ સંતોષવા તેં આ પથરા મારેલાં ખરું ને ?

જો આ નાનકડું ઝાડવું પથરા મારનારને પણ ફળ (બોર) આપે છે. તો હું તો પંદરસો ગામનો ગામધણી. મને પથરો મારે તેને શી રીતે સજા કરું ? ભાઈલા લઈ લે આ સોનામહોરો ! મારા રાજ્યની પ્રજા આટલી બધી દુઃખી છે તેનું મને સાચું ભાન કરાવ્યું.

પેલો ગરીબ માણસ રાજાને પગે લાગી ચાલી નીકળ્યો.

બાળદોસ્તો !

આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત તો રાજાઓનો રાજા છે. તેણે આપણને શીખવ્યું કે, 'તારા ડાબા ગાલ ઉપર જો કોઈ તમાચો મારે તો બીજો જમણો ગાલ ધરજે.'

વેરીને... દુશ્મનને પણ પ્રેમ કરવાનું.

પ્રભુ ઈસુએ બીજાને માફી આપવાનું શીખવ્યું છે.



## ૧૫. મિડાસની કુંવરી

રેમ્સ નામની નદી ખળખળ વહેતી રહે છે. તેને કિનારે એક નગરી આવેલી છે. નગરીનો રાજા મિડાસ દયાળુ અને પ્રજા પ્રેમી. આ રાજાને એક દીકરી હતી. તે ડાહી ડમરી હતી. સોનેરીવાળ ભૂરી ભૂરી આંખો હસે ત્યારે જાણે ફૂલ વરસે. બોલે ત્યારે, જાણે રૂપાની ઘંટડી રણકે.

રાજાની દીકરી એટલે ખુબ લાડકોડથી ઉછરે, રાજકુંવરીને કંઈ ખોટ હોય નહિ પાણી માગે તો દૂધ મળે.

રાજા મિડાસને આ દિકરી જીવથી પણ વહાલી. રાજાના ખજાનામાં જાતજાતના હીરા માણેક, મોતીનો પાર નહીં. રાજા મિડાસે આ વહાલી દિકરી માટે એક સુંદર મોતીનો હાર બનાવ્યો. ઝગારા મારતા મોતીઓના હારથી રાજકુંવરીની ડોક શોભી ઊઠે છે. આ હારની મધ્યમાં એક અજોડ એવું કિંમતી મોતી હતું. આ મોતી રાજકુંવરીને ખૂબ ગમતું હતું. યુવાન થઈ, રાજાએ તેને પરણાવવા માટે લાયક એવા યુવાનની શોધ કરી. પણ ક્યાંય રાજકુમારીને લાયક એવો યુવાન મળ્યો નહીં. આ બાજુ રાજકુમારી હઠ લઈને બેઠી કે મારા ગળાના નવલખાહારમાં જે અજોડ મોતી છે તેવું જ બીજું અજોડ મોતી લાવી આપે તેની સાથે હું લગ્ન કરું, રાજા મિડાસે ઠેરઠેર ગામે ગામ ઢંઢેરો પિટાવી, રાજકુંવરીની આ વાત જાહેર કરી. મોટા મોટા નગરના રાજકુમારો અને નવયુવાનો ફૂલપરી જેવી આ રાજકુંવરીને પરણવાની ઘેલછામાં પડ્યા, બધાને મન મોટી સમસ્યા હતી

રાજકુમારીનાં હારના જેવું બીજું મોતી લાવવું ક્યાંથી ?

નગરીના છેવાડે રેમ્સ નદીના કિનારે એક નાનકડું ઝૂંપડું હતું. તેમાં એક માછીમાર કુટુંબ રહેતું હતું. કુટુંબમાં એક માછીમાંરને એક જુવાન દીકરો હતો. આ જુવાન માછીમાર યુવાન પાસે કોઈ હોડી કે માછલાં પકડવાની જાળ હતી નહિ. માછીમાર યુવાને વિચાર્યું રાજકુંવરીને પરણવાની શરત પૂરી શી રીતે કરવી, મહામૂલું મોતી મેળવવું શી રીતે ?

માછીમાર યુવાને વાત જાણી હતી કે દરિયામાં રહેતી કાલુમાછલીના પેટમાં મોતી પાકે છે. માછીમાર જુવાને મનમાં નક્કી કર્યું કે કાલુમાછલીને પકડવી, પણ કાલુ માછલી કેવી હોય તે પણ તે જાણતો ન હતો વળી તેની પાસે માછલાં પકડવાની હોડી કે જાળ પણ ન હતી. માછીમાર યુવાન આખી રાત જાગ્યો. રાજકુમારીને પરણવાના સ્વપ્નાં સેવવા લાગ્યો. સવારે ઊઠ્યો પોતાની ઝૂંપડીમાં એક વાંસનો ટોપલો હતો, માછીમાર જુવાને ટોપલો લીધો અને રેમ્સ નદીમાં કિનારે પહોંચી ગયો. ટોપલો લઈ નદીનું પાણી ઉલેચવા લાગ્યો. બસ એક જ આશા હતી કે ટોપલામાં કાલુમાછલી આવશે અને તેમાંથી તેને મોતી મળશે.

રાતદિવસ તેણે ટોપલાથી નદીનું પાણી ઉલેચવાનું કામ જારી રાખ્યું. દિવસોના દિવસો ગયા, મહિનાઓ પણ વીતવા લાગ્યા. લોકો આ જુવાન માછીમારની ઘેલછાને જોઈ હસવા લાગ્યા. સખ્ત મહેનત અને મનમાં મક્કમ નિર્ધાર કરી પોતાના કાર્યમાં એક લગનથી મચી રહ્યો.

થોડા મહિના પછી ટોપલામાં એક અજોડ માછલી આવી.

જુવાને આવી માછલી કદી જોઈ ન હતી. તે તો તે માછલી લઈ ઘેર ગયો. માછલીનું પેટ ચીર્યું તો તેમાંથી અમૂલ્ય એવું અજોડ મોતી નીકળ્યું. જુવાન તો મોતી લઈ દોડ્યો રાજમહેલે ગયો. રાજા મિડાસને મોતી બતાવ્યું. રાજકુમારીના સવા લાખ મોતીના હારની વચ્ચે આવેલા મોતી જેવું જ આ મોતી હતું. રાજકુમારી ખુશ ખુશ થઈ અને માછીમાર જુવાન સાથે પરણવા તૈયાર થઈ. રાજા મિડાસે ધામધૂમથી રાજકુમારીના એ જુવાન સાથે લગ્ન કરાવ્યાં. રાજકુમારી આવા મક્કમ મનના પોતાના ધૈર્ય માટે સતત પરિશ્રમ કરી વિજયી બનનાર યુવાન સાથે પરણી સુખી થઈ. રાજા મિડાસે પોતાનું રાજ તેને સોંપી દઈ પોતે વૃદ્ધ થતાં સાધુ બની રાજપાટ છોડી ચાલી નીકળ્યો.



## ૧૬. કીડીની કરામત

ગાઢું જંગલ હતું. અનેક જાતના ઝાડપાન-વેલા વેલિયોથી લચી પડેલું. જંગલમાં જાતજાતના પક્ષીઓ રહે. જાતજાતના પશુઓ રહે, નાનાં રહે, મોટાં રહે, એકલા રહે. ટોળામાં રહે, શાકાહારી રહે, અહિંસક રહે, માંસાહારી શિકારી રહે. જળચર રહે, સ્થળચર રહે, આકાશમાં ઊંચે ઊડનારા રહે, ખેચર રહે, ભૂચળ રહે, પાર વિનાના વિવિધતા ભર્યા પશુ-પક્ષીઓ, જીવજંતુઓ રહે.

જંગલની મધ્યમાં મોટું તળાવ હતું. તેના કિનારે વડલા, સમડા, પીપળા, વરખડાના ઝાડ આવ્યા હતાં. તળાવ તો ઝાડ-ઝાંખરાથી ઢંકાઈ ગયું હતું. તળાવના કિનારાની ધરતીમાં સૂકા કાદવવાળી જગ્યા હતી. ત્યાં ધરતીમાં ચીરા પડી ગયા હતા.

આ જગ્યામાં ઘણાં સસલાંઓએ બખોલો બનાવી હતી. સસલા ઘર કરી રહેતા હતા.

સવાર પડે એટલે સસલાંઓ તળાવ કિનારાથી દૂર દૂર જંગલમાં ઘાસ ચરવા ચાલ્યાં જાય. ઘાસચારો ચરી તાજા માજા થઈ તળાવકિનારે રહેઠાણે પાછા ફરે. તળાવનું ઠંડુઠંડુ પાણી પીએ. પ્રભુની ભક્તિ કરે. રાત પડતાં ઊંઘી જાય. આ રીતે સસલા સુખચેનથી, આનંદથી રહેતાં હતાં. સસલાં ભોળાં હતાં. કોઈને રંજાડતા નહિ. કોઈને દુઃખી કરતા નહિ. બધાં સંપીને રહેતાં હતાં. આનંદથી દિવસો પસાર કરતા હતા.

ભાઈ, સૌના દિવસો એક સરખા જતા નથી. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ. જીવનની ઘટમાળ તો ચાલ્યા કરતી

હોય છે ખેતરમાં તમે કૂવા ઉપર મૂકેલું રેંટનું ચક્ર જોયું હશે ! એ ચક્રના પલ્લા જે ખાલી હોય તે નીચે પાણીમાં જાય ભરાઈ જાય ઉપર આવે ખાલી થાય અને પાછાં નીચે જાય ભરાઈ જાય. જીવનમાં પણ એવું જ છે, ક્યારેક જીવન ભરેલું લાગે છે. ક્યારેક જીવનમાં ખાલીપણું લાગે. બિચારા સસલાં ઉપર આફત આવી પડી. જાણે આભ તૂટી પડ્યું. વાત એમ બની કે આ તળાવના કિનારે સવાર સાંજ હાથીઓ પાણી પીવા આવે. મદમસ્ત હાથીઓ પાણી પીવે તળાવમાં પડી સૂંઢમાં પાણી ભરી ફુવારાની જેમ ઉડાડે નાહે-ધોવે, આનંદમસ્તી કરે અને પાછા ગાઢ જંગલમાં આવેલા પોતાના રહેઠાણે ચાલ્યા જાય.

આ હાથીઓ જ્યારે પાણી પીવા આવે ત્યારે તેમના પગ નીચે ઘણા સસલા છુંદાઈ જાય, કચડાઈ જાય. મરી જાય. બિચારાં સસલા મદમસ્ત હાથીઓ સામે ક્યાંથી લડી શકે. એમનું ગજું પણ શું ?

એક પછી એક દિવસો ચાલ્યા જાય તેમ તેમ વધુ ને વધુ સસલાં મરતા જાય. ધીમેધીમે સસલાની આખી જમાત–ટોળી નાશ પામવા લાગી. બધા સસલા ચિંતા કરવા લાગ્યા. આ આફતમાંથી બચવાનો ઉપાય શોધવા લાગ્યા.

બપોરનો સમય હતો. બધાં સસલાં ભેગાં થયાં. સસલાની સભા ભરાઈ. એક સસલાને સભાનો પ્રમુખ બનાવ્યો. બીજા સસલાને મંત્રી બનાવ્યો. વાત આગળ ચાલી. પ્રમુખશ્રીએ સભાને સંબોધતા કહ્યું,

'મારાં વહાલાં સસલાંઓ, આપણે બધાં રૂપાળાં રૂવાંવાળાં નાના પ્રાણીઓ છીએ. તળાવના કિનારે શાંતિથી રહીએ છીએ. આપણે કોઈને મારતા નથી, ઝઘડતા નથી. શાંત બીકણ પ્રાણીઓ તરીકે જાણીતા છીએ, પરંતુ દોસ્તો, આજની દુનિયા વિચિત્ર થતી જાય છે. એક બીજા પ્રત્યે પ્રેમભાવ ઘટતો જાય

છે. વેરઝેર વધતાં જાય છે. નાના શાંત પ્રાણીઓને મોટા શક્તિશાળી પ્રાણીઓ રંજાડે છે. તેમના આનંદથી બીજા જીવજંતુ નાના પ્રાણીઓ હેરાન પરેશાન થાય છે તે સારુ થતું નથી. આપણા તળાવે હાથીઓ પાણી પીવા આવે છે. દોડાદોડ કરે છે અને આપણા બંધુઓ મરી જાય છે. આપણું નિકંદન જવા બેઠું છે. આ માટે આજની સભામાં ગંભીરતાથી વિચાર કરવો રહ્યો. હવે આ માટે તમારામાંથી ઘણા બુદ્ધિશાળી છે, તેઓ ઉપાયો સૂચવો.

આ પ્રસ્તાવ ઉપર હું ચર્ચા કરવા સૌને આમંત્રણ આપું છું.

એક પછી એક સસલાં ઊભા થયાં. સૌએ પોતપોતાના સૂચનો સૂચવવા માંડ્યા. એક ઘરડો સસલો ડગુમગુ કરતો આગળ આવ્યો.

તે કહે—વહાલા સસલાંઓ ! તમે તો મને ઓળખો છો. મેં ઘણાં સેવાનાં કામો કર્યા છે. હવે હું ઘરડો થયો છું, મને તો એક ઉપાય સૂઝે છે. આપણામાંથી કેટલાંક નજીકના ગામમાં જઈ મંદિરનું નગારું લઈ આવીએ. હાથીઓ આવે એટલે નગારું વાગે આપણે બધાં દૂરદૂર ભાગી જઈએ. પછીથી હાથીઓ ચાલ્યા જાય ત્યારે ફરીથી નગારું વગાડવામાં આવે અને આપણે પાછા બધાં ભેગાં થઈ પોતપોતાની બખોલમાં જઈએ.

બીજા સસલાએ કહ્યું—સસલા કાકા જે અનુભવી છે. તેમણે સારું કહ્યું છે પણ હાથીઓના ટોળા પાસે જઈ નગારું વગાડે કોણ ? અને નગારું વગાડીએ તે હાથીઓ ગેલમાં આવી વધુ તોફાન મસ્તી નહિ કરે ?

સસલાઓ આ વિચાર ઉપર ગુસપુસ કરવા લાગ્યા.

આખરે પ્રમુખશ્રીએ જાહેર કર્યું,

'સસલાકાકાનો વિચાર સારો છે, પણ બહુ વ્યવહારુ

લાગતો નથી.'

આમ ચર્ચા ચાલતી હતી. ત્યાં એક નાનકડું સસલું કૂદતું કૂદતું આગળ આવ્યું. બોલ્યું.

'તમે બધાં ખોટી ચિંતા કરો છો.

આ મુશ્કેલીનો ઉપાય હું કરીશ.

સસલાના મંત્રીશ્રી બોલ્યા, 'અરે ભઈલા, આ કંઈ નાના છોકરાના ખેલ નથી, તું તો નાનું ટચુકડું છે. હાથીઓ તો મોટા છે. તારી શી વિસાત !

ટચુકડું સસલું કહે—

ચિંતા છોડો, હું હાથીઓને કાયમને માટે હાંકી કાઢીશ.

પ્રમુખશ્રી કહે—ભાઈ પણ તું શું ઉપાય કરીશ એ તો કહે. ટચુકડું સસલું કહે, 'અમે નાના છીએ પણ રાઈના દાણા છીએ. અમે ઉપાય કહીએ તો ભેદભરમ ન રહે.'

એક સસલી બહુ રૂપાળી હતી તે ઠમકો કરી કહે, 'હા ભાઈ હા, તારો ભેદભરમ પાછો મોટો હશે ખરું ને !' સભામાં બધા સસલા હસી પડ્યા. ટચુકડા સસલાની મશ્કરી કરવા લાગ્યા. પરંતુ નાનકડું સસલું એમ હિંમત ગુમાવે તેવું ન હતું.

એક સમજુ સસલું આગળ આવ્યું તેણે કહ્યું, 'માનનીય પ્રમુખશ્રી,

મારી આપને દરખાસ્ત છે કે આ નાનકડા સસલાને આ કામ સોંપવામાં આવે તેને એક તક આપવામાં આવે.

બીજી એક સસલીએ દરખાસ્તને ટેકો આપ્યો.

પ્રમુખ મંત્રીશ્રીએ કહ્યું :

સભાજનો, હવે દરખાસ્ત આવી છે, ટેકો પણ છે. તો પ્રમુખશ્રીને વિનંતી કરું છું કે મત લેવામાં આવે. પ્રમુખશ્રીએ જાહેર કર્યું.

જે આ દરખાસ્તની તરફેણમાં હોય તે પોતાના બે કાન બરાબર ટટ્ટાર કરે. ઊંચા રાખે.

અને જે વિરુદ્ધમાં હોય તે બંને કાન નીચા કરી દે. મંત્રીશ્રીએ સમગ્ર સભામાં ફરી મત ગણી કહ્યું.

માનનીય પ્રમુખશ્રી કોઈનો વિરોધ નથી. દરખાસ્ત સર્વાનુમતે સ્વીકારવામાં આવે છે.

પ્રમુખશ્રીએ આગળ કહ્યું-પણ આ કામ એક જ અઠવાડિયામાં પુરું કરવાનું રહેશે. હવે એજન્ડામાં બીજી કોઈ બાબત ન હોવાથી આજની સભાની કાર્યવાહી પૂરી થયેલી જાહેર કરવામાં આવે છે.

સભા પૂરી થતાં બધાં સસલા નાનકડા સસલાની પીઠ થાબડતાં ચાલ્યાં ગયા.

બાળદોસ્તો, નાનકડા સસલાએ મોટા મોટા હાથીઓને કેવી રીતે મહાત કર્યા હશે...?

તમે વિચારજો... આવતા અંકે બીજો હપ્તો અચૂક વાંચજો...

## (ભાગ-૨)

નાનકડું સસલું સભામાંથી ઘેર આવ્યું. તેને હવે ચિંતા થવા લાગી. પોતે મોટા ઉપાડે હાથીઓને મહાત કરવાની જવાબદારી લીધી હતી, પણ કંઈ ઉપાય તો વિચારેલો નહિ. હવે કરવું શું?

સસલાએ વિચાર્યું હશે ! ઈશ્વર ભરોસે જે થાય તે ખરું !

રોજની જેમ તે તો નજીકમાં જ જંગલમાં ચરવા ગયું ! પણ ખાવા પીવાનું ભાવે નહિ.

શો ઉપાય કરવો... કંઈ સૂઝ પડે નહિ. સસલું તો વિચાર કર્યા જ કરે ! આમ કરું તેમ કરું ! પણ કંઈ ચોક્કસ યોજના ઘડાઈ નહિ. કોઈ યુક્તિ સૂઝે નહિ.

સસલું તો એક કાંટાળા ઝાંખરાવાળી જગ્યા—તેમાં બખોલ જેવું હતું તેમાં પેસી બેઠું.

બે પગ આગળ, તેની ઉપર દાઢી ટેકવી કાન ઊંચા રાખી આંખો બંધ કરી ઈશ્વરની સહાય માટે પ્રાર્થના કરવા લાગ્યું.

સસલું તો એક બે દિવસ આ જગ્યાએ એકાંતમાં આવે અને શાંત ચિત્તે ઈશ્વરની પ્રાર્થના કરે.

એક દિવસ સસલું પ્રાર્થના કરી રહ્યું અને જેવું બખોલમાંથી બહાર નીકળ્યું હતું ત્યાં કોઈનો ગેબી અવાજ આવ્યો.

'કેમ છો સસલાભાઈ, આમ દુઃખી કાં દેખાવ છો ? સસલું તો બખોલમાં આમ તેમ જોવા લાગ્યું કોઈ દેખાયું નહિ.

સસલું ગભરાયું ! પણ બીજી જ પળે હિંમત એકઠી કરી બોલ્યું : 'તમે કોણ છો ?'

ત્યાં અવાજ આવ્યો તમારી ડાબી બાજુ જુઓ, હું પાંખવાળી કીડીઓની રાણી છું !

સસલાએ જોયું તો ત્યાં પાંખોવાળી કીડીઓનું એક મોટું દર હતું, તેમાં વચ્ચે એક મોટી પાંખાળી કીડી હતી તે બોલતી હતી.

સસલાને નવાઈ લાગી. તેણે કહ્યું :

'રાણીજી, તમને લાખ લાખ વંદન હજો !'

સસલાભાઈ બોલો તમારા દુઃખની વાત કરો...

રાણીજી દુઃખ તો મોટું છે, પણ તમે થોડા અમારું દુઃખ દૂર કરી શકશો !

રાણીજી કહે સસલાભાઈ વિશ્વાસ રાખો. વાત તો કરો અમારાથી બનશે તેટલી મદદ કરીશું.

આમ તો અમે નાનકડા જંતુ ગણાઈયે પણ અમારું સંખ્યાબળ મોટું છે. અમારી કોમ બહુ સંપીલી છે. અમે મહેનતુ છીએ એકતામાં. ભાઈચારામાં માનીએ છીએ. લડતા ઝઘડતા નથી, કામ નાનું હોય કે મોટું એકી અવાજે અમે કામ કરવા

તૂટી પડીએ છીએ,. મરી જઈએ પણ કામ તો પુરુ કરીએ જ.

સસલુ કહે,

'રાણીજી અમે તળાવ કિનારે રહીએ છીએ. ત્યાં હાથીઓનો એક રાજા તેનું ટોળું લઈ પાણી પીવા આવે છે. તોફાન મસ્તી કરતા હાથીઓના પગ નીચે અમારા ઘણા સસલા મરી જાય છે. અમે બધાં દુઃખી છીએ. તળાવ કિનારે પાણી પીવા આવતા આ હાથીઓને બંધ કરવા છે. તેનો ઉપાય જડતો નથી. શું કરવું ? તેની સમજ પડતી નથી.'

રાણીજી બોલ્યા :.

'ઓ હો... આટલું નાનું દુઃખ છે તેની ચિંતા કર્યા કરો છો !'

અમે તમારું દુઃખ દૂર કરીશું.

તળાવથી નજીકમાં જ આ પાંખાળી કીડીઓનો રાફડો હતો.

રાણીજી કહે સસલાભાઈ તમારે એક કામ કરવાનું છે. જ્યારે હાથીઓનો રાજા આવે ત્યારે અમને કહેવા આવજો. અમે આવી જઈશું.

બીજે દિવસે હાથીઓ જેવા પાણી પીવા આવ્યા કે સસલું તો પાંખાળી કીડીઓની રાણી પાસે ગયું અને જાણ કરી.

એટલામાં પાંખાળી કીડીઓના ઘણાં રાફડા હતા. પાંખાળી કીડીઓની રાણીએ અગાઉથી બધી યોજના વિચારી લીધી. વ્યુહ ઘડાયો.

જેવા સમાચાર મળ્યા કે બધી પાંખાળી કીડીઓ રાણીજીની આગેવાની નીચે તળાવ કિનારે ઊડતી ઊડતી આવી ગઈ.

હાથીઓના ટોળા ઉપર જબરજસ્ત પાંખાળી કીડીઓનો એકાએક હુમલો થયો.

પાંખાળી કીડીઓ તો ઊડતી ઊડતી કોઈ હાથીની સૂંઢમાં

પેસી જાય અને ચટકા ભરે. કોઈ લાગ જોઈ કાનમાં પેસી જાય અને ચટકા ભરે. કોઈ આંખમાં ભરાઈ જઈ  ચટકા ભરે.

જાણે આખું આકાશ પાંખાળી કીડીઓથી છવાઈ ગયું.

હાથીઓ તો ઘણીએ સૂંઢ હલાવે, કાન ફફડાવે, પણ પાંખાળી કીડીઓ તો એટલી બધી વીંટળાઈ વળેલી કે કોઈ ન પૂછો વાત. હાથીઓ કરે પણ શું ?

પાંખાળી કીડીઓના એકાએક થયેલા હુમલાથી હાથીઓ તો પરેશાન પરેશાન થઈ ગયા. કીડીઓ તો સૂંઢમાં-નાકમાં, કાનમાં, આંખમાં પેસી જઈ ચટકા ભરવા લાગી.

પાંખાળી કીડીઓનો મોટો હુમલો થયો. હાથીઓ નાસી ગયા.

હાથીઓ ત્રાસી ગયાં.

અને તળાવ કિનારેથી જાય નાઠા... જાય નાઠા...

પછી તો હાથીઓ તળાવ કિનારે પાણી પીવા આવવાનું ખો ભૂલી ગયા.

નાનકડું સસલું, પાંખાળી કીડીઓની રાણીના રાફડે જઈ ખુબ આભાર માનવા લાગ્યું.

સસલાની જમાતે આ આખી ઘટના જાણી એટલે બધા સસલા ખુશ ખુશ થઈ ગયા.

વળી પાછી સસલાની સભા ભરાઈ અને તેમાં પેલા નાનકડા સસલાનું બહુમાન કરવામાં આવ્યું. તે વખતે નાનકડા સસલાંએ સભાને સંબોધતાં કહ્યું,

'મિત્રો, મેં આમાં કશું જ કર્યું નથી. મેં તો માત્ર સહાય માગતી ઈશ્વરની પ્રાર્થના કરી હતી. ઈશ્વરે આપણું દુઃખ દૂર કરવા યોજના ઘડી.

પાંખાળી કીડીઓની રાણીજી અને તેમના રાફડાની કીડીઓને પ્રેરણા આપી અને હાથી જેવા હાથીઓ પણ મહાત થઈ ગયા.

# ૧૭. માનો દીકરો

'દીકરા કેમ થાકી ગયો ?'

'હા મા આજે શેઠે બહુ કામ સોંપ્યું હતું.'

નાનકડાં ગામમાં વૃદ્ધ મા અને તેનો દીકરો રહેતાં હતાં. મા સતત માંદી રહે. કશું કામ કરી શકે નહિ. દીકરો ધનાઢ્ય શેઠને ત્યાં નોકર તરીકે કામ કરે. શેઠ જે કંઈ પગાર આપે તેમાં મા-દીકરાનું ગુજરાન થાય.

'દીકરા તું નોકરી ઉપર જાય છે એટલે બહુ એકલવાયું લાગે છે.' તારા ગયા પછી મને જરા પણ ગમતું નથી. ચેન પડતું નથી.

દીકરો કહે, 'મા, નોકરી ઉપર ન જાઉં તો ખાઈએ શું ? તું તારે જા ! આ તો જરા વાત કરું છું.

'બેટા દિલ ખોલી તારી આગળ જ વાત કરું ને ! મારે કોની આગળ વાત કરવી ! તારા બાપુજી હતા ત્યારે તો તેમને કહેતી. અમે બંને સુખ-દુઃખની વાતો કરતા જિંદગી કાઢી. પણ તેમના મૃત્યુ પછી હવે તારો જ એક માત્ર સહારો છે.'

'મા, મા ! આપણે બંને એકબીજાના સહારે જીવીએ છીએ અને જીવીશું !'

થોડા દિવસો પસાર થઈ ગયા ત્યાં વૃદ્ધ મા ગંભીર માંદગીમાં સપડાઈ ગયાં, પથારીવશ બન્યા.

દીકરો રસોઈ બનાવી માને જમાડે, ઘરનું બધું જ કામકાજ કરે અને નોકરી કરે.

માની માંદગી વધતી ગઈ.

દીકરાએ ડૉકટરને બોલાવી બધા ઈલાજ કરાવ્યા.

પરંતુ માની માંદગી તો વધતી જ ચાલી. દીકરાએ ડૉકટરને પૂછ્યું, 'સાહેબ મારી મા સાજા થશે ને ! ડૉકટરે કહ્યું જરૂર થશે. તમારી માને એકલવાયું લાગે છે તેથી માનસિક રીતે વધુ દુઃખી થાય છે.'

દીકરાએ ખૂબ વિચાર્યું.

માની માંદગી દૂર કરવી હોય તો મારે નોકરી છોડી ઘરમાં જ રહેવું પડે પણ તે તો શક્ય ન હતું. દીકરો રાતદિવસ વિચાર કરે. મા માટે શું કરવું ? દિવસો એક પછી એક પસાર થતા ગયા.

માની ઉદાસીનતા વધતી ગઈ અને માંદગી પણ વધતી ચાલી. આ બાજુ દીકરો પણ માને જોઈ દુઃખી થતો હતો.

એક દિવસ દીકરો નોકરી ઉપરથી ઘરે આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એક સોદાગર પાંજરામાં એક સુંદર રંગબેરંગી બોલકો પોપટ લઈ ઊભો હતો. દીકરાને ઉપાય જડી ગયો. તે શેઠને ઘરે પાછો ગયો અને શેઠને કહ્યું–

શેઠજી ! મને ઉછીના પૈસા આપો.

શેઠજી બોલ્યા કેમ ? તારે પૈસાની શી જરૂર છે ? પેલા દીકરાએ બધી વાત કરી શેઠે ખુશી થઈ પૈસા આપ્યા.

દીકરાએ પૈસામાંથી પેલો કિંમત બોલતો પોપટ ખરીદી લીધો. ઘરે આવી પાંજરું માના બિછાના નજીક બાંધ્યું. દીકરો નોકરીએ જવા લાગ્યો. બોલકા પોપટથી માનું એકલવાયું દૂર થશે અને મા હવે સાજી થઈ જશે. દીકરો મનોમન વિચાર કરી આનંદ કરવા લાગ્યો.

બોલકા પોપટથી માની ઉદાસીનતા ઓછી થઈ. મા ધીમે ધીમે સાજા થતાં ગયાં પરંતુ થોડા દિવસ પછી વળી પાછી માની બિમારી વધી.

દીકરાએ માને પૂછ્યું, કેમ મા, આ પોપટ શું તને નથી ગમતો ? તેનું બોલવું સારું લાગતું નથી ?

માએ કહ્યું, 'દીકરા ! આ પોપટ તો વારંવાર એકનું એક રટણ કરે છે. કંટાળી જવાય છે. મગજ દુ:ખી જાય છે. આ પોપટને દૂર કર !

દીકરાએ માની ખુશી માટે પાંજરાનું બારણું ખોલી નાંખ્યું. પોપટ મુક્ત થયો.

પોપટ તો દૂર દૂર ઊડી ગયો.

ખાલી પાંજરું લટકતું રહ્યું. માએ જોયું કે મારી ખુશી માટે દીકરાએ કિંમતી પોપટને પણ મારાથી દૂર કર્યો.

દીકરાનું વર્તન જોઈ મા રાજી થયાં. મારી ઉદાસીનતા, મારું દુ:ખ દૂર કરવા દીકરો શું શું કરે છે. દીકરાનું આ વલણ જોઈ મા ધીમે ધીમે સાજાં થયાં મા-દીકરો સુખેથી જીવવા લાગ્યા.

બાળમિત્રો !

આ નાનકડી વાર્તા દ્વારા તમે શું શીખ્યા ? તમારા માબાપ તમારા વર્તનથી શું દુ:ખી છે ?

તમે કોઈ કુટેવમાં ફસાયેલા હો—અને તે જોઈ તમારા માબાપ દુ:ખી હોય તો શું કરશો ?

ઘણા બાળમિત્રો મસાલા ગુટખા ખાય ને કોઈક મા-બાપને દેખતાં - તો કોઈ માબાપથી છાનામાના. કોઈ બીજા નાના મોટા વ્યસનોથી સપડાયેલા હોય છે. તે જોઈ માબાપ દુ:ખી થાય છે.

આવાં પાનમસાલાના ગુટખાને લીધે તેમનાં દાંત સડી જાય છે અને કેન્સરનો ભયંકર રોગ લાગુ પડે છે.

દોસ્તો ! જો તમે આવી કોઈ કેફી વસ્તુઓ, ડ્રગ્સ ખાતા-પીતા હોય, તો પ્રભુને ખાતર છોડી દેજો. તમારા માબાપને તમારા વર્તનથી દુ:ખ થાય તેવું કશું જ કરશો નહિ.

## ૧૮. રત્નો રબારી અને ઊંટ

રત્નો રબારી ઘેટાં બકરાં ચારે, તેનાં ઝોકમાં ઊંટ પણ ખરાં. સવાર પડે અને એ ઝોક લઈ સીમમાં નીકળી જાય. દિવસ આખો ઘેટાં બકરાં ચરાવે. સાંજ પડે સૂરજ આથમે તે પહેલાં કૂબે પાછો ફરે. આ હતો રત્નાનો દૈનિક ક્રમ.

એક સાંજે રત્નો ઘેટાં બકરાં લઈ ઘરે આવ્યો. ઘેટાં બકરાંને વાડામાં પૂર્યા અને ઊંટોને તેમના ખીલે બાંધવા ગ્યો. એક પછી એક ઊંટ ખીલે બાંધવા લાગ્યો. ચાર ઊંટ તો ખીલે બંધાયા પણ પાંચમું ઊંટ હજી ઊભું જ હતું.

'એ હાંભરો...છો ! જરા દોરી લાવજો, આ એક ઊંટ બાંધવું બાકી રહ્યું છે રત્નાની પત્નીએ ખોરડામાં રહ્યા રહ્યા જ મોટા ઘાંટે કહ્યું...

'દોરી જ ક્યાં છે ?' ઊંટને બેસાડવા રત્નો પ્રયત્ન કરવા લાગ્યો પણ કેમે કર્યું ઊંટ બેસે નહિ.

રત્નાના ઘરડા બાપા પરસાળમાં ખાટલામાં બેઠા હતા. તે આ તમાશો જોયા કરતા હતા.

'અલ્યા ભઈલા, ઈમ ઊંટ નો બેહે !'

એને ખીલે બાંધવાનો ખોટો ખોટો તમાશો (અભિનય) કર રત્નાએ અભિનય કર્યો. ઊંટના ગળે જાણે ગાળો નાખતો હોય તેમ હાથ ફેરવ્યો અને જાણે દોરડી ખેંચી ઊંટને ખીલે બાંધતો હોય તેવો તમાશો કર્યો. ઊંટ તો તુરત જ

બેસી ગયું.

રાત્રિ હેમખેમ પસાર થઈ.

સવાર થયું.

રતુમડું આકાશ, ઊડતા પક્ષીઓનો કલરવ, ઠંડો મધુર પવન.

ઘેટાં બકરાંએ બેં... બેં... કરી મૂક્યું. ઊંટો ભાંભરવા લાગ્યા.

વાડાની ઝાંલી ખોલી એ સાથે બહાર નીકળવા અધીરા બનેલા ઘેટાબકરાં ધક્કા મુક્કી કરતા રસ્તે પડ્યા.

રત્નો ખીલે બંધાયેલા ઊંટને એક પછી એક છોડવા લાગ્યો. જે ઊંટ છૂટે તે રસ્તે પડે. એક પછી એક ચાર ઊંટ તો ચાલી નીકળ્યા. પરંતુ પાંચમું ઊંટ બેસી જ રહ્યું. રત્નાએ ઊંટને ડચકાર્યું.... ઊંટ ઊઠ્યું નહિ.

એક-બે પરોણા (પાતળ લાકડી) ઝાપટ્યા ઊંટ કેમે કર્યું ઊઠે નહિ.

અલ્યા રત્ના, એ ઊંટ નહિ ઊઠે એને નાહકનો મારીશ નહિ. જેમ બાંધવાનો તમાશો કર્યો હતો તેમ છોડવાનો તમાશો કર. સાંજે જેમ બાંધ્યું હતું તેમ છોડતો હોય તેવું કર.

રત્નાએ સાંજે જે અભિનય કર્યો હતો તેનાથી ઊંધો અભિનય કર્યો.

ઊંટ એકદમ ઊભું થયું. ચાલતું થયું. ઝોકમાં ભળી ગયું.

રત્નો તેના ઘરડા બાપ સામે જોઈ હસી પડ્યો. ખભે વસી મૂકી ડાંગ લઈ ચાલતો થયો, તે પણ ઝોક ભેગો થયો.

# ૧૯. શિવાજી અને સાવરણી

વાર્તા ઘણાં વર્ષો પહેલાંની છે. બહુ જૂની. એક હતો રાજા... નામ તેનું શિવાજી... તમે ઈતિહાસમાં આ નામ વાંચ્યું પણ હશે. તેમના પિતાનું નામ સંભાજી... દાદા કોંડેવે તેમને શિક્ષણ આપેલું... પશ્ચિમઘાટ અને પૂર્વઘાટના ડુંગરો-પહાડોની ગિરિમાળા વચ્ચેના પ્રદેશમાં આ મરાઠા રાજવીની હાંક વાગે. રાજા ખુબ ધાર્મિક અને પ્રજાવત્સલ આ શિવાજીને લોકોએ ઉપનામ આપેલું. ડુંગરનો ઉંદર... કારણ શત્રુઓથી તે પકડાય નહિ. મુસ્લિમ બાદશાહો આ શક્તિશાળી રાજાને મહાત કરી શકે નહિ. કારણ મરાઠાવાડની ભૂમિના ડુંગરોમાં એ ક્યાંય સંતાઈ જાય અને બાદશાહના લશ્કર ઉપર હુમલા કરે. જીત મેળવે. આમ શિવાજી બાહોશ. મરાઠી શાસનનો આ રાજવી એક પછી એક ઉત્તરના રાજ્યો જીતતો જાય અને મુસ્લિમ બાદશાહને નમાવતો જાય... શિવાજીએ ઉત્તરમાં હાક વગાડી... અને પછી વિચાર્યું દક્ષિણ ભારતના નાનામોટા રાજ્યો જીતવાં અને એક વિશાળ મરાઠા સલ્તનત ઊભી કરવી.

રાજાએ સેનાપતિને બોલાવ્યા. શૂરવીર યોદ્ધાઓને તેડાવ્યા, વાત કરી. મનસૂબો કર્યો. નિર્ધાર કરી લશ્કરને આગેકૂચ કરવાના હુકમો અપાયા. શિવાજી એક પછી એક દક્ષિણ ભારતના રાજ્યો જીતવા લાગ્યા. પોતાના શિવનેરીના કિલ્લાથી ઘણે દૂર ચાલ્યા ગયા.

શિવાજીએ દક્ષિણ ભારતનો રળિયામણો પ્રદેશ જોયો.

સાથો સાથ ભવ્ય મંદિરો જોયાં અને તેણે વિચાર્યું. લશ્કરને આગેકૂચ કરવા દેવી અને પોતે થોડાક સાથીઓ સાથે મંદિરોની મુલાકાત લેવી. આમ વિચારી હૂકમો થયા. વણથંભી લશ્કરની આગેકૂચ ચાલુ રહી. પરંતુ રાજાવિહોણું લશ્કર... સિપાઈઓ ભાન ભૂલી લૂંટફાટ કરવા લાગ્યું... પ્રજાને રંજાડવા લાગ્યું... સામાન્ય ગરીબ પ્રજાજનો ઉપર કાળો કેર વર્તાવતું આગળ વધતું ચાલ્યું, પાછળ રાજા આવે. લશ્કર આગળ જાય, આમ રાજાના રસાલાથી લશ્કર ઘણે દૂર નીકળી ગયું. વાત એમ બની કે રાજા; લશ્કર અને પોતાના રસાલાથી છૂટો પડ્યો. રાજા ખુદ રસ્તો ભૂલ્યો, અટવાતો કુટાતો રાજા ઘોડેસ્વાર બની ચાલ્યો જતો હતો. લાંબી મુસાફરીથી થાકેલો હતો. એટલે કે સામાન્ય પ્રજાજન જેવો બની ગયો. રાજા ખુબ ભૂખ્યો તરસ્યો થયો ત્યાં દૂર ખેતરમાં રાજાએ ઝુંપડી જોઈ હાશ... કંઈક... ખાવાપીવા મળશે... રાજાનો જીવ તો તાળવે ચોંટી ગયેલો... ઝુંપડી જોઈ કંઈક શાંતિ વળી. રાજા પહોંચ્યા ઝુંપડીએ... ત્યાં શું જોયું ?

એક વૃદ્ધ ડોશીમા, લાકડીના ટેકે ટેકે બહાર આવ્યા. કપાળ ઉપર હાથની છાજલી કરતાં પૂછવા લાગ્યા, 'હાં બેટા ! શું જોઈએ છે ? અહીં મારી પાસે તો હવે કશું રહ્યું નથી. થોડા દિવસો પહેલાં જ અહીં લશ્કરના સિપાઈઓ આવ્યા હતા. આ ખેતીવાડી ઉજ્જડ કરી ગયા. ઘરમાં ભાંગફોડ કરી ગયા. શું થાય બેટા ! મારી પાસે તને આપવા જેવું કંઈ છે જ નહિ. પણ થોભ... બેસ બેટા બેસ... મારા આંગણેથી હું તને ભૂખ્યો તો નહિ જવા દઉં.

એમ બોલી ડોશીમાએ કોઠીઓ સાફ કરી. થોડી ઘણી

બાજરી કાઢી. દળી અને રોટલા કરી પેલા આંગણે આવેલા મુસાફરને જમાડ્યો. તેની આગતા-સ્વાગતાથી મુસાફર-રાજવી ખુશ થયો. ત્યારબાદ શિવાજી તો ઝડપથી રસાલા સાથે થઈ ગયા. સિપાઈઓ-લશ્કરના સેનાપતિઓને પાછા ફરવા હુકમો અપાયા. બધું લશ્કર શિવનેરીના કિલ્લામાં વિજયી બની પાછું ફર્યું. શિવાજીએ મોટો ઉત્સવ મનાવ્યો. પરંતુ દોસ્તો તેણે પેલી ગરીબ ડોશી... કે જેને ઘરે એક ટંક રોટલો ખાધો હતો. તેને યાદ કરી પોતાના રાજદરબારમાં એ ડોશીમાને માનભેર લઈ આવવા સિપાઈઓને મોકલ્યા. સિપાઈઓએ ઝુંપડી શોધી કાઢી. શિવાજીએ આપેલાં કિંમતી વસ્ત્રો, દાગીના, જરજવેરાત બધી સોગાત આપી અને રાજાનું આમંત્રણ પણ આપ્યું. ગરીબ ડોશીમાને હવે ખ્યાલ થયો કે પેલો મુસાફર તો ખુદ શિવાજી રાજા હતો... તેને નવાઈ લાગી. બારણે આવેલા એક ભૂખ્યા માણસને પ્રેમથી જમાડ્યો. તેની સાથે બે ઘડી દુઃખસુખની વાત કરી... અહા... મેં એક રાજા સાથે વાતકરી... મેં એક રાજાને જમાડ્યો... ડોશી તો ખુશખુશાલ... પણ ડોશીમાએ રાજદરબારમાં તો જવાની ના પાડી પણ આવા મોટા રાજવીને પોતાના તરફથી શું ભેટ આપવી ?... મૂંઝવણનો પાર નહિ...! છેવટે ડોશીમાએ ખૂણામાં પડેલી એક સાવરણી જોઈ. ડોશીમાએ તે લીધી અને સિપાઈઓને કહ્યું કે લો શિવાજીને મારા તરફથી આ ભેટ આપજો.

સિપાઈઓ તો અચંબો પામ્યા. આટલા મોટા વૈભવી રાજવીને આ સાવરણી ભેટ આપવાની આ વાત ડોશીમા કરે છે તો ડોશી ગાંડી તો નથી બનીને ! સિપાઈઓએ તેને

સમજાવી. પણ ડોશીમાએ કહ્યું, તમે લઈ જાવ... રાજાને જઈ જરૂરથી આપજો. ન છૂટકે સિપાઈઓ ડોશીની ભેટ લઈ રાજદરબારમાં પાછા ફર્યા.

· દરબાર ભરાયો છે. ઉત્સવની ઘેલછામાં સૌ આનંદવિભોર છે. ત્યાં સિપાઈઓએ આવી શિવાજી આગળ પેલી ભેટ... સાવરણી રજુ કરી... દરબારીઓ... અમીર... ઉમરાવો-સેનાપતિઓ... ચોંકી ઊઠ્યા.

ભરદરબારમાં સોપો પડી ગયો. આવડા મોટા રાજવીનું અપમાન... એક ડોશી કરે... કેમ પાલવે... શિવાજી મહારાજ... હમણાં જ હુકમ કરશે...ડોશીનું માથું વાઢી અહીં દરબારમાં હાજર કરો...

આખો દરબાર સ્તબ્ધ છે. નિરવ શાંતિ છવાઈ છે. કોઈ હાલતું ચાલતું નથી જાણે પથ્થરની પૂતળીઓ ગોઠવાઈ ગઈ છે. ત્યાં તો છત્રપતિનો ઈલ્કાબ ધારણ કરેલો શિવાજી મહારાજા, સિંહાસન ઉપરથી ઊભો થયો. ધીમે પગલે... ગંભીર વદને... થાળ તાસકમાં સાવરણી લઈ ઊભેલા સિપાઈ પાસે ગયા અને જઈ સાવરણીને ખુબ પ્રેમભાવથી બે હાથમાં લીધી. શિર ઝુકાવી સાવરણીને અનેરા ભાવથી ચૂમી લઈ. સ્વીકારી સિંહાસને આવી બેઠા. છત્રપતિ શિવાજીના ખોળામાં તલવારની સાથે સાવરણી પણ હતી.

શિવાજીએ કહ્યું, દોસ્તો... આ સાવરણી એ તો મહાન સંકેત છે... ડોશીમાનો ઉપદેશ કે શિખામણ છે... 'હે રાજા ! આ સાવરણી જેમ ઘરના ખૂણે ખાંચરેથી કચરો કાઢી નાખે છે. ઘરને સ્વચ્છ રાખે છે. તેમ તું પણ તારા મનમાં જો કંઈ મલીન

વિચારો આવે તો કાઢી નાખજે. તારામાં રહેલા દોષો, અવગુણોને જાણી પિછાણી દૂર કરજો.' બધા રાજદરબારીઓ આ સાંભળી ખુશ થયા... છત્રપતિ શિવાજીએ ડોશીમાને રાજ્ય તરફથી મોટો શિરપાવ આપી જમીનજાગીર આપેલી.

બાલદોસ્તો ! વાર્તા ગમી ને ! એક મુસાફર... આંગણે આવ્યો... ડોશીમાએ તેને ભાવથી જમાડ્યો. આજે તે સામાન્ય મુસાફર પાછળથી રાજા તરીકે જાહેર થયો. ડોશીમા માલામાલ થઈ ગયાં.

મિત્રો ! પ્રભુ ઈસુ પવિત્રશાસ્ત્રમાં કહે છે.

હું ભૂખ્યો હતો.. તો શું તમે મને જમાડ્યો ?

હું તરસ્યો હતો તમે મને પાણી પીવડાવ્યું ?

તમારા બારણે આવી મેં બારણું ઠોક્યું...

શું તમે બારણું ખોલી અંદર આવવા કહ્યું ?

વિચારો...

એક સામાન્ય મુસાફરને માટે ડોશીએ બારણું ખોલ્યું. મુસાફર...રાજા નીકળ્યો... ડોશીમા... શું પામ્યા ?

તમારા આંગણે તો રાજાઓનો રાજા પૃથ્વીનો સૃજનાર પ્રેરક પોષક આવી ઊભો છે તમારા હૈયાનાં દ્વાર શું બંધ છે ? તમે તેને અંદર આવવાને આમંત્રણ નહીં આપો.

***તારા દિલનું દ્વાર જો ઈસુ ખટખટાવે...***

***ખોલ દરવાજો... આવવા માંહે ચાહે...***

અને હાં પેલી સાવરણી...

આજે તમારે પણ તેની જરૂર છે. તમારામાં કેટલા દોષો અવગુણો પડ્યા છે. વિચારી જુઓ... એ બધાને દૂર કરી


તમારા શરીરને... મનને શુદ્ધ કરો... કારણ કે જુઓ પવિત્રશાસ્ત્ર કહે છે કે...

'તમે દેવનું મંદિર છો. અને તમારામાં દેવનો આત્મા વસે છે. એ શું તમે જાણતા નથી ? જો કોઈ દેવના મંદિરનો નાશ કરે, તો દેવ, તેનો નાશ કરશે. કેમકે દેવનું મંદિર પવિત્ર છે. અને તે (મંદિર) તમે છો. (કોરીંથીઓને પહેલો પત્ર : ૩)

મિત્રો, કેવા અદ્‌ભુત વચનો... શું આપણે દારૂ પીએ છીએ? સિગારેટ પીએ છીએ ? કોઈ કેફી પીણાં પીએ છીએ...? અને આ પવિત્ર શરીર દેવના મંદિરને ભ્રષ્ટ કરીએ છીએ ખરા ?...

વિચારો... આપણા મનમાં શું ઈર્ષાના ભાવ પેદા થાય છે ? ક્રોધ... ગુસ્સો જન્મે છે ? કોઈને હેરાન પરેશાન કરી જાતે સુખી થવાની ઈચ્છા થાય છે ?... આ બધું મંદિરમાં થાય ખરું ? 'કારણ દેવનું મંદિર તો પવિત્ર છે' તમે તેને ભ્રષ્ટ કરો છો...

તમારી નબળાઈઓ કુટેવો... દુર્ગુણો જાણો અને દૂર કરો... કારણ કે 'તમે દેવનું મંદિર છો. તમે પાપથી દૂર રહો....



## ૨૦. મદારી અને વાંદરો

અલ્યાં છોકરાં રે,
આવ્યો મદારી ચોકમાં,
ડમક ડમક ડમરું વાગે,
છમક છમક ઝાંઝર વાગે,
મોરલી વાગે નાગ નાચે,
આવ્યો મદારી ચોકમાં

માથે પાઘડું બાંધેલું હોય, ખભે લાકડીએ બાંધેલી એક ઝોળી બરડા ઉપર લટકતી હોય, અડધુ તૂટેલું અંગરખું થીંગડા એટલા બધા કે અસલ કાપડ તો દેખાય જ નહીં. અને કેડિયું પહેરેલું હોય, મોંમાંની મોરલીના સૂર દૂર દૂર સુધી નીકળી ગામ આખાના ભટુરિયાંને ભેગા કરે તે મદારી.

ચોકમાં આવી ખેલ કરે,

ઓ બાપ રે ! ઓ...માડી... અને મોંઢામાં મોટો પથરો બતાવી બોલે. ઓ... આયો પાછો ગળી જાય. કોઈ લાડૂ સૂંઘે અને પાછો કાઢી.. મોઢામાંથી બહાર ફેંકે.

દોસ્તો અનેક હાથચાલાકીના ખેલ ખેલવી બતાવતો આ મદારી નવાઈનું પાત્ર છે. તમને મારે એવા એક મદારીની વાત કરવી છે.

એક મદારીએ વાંદરો પાળેલો. વાંદરા પાસે જાતભાતના ખેલ કરાવે. બંને સાથે રહે અને પેટિયું રળે. એક ગામથી બીજે ગામ ફરતાં ફરે. જિંદગી જીવે.

એક દિવસની વાત છે. મદારી પેલા વાંદરાને ખભે બેસાડી

એક ગામથી બીજે ગામ જઈ રહ્યો હતો. તે જતો હતો એ રસ્તો ઘણો વિકટ. ઝાડી-ઝાંખરાવાળો જંગલ પ્રદેશ હતો. સવારથી તેઓ નીકળેલા હતા. રસ્તે ચાલતા ચાલતા બંને થાકી ગયા. સાંજ પડવા આવી હવે શું કરે !

મદારીએ વાંદરાને કહ્યું, 'દોસ્ત ઝમકુડા. હવે આગળ વધી શકાશે નહિ. આપણે આખી રાત આ ઝાડ ઉપર વિસામો કરવો પડશે. ચાલ ત્યારે થોડું ઘણું જે કંઈ બટકું રોટલો છે તે આપણે ખાઈ લઈએ.

મદારીએ ઝોળીમાંતી બાજરીનો રોટલો, મરચું અને એકાદ ડુંગળીનો ગાંઠિયો કાઢી ખાવાનું શરૂ કર્યું.

પેલા સાથી વાંદરા ઝમકુડાંને પણ ખાવા રોટલો આપ્યો. પાસે નદી હતી. બંનેએ નદીમાં જઈ પાણી પીધું. હવે ઠીક ઠીક અંધારું થવા લાગ્યું હતું. સૂર્ય અસ્તાચળ તરફ જઈ રહ્યો હતો. ડૂબવાની તૈયારીમાં હતો ત્યાં તો મદારી પેલા વાંદરાને લઈને ઉપર ચઢી ગયો. એક સલામત જગ્યાએ એ બેઠો. વાંદરો પણ ઝાડની ડાળી ઉપર બેઠો. બંને મિત્રો શાંત બેઠા હતા. અંધારું વધતું ગયું. હવે તો ઘૂવડ અને ચીબરિયોના અવાજો આવવા લાગ્યા. દૂર દૂરથી શિયાળવાં પણ બોલવા લાગ્યાં. તમરાંઓના કર્કશ અવાજથી જંગલની શાંતિ વધારે ભયજનક બનવા લાગી. પાંદડું પડે તો પણ બીક લાગે એવું વાતાવરણ સર્જાયું. મદારીએ કહ્યું, 'હે વાંદરા-ઝમકુડાં આ રાત કેવી બિહામણી લાગે છે.

વાંદરો કહે : 'અમે તો પશુઓ કહેવાઈએ. અમને તો ન જ લાગે ને ! પણ સાચું કહો તો મદારી ભાઈ મને પણ હવે તો ખુબ બીક લાગે છે, કહું શાથી ?'

'અરે ! ભઈલા. એમાં પૂંછવાનું શું... તું તારે કહી નાખ ને !'

'મને તો એક ખરાબ દુર્ગંધ આવે છે, જાણે કોઈ મોટું હિંસક પ્રાણી આ તરફ આવતું હોય તેવું લાગે છે.'

મદારી કહે, 'જો ઝમકુડા. આપણે એક કામ કરીએ. આખી રાત આપણે જાગીએ તે કરતાં આપણે બંને વારાફરતી જાગીએ તો કેવું સારું !

ઝમકુડો વાંદરો કહે, 'સારું મદારી, પ્રથમ અડધી રાત્રિ મારે જાગવાનું અને પછીની અડધી રાત્રિ સવાર થાય ત્યાં સુધીની, તમારે જાગવાનું છે. કબૂલ !

'અલ્યા ઝમકુડાં... તું બહુ ડાહ્યો છું ! હોં... તેં તો મારા 'મનની જ વાત કરી. પણ અલ્યા આ ઝાડની ડાળીએથી જો નીચે ગયા તો તો આવી જ બન્યું.'

લે ત્યારે, તું જાગજે. હું તો આ ઊંઘું છું. એમ કહી મદારી તો ઝાડની બે ડાળી ભેગી થતી હતી તેવી જગ્યાએ જઈ ચડી ઊંઘવાનું શરૂ કર્યું.

મદારી તો થાકથી ઘસઘસાટ ઊંઘી ગયો. ઝમકુડો વાંદરો જાગતો રહ્યો.

થોડીવાર થઈ ત્યાં તો એક ઘરડો સિંહ ધીમેધીમે ચાલતો ચાલતો ઝાડ નીચે આવી બેઠો.

રાત્રિમાં ક્યારેક ચમકતા આગિયાઓના પ્રકાશમાં ઝમકુડાએ પેલા ઘરડા સિંહને જોઈ ભયભીત થયો. એકાએક સિંહની નજર પેલા ઝાડ ઉપર ગઈ. જોયું... તો ઉપર એક વાંદરો અને માણસ બંને ઊંઘતા હતા. સિંહના મોંમાં પાણી આવ્યું. બે શિકાર જોઈ તેની જીભ લબકારા મારવા લાગી. સિંહ તો ઘણા દિવસથી ભૂખ્યો હતો. ઘડપણને લીધે તે કંઈ શિકાર કરી શકતો નહિ. તેથી આ બંને જીવ જોઈ રાજીનો રેડ થયો. શામ-દામ-દંડ ભેદ ગમે તેમ કરી આ શિકાર મેળવવાનો તેણે મનસૂબો કર્યો.

તેણે વાંદરાને કહ્યું, 'કેમ છો, વાંદરાભાઈ. કુશળ તો ખરાને !' ઘરે છૈયા છોરાં સારાં છે !

સિંહની આવી મધુર વાણી સાંભળી વાંદરો તો ખુશ થયો.

વાંદરો કહે, 'સિંહદાદા, હાં બધાં મજામાં છે ! આપની તબિયત કેમ છે ? કંઈ તકલીફ હોય તેવું લાગે છે.

સિંહ કહે - 'વાંદરાભાઈ હવે તો ભાઈ ઉંમર થઈ એટલે એવું જ ને ! બહુ ખવાય પણ નહિ,

જે કંઈ શિકાર હાથવગો લાગે તે ખાઈ ચલાવી લેવું. વાંદરાભાઈએ કહ્યું - 'વાહ તે તો બહુ સારું કહેવાય !' સિંહ કહે - 'વાંદરાભાઈ, શું થાય હમણાં તો એક મહિનાથી ભૂખ્યો છું. શું કરું ક્યાંય દૂર દૂર જવાતું નથી. 'વાંદરાભાઈ, એક કામ કરો ? તમે જાણો છો આ માણસોનો બહુ ભરોસો નહિ, તમને ક્યારે દગો કરે તે કહેવાય નહિ. તમારે અને મદારીને હમણાં સારા સંબંધ છે તેટલે તમને સાચવે છે. મારી જેમ ઘરડા થશો ત્યારે આ મદારી તમને કાઢી મૂકશે. તમે દુઃખી દુઃખી થઈ જશો. મારી પાસે ઘણું ઝવેરાત છે હું તમને આપી દઉં. આ મદારીને મને શિકાર તરીકે આપી દો, હું તમારો આભાર માનીશ.

વાંદરો કહે - 'સિંહ દાદા એ શું બોલ્યા. જેનું અન્ન ખાઈએ તેનું હરામ ન કરીએ.

મદારીએ મારું શું બગાડ્યું છે ?

સિંહ - સારું ભાઈ તમારી ઈચ્છા.

આમ વાતચીત કરી સિંહ જરા આડે પડખે થયો. બરાબર મધરાત થઈ ત્યારે વાંદરાએ મદારીને ઊઠાડી કહ્યું. મદારી જાગો, હવે જાગવાનો તમારો અને ઊંઘવાનો મારો વારો આવ્યો છે.

મદારી તો જાગ્યો.

વાંદરો કહે, 'મદારીભાઈ સાચવજો નીચે સિંહ સૂતો છે.

વાંદરો તો મદારીને ચેતવીને ઊંઘી ગયો. થોડીવારમાં તો વાંદરો ઘસઘસાટ ઊંઘી ગયો. વાંદરો ઘસઘસાટ ઊંઘે છે તે જોઈ સિંહે મદારીને ફોસલાવી પોતાનો સ્વાર્થ પૂરો કરવા કોશિશ કરી. સિંહ કહે - 'કેમ છો મદારીભાઈ, તમે તો ભારે દયાળુ છો હોં ! વાહ રે વાહ ! આ તમે જાગો છો અને પેલો બુઢિયો ઊંઘે છે. અરે માણસ જેવા માણસ થઈ એક પશુ-વાંદરાની આમ સેવા કરો છો !

અરે... રે... 'આ તે કેવો જમાનો આવ્યો છે !'

મદારી, જુઓ હું તો ઘરડો છું, અશક્ત છું. છતાંય આવું તો ન જ ચલાવી લઉં.

તમે એક કામ કરો. આ વાંદરાને મને સોંપી દો, હું તેને સાચવીશ. તમે ઊંઘી જાઓ.

મદારી કહે, અરે સિંહ તમે તેનો શિકાર કરી જાઓ તો. સિંહ કહે, એ શું બોલ્યા, હું તો હવે પહેલાંના જેવો શિકારી નથી રહ્યો. સુધરી ગયો છું. મેં માંસ છોડી દીધો છે. જો તમને એમ જ લાગતું હોય તો તમે મને વાંદરો સાચવવા આપી જાઓ પછી મારી પાસે ઘણાં જરઝવેરાત છે તે બધા હું તમને આપીશ.

બહુ જ ઠાવકાઈથી સિંહે મદારીને ભોળવી કામ કઢાવી લેવા તરકીબ કાઢી.

પરંતુ મદારી ભોળવાય તેવો ન હતો તેણે કહ્યું, જુઓ સિંહ તમે ગમે તોય હિંસક પશુ છો. ક્યારેક શું કરી બેસો તે કહેવાય નહિ. હું ઊંઘતા વાંદરાને લઈ નીચે આવું તો તો મારું પણ આવી જ બને ને !'

મારે તમારા જરઝવેરાત જોઈતા નથી. આ વાંદરો તો

મારી સાથે સાથે રોજ ખેલ કરી લોકોને ખુશ કરે છે, જે કંઈ દાણોપાણી મળે છે તેમાંથી મારું અને તેનું બંનેનું પેટ ભરાય છે. મારે વાંદરાને સોંપી, એક મિત્રનો દ્રોહ કરી પાપ કરવું નથી સમજ્યા !

સિંહ સમજી ગયો કે મારા વ્હાલા બંને ઉસ્તાદ છે. કોઈ છેતરાય તેવા નથી.

સિંહ નિરાશ થઈ સૂતો ત્યાં તો સખત સુસવાટા મારતો ઠંડો પવન વાવા લાગ્યો. ઝાકળ પડવા લાગ્યું. ઘરડો સિંહ ઘણા દિવસથી ભૂખ્યો. આવું વાવાઝોડું, આખરે સિંહ ત્યાં જ મરી ગયો.

સૂર્યના ઝાંખા કિરણો ઝાડો-ઝાંખરાને વીંધી વાંદરા અને મદારીને જાણે કહેતા હતાં ઊઠો જાગો રાત ગઈ છે. સવાર થયું છે. અંધારું ગયું અજવાળું થયું.

બંને મિત્રો જાગ્યા. એકબીજાને કુશળતા કરી. રાત્રે બનેલી સઘળી વાત કરી. બંને રાજી થયા. પરીક્ષણમાંથી પાર ઊતર્યા. ઈશ્વરનો આભાર માનતાં પ્રાર્થના કરી અને નીચે ઊતરી મરેલા સિંહ તરફ એક નજર નાખી ચાલવા જતાં હતાં ત્યાં સામેથી એક શિયાળ આવ્યું. શિયાળ બંનેને જોઈ મલકાયું અને બોલ્યું,

'શાબાશ, તમારી મિત્રતાને ! તમે સંબંધો સાચવી જાણો છો... સુખી થશો.'

બાળમિત્રો ! વાર્તા ગમી કેમ ખરું ને ?

પવિત્રશાસ્ત્રનું આ વાક્ય યાદ રાખો.

'છેવટે (હું કહું છું) પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. શેતાની કુયુક્તિઓની સામે દઢ રહી શકો માટે દેવનાં સર્વ હથિયારો સજો. એફેસીઓને પત્ર ૬:૧૦-૧૦

## ૨૧. રૂપાળાં પીંછા

નાનકડો ભાઈલો, નાનકડી બહેન,

ભાઈનું નામ નિશાંત અને બહેનનું નામ નિર્મળા. નિર્મળા અને નિશાંત બંને રૂપાળાં બાળ સહુને ગમે તેવાં. જ્યાં રહે તે ફળિયામાં મહોલ્લામાં દોડી દોડી સૌનું કામ કરે. ડાહ્યા ને કહ્યાગરા ભાઈ-બહેન. જે બાળકો બીજાને ઉપયોગી બને તે સહુને ગમે. નિર્મળા-નિશાંત સૌના વ્હાલા બાળ બન્યા. આ બંને ભાઈ-બહેનને એક જ વાતનું દુઃખ હતું. તેમની માતા નાનપણમાં જ મૃત્યુ પામ્યાં તેથી પિતા ઉછેરી મોટા કરે.

પિતા સવારે વહેલા ઊઠે. રસોઈ બનાવે. ભાથું બાંધી ખેતરમાં મહેનત મજુરી કરવા ચાલ્યાં જાય. આ નાના બાળકો પાંચ વર્ષનો નિશાંત અને નવ-દસ વર્પની નાનકડી નિર્મળા ઘરે રહે. બંને ભાઈબહેન શાળાએ જાય, ખૂબ સારી રીતે ભણે. નાનકડી નિર્મળા ગરીબ પિતાને ઘરના કામકાજમાં મદદરૂપ બને. ઘરમાં ત્રણ માણસોનું નાનકડું કુટુંબ—ખૂબ સુખી.

નિશાંત અને નિર્મળા જે ફળિયામાં રહેતાં હતાં તે ફળિયામાં એક મોર અને એક ઢેલ રહે. ફળિયામાં પાંચ-સાત લીમડાના ઝાડ અને આ ઝાડ ઉપર મોર-ઢેલ રાત વાસો કરે. દિવસ આખો ફળિયામાં અહીં તહીં ફર્યા કરે અને ચણ ચણ્યા કરે. નિશાંત અને નિર્મળા આ મોર-ઢેલને ખૂબ વ્હાલ કરે. શાળાએથી છૂટીને ઘરે આવે કે તરત બંને ભાઈબહેન મોર-ઢેલને બોલાવે. ચણ નાખે, પાણી પાય. આ પંખીનું જોડું પણ બંને ભાઈબહેનથી

હેવાયું થયું હતું. એકમેક વગર ચાલે નહિ. સવાર પડે, સાંજ પડે, મોર-ઢેલ નિશાંત-નિર્મળાના આંગણામાં જ આવી ઊભા રહે. બંને ભાઈબહેન તેમને દાણા-પાણી નીરે. આમ એક પછી એક દિવસો વહી ગયા.

મિત્રો, જીવનમાં બધા દિવસો એક સરખા જતા નથી. ક્યારેક સુખ મળે—ક્યારેક દુઃખ પણ આવે. હવે બન્યું એવું કે નાનકડો નિશાંત માંદો પડ્યો. હાલતો ચાલતો આ છોકરો. તેનો લાલ ટામેટા જેવો ચહેરો ધીમે ધીમે પીળો ફિક્કો થતો ગયો. અને રતુમડી આંખો પીળી બની.

દાકતર સાહેબે કહ્યું : નિશાંતને કમળો થયો છે.

નિશાંતના પિતા-મુસાભાઈ દુઃખી થયા. વિધુર મુસાભાઈ ચિંતા કરવા લાગ્યા. દીકરાને હવે શું થશે ? પોતે મહેનત મજુરીએ જશે કે દીકરાની સેવાચાકરી કરશે ? પણ તેઓ હિંમત હાર્યા નહિ. તેમને બાઈબલનું વાક્ય યાદ આવ્યું.

'જગતમાં તમારે દુઃખ છે, સંકટ છે પરંતુ બિહો મા. કેમ કે જગતને મેં જીત્યું છે.' તેમને ઈશ્વરમાં ખુબ શ્રદ્ધા હતી. તેઓ રાતદિવસ પ્રાર્થના કરવા લાગ્યા. નાનકડી નિર્મળા પણ પિતાની પડખે આવી ઊભી. ઘરનું નાનું મોટું કામ કરે જાય. પિતાને કહી દીધું, 'બાપુજી ચિંતા કરશો નહિ. હું છું ને ! તમે તમારે કામે જાવ. ભાઈલોને હું સાચવીશ. નિયમિત તેને દવા આપતી રહીશ.'

દાકતર સાહેબે કહ્યું : 'મુસાભાઈ, સાચવજો ! આપણા આખા ગામમાં કમળાનો રોગચાળો ફાટી નીકળ્યો છે. જુઓ તમે નિશાંતને પથારીમાંથી ઊઠવા દેશો નહિ. સંપૂર્ણ આરામ કરાવશો. તળેલું-તીખું ખવડાવશો નહિ. ઉકાળેલું

પાણી જ પીવડાવજો અને નિયમિત દવા પીવડાવશો તો રોગ કાબૂમાં આવી જશે.

નિર્મળા અને મુસાભાઈ નિશાંતની બરાબર સારવાર કરવા લાગ્યા. નાનકડી નિર્મળા રસોડામાં કામ કરતી જાય. પરંતુ પથારીમાં પડેલા પોતાના ભાઈલા નિશાંત સાથે વાતો કરતી જાય. તેની સંભાળ લેતી જાય.

'જો ભાઈ નિશાંત, ગયા રવિવારે સન્ડે સ્કૂલમાં બહેને શી વાત કરી હતી. તને ખબર છે ! હા, બહેને લાજરસની અને તેની બહેનની વાત કરી હતી. બહેને લાજરસની સેવાચાકરી કરી. પ્રાર્થના સહીત, તો પ્રભુ ઈસુ દોડી આવ્યા અને છેલ્લે મરણ પથારીમાંથી પણ લાજરસને ઊગાર્યો. ભાઈ મારી પ્રાર્થના વડે તું સાજો થઈશ. જો બાપુજી પણ રોજ સવાર-સાંજ કૌટુંબિક પ્રાર્થનામાં શું માગે છે ? તું પણ પથારીમાં સમય મળે પ્રાર્થનામાં લાગુ રહે, સૌ સારાં વાના થશે.

આમ, ભાઈબહેન વાતો કરતાં હતાં ત્યાં મુસાભાઈ ઘરમાં આવ્યા. તેમનો ચહેરો સુકાયેલો હતો. કપાળ ઉપરથી પરસેવો ટપકતો હતો. કંઈ નિરાશા જેવું લાગતું હતું. નિર્મળાએ પિતાને પૂછ્યું :

'કેમ બાપુજી, આજે કામ પરથી વહેલા આવ્યા ?'

'કંઈ મુંઝવણમાં લાગો છો !'

મુસાભાઈએ કહ્યું–દીકરી. મુંઝવણ તો શી હોય ! દાકતર સાહેબ પાસે ગયો હતો. તેમણે દવાઓ લખી આપી છે. ભાઈ માટે લાવવી પડશે.

નિર્મળા કહે, 'તેમાં મુંઝાવશો શું કામ. શું પૈસા નથી ?'

મુસાભાઈ કહે, ના, મજુરીના જે કંઈ પૈસા આવ્યા તે તો

વપરાઈ ગયા. શેઠ પાસે ગયો હતો તો તેમણે પણ થોડા દિવસ પછી આપવા કહ્યું છે. હવે દવા.તો લાવવી જ પડશેને !

ભોળી નિર્મળા કહે - બાપુજી, હું પ્રાર્થના કરીશ, ભાઈલો મારો પ્રાર્થના કરશે. ઈસુબાપ જરૂર બધું આપશે. કહ્યું છે ને કે, 'માગો ને મળશે, શોધો ને જડશે.'

આમ વાતો કરતાં હતાં ત્યાં આંગણામાં પેલા મોર અને ઢેલ ચણ ચણતા હતા. તેઓ પણ ધ્યાનથી મુસાભાઈની કહાની સાંભળતા હતા. તે સાંભળી.

મોરે ઢેલને કહ્યું– ઢેલડી સાંભળો છો ને !

આ મુસાભાઈ બિચારા કેવી મુશ્કેલીમાં મુકાયા છે. ઢેલડી કહે, 'હા, મોરલા મને તો મુસાભાઈની ખુબ દયા આવે છે. બિચારા પ્રભુના પૂરા ભક્ત છે.' ઈશ્વરમાં તેમને અખૂટ શ્રદ્ધા છે !

ઢેલડી - 'આપણે મુસાભાઈનું ખુબ ચણ ખાધું પીધું છે, તેમણે આપણને ખુબ સાચવ્યા-સાંભળ્યા છે. અનેક ઉપકારો કર્યાં છે.

આવા ખાસ સમયે આપણે તેમને મદદ કરવી જોઈએ.

ઢેલડી કહે : 'શું કરીશું... આપણે રહ્યાં પંખીડાં ન કોઈ પાઈ પૈસો આપણી પાસે હોય... મોર કહે ચિંતા કરીશ નહિ. ઢેલડી ઈશ્વરે આપણને ઘણું બધું આપ્યું છે. તેની કૃપા તો અનેકવિધ હોય છે. જો મારાં આ રૂપકડાં પીંછા છે ને તે આમ વાતો કરતાં કરતાં મોર-ઢેલ ચાલ્યાં ગયાં. દિવસ આથમવા લાગ્યો. રાત પડી સૌ મુસાભાઈ-નિર્મળા-નિશાંત ચિંતામાં ને ચિંતામાં સૂઈ ગયા. આ બાજુ મોર-ઢેલ પણ લીમડા ડાળે ચડી સૂઈ ગયા.

સવાર થયું, ગોળ-ગોળ રતુમડો સૂરજ આખાય ફળિયાને અજવાળી રહ્યો છે. મંદમંદ પવન વાઈ રહ્યો છે. મુસાભાઈએ જ્યાં બારણું ખોલ્યું ત્યાં તો તેમણે પરસાળમાં મોરનાં પીંછાનો ઢગલો જોયો. મુસાભાઈ બોલી ઊઠ્યા-જો જો નિર્મળા આ શું ? આટલા બધાં પીંછા નિર્મળાએ એકઠા કર્યા. પિતા કહે કેમ... તો કહે તમે સાંજે મને કહેજો ને ? નિર્મળાએ એ પીંછાને સરખા ગોઠવ્યાં. અને તેમાંથી ત્રણ પંખા બનાવી દીધાં.

બપોર થતાં તો તેણે પિતાને પીંછાનાં પંખા આપતા કહ્યું. બાપુજી આ પંખા બજારમાં વેચી આવજો. જે પૈસા મળે તેમાંથી દવા લઈ આવજો.

મુસાભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેઓ સુંદર કલાત્મક પંખા લઈ બાજુના શહેરમાં ગયા. હવે બન્યું એવુ કે, મુસાભાઈ પેલા પંખા લઈ ઊભા હતા. તેટલામાં આ શહેરમાં એક પરદેશી ગોરા લોકનું એક ગ્રુપ ફરવા આવ્યું હતું. તેમાં બેત્રાણ બાનુઓ-સ્ત્રીઓ પણ હતી. તેમણે આ કલાત્મક પંખા જોયાં. રાજીના રેડ થઈ ગયાં અને મુસાભાઈએ જે કિંમત કહી તે કરતાં વધુ કિંમત આપી ખરીદી લીધાં. મુસાભાઈ તેમાંથી જોઈતી દવા લઈ ઘરે ગયા. નિર્મળાના હાથમાં હોંશથી દવા અને વધેલા પૈસા મૂકતાં મુસાભાઈ બોલ્યા.

'લે નિર્મળા બેટા, તું સાચું કહેતી હતી કે આપણો દ યહોવા જીવંત દેવ છે. તે આપણી અરજો-ગરજો પૂરી પાડે છે !

પણ નિર્મળા શાંત હતી. તે કંઈ ખાસ ઉત્સાહમાં ન હતી.

મુસાભાઈએ કહ્યું, 'બેટા કેમ આમ બરાબર બોલતી-ચાલતી નથી.'

નિર્મળાની આંખમાં એક-બે આંસુના ટીપાં બાઝયાં હતા.

પથારીમાં પડેલો નિશાંત પણ ડૂસકાં ભરતો હતો.

મુસાભાઈ કહે, 'અલ્યા તમે બે ભાઈબહેન ઝઘડ્યા છો કે શું ?'

નિર્મળા કહે : 'બાપુજીને વળગી પડી. ધ્રુસકે ધ્રુસકે રડી...

તેણે કહ્યું, 'બાપુજી... મારા મોર...ઢેલડા...જોયાં...જાઓ પેલાં લીમડાની નીચે તેમના મરેલાં શરીર પડ્યાં છે...'

મુસાભાઈની કથની સાંભળી વહેલી સવારે મોરે મુસાભાઈના આંગણામાં જેટલાં ખેરવાયાં તેટલાં પીંછા ખેરવ્યાં પરંતુ બાકી રહેલાં પીંછા તેણે ઢેલ પાસે ચાંચથી એક પછી એક ખેંચી લેવડાવ્યાં. શરીરમાં અપાર વેદના થઈ. એક પછી એક પીંછા ઢેલ ખેંચતી રહી. મોરના શરીરમાંથી લોહીની ટશો ફૂટતી ગઈ. વહેલી પરોઢિયે આ પંખીડાંઓ કાર્ય કરતાં રહ્યાં. ખુબ લોહી વહી જવાથી પીંછા ખેરવી મોર-ઢેલડી ચાલી મુસાભાઈના ઘરથી થોડે દૂર આવેલા લીમડાના થડમાં ગયાં. મોર મૃત્યુ પામ્યો.

મોર વિના ઢેલ ન રહી શકી.

તેણે લીમડાનાં થડીઆમાં માથું પછાડી-પછાડી પોતાનો જીવ આપ્યો હતો. આ કથની નિર્મળાના મુખે સાંભળી મુસાભાઈ પણ ધ્રુસકે ધ્રુસકે રડી ગયાં.

એક નાનકડા દોસ્તને જીવાડવા આ પંખીની બેલડીએ પોતાના જીવ આપ્યાં. એક કુટુંબે બીજા કુટુંબને માટે જીવ આપ્યો. બાળદોસ્તો !

## ૨૨. તળાવમાં ડૂબી મર

એક હતો ખેડૂત. ખેડૂત બહુ ગરીબ. તેને એક દીકરો. દીકરો ખૂબ લાડકો. માબાપ મહેનત મજૂરી કરી ગુજરાન ચલાવે. દીકરાનું ભરણપોષણ કરે. પણ આ દીકરો નામે ટપુડો કંઈ ભણે ગણે નહિ. માબાપ શાળાએ મોકલે તો ઘરેથી શાળાએ જવા નીકળે પરંતુ ગામના પાદરમાં તળાવ, અને તળાવની પાળે વડલાના ઝાડ અને ત્યાં એક ચોતરો. ટપુડો બસ પેલા ચોતરે જઈ બેસી રહે. તેના જેવા બીજા રખડુ છોકરાઓ જોડે હરે ફરે અને સમય વિતાવે.

ટપુડાના માબાપે આ બધું જાણ્યું ત્યારે તેમને બહુ દુઃખ થયું. એક દિવસ સાંજના સમયે ટપુડો ઘરે આવ્યો. ખેડૂત પિતા પણ ઘરે આવ્યા. માએ ખેડૂત પિતાને વાત કરી.

'તમે આ દીકરાને કંઈ શિખામણ આપતા નથી, કશું કહેતા નથી.'

આ ટપુડો આમ ક્યાં સુધી રેઢો-રખડતો ફરશે.

મહેનત કરી આવેલા ખેડૂત પિતાને ખૂબ ગુસ્સો ચઢ્યો. તેમણે તો ટપુડાને મારવા લીધો. ટપુડાને કહી દીધું, જા હવે આ ઘરમાંથી બહાર ચાલ્યો જા. ફરી પાછો આવતો નહીં. જા, જઈને 'તળાવમાં ડૂબી મર.' ટપુડો પણ જોશમાં આવ્યો. જે પિતા કદી લઢે વઢે નહિ તે આટલું બધું બોલી જાય. બસ, હવે હું ઘરમાં આવું જ નહિ.

ટપુડો કહે લો આ ચાલ્યો, હવે તો તમારા ઘરમાં પગ પણ

મૂકું નહિ.

ટપુડો તો ગયો પેલા તળાવના કિનારે. ચોતરે જઈ બેઠો. ધ્રુસકે ધ્રુસકે રડતો હતો. તેણે વિચાર્યું, પિતાએ કહ્યું હતું કે, 'જા તળાવમાં જઈ ડૂબી મર ! તો લાવ હવે તો ડૂબી જ મરવા દે. ટપુડાએ શર્ટ કાઢી કિનારે મૂક્યું અને વડલાની ડાળીએ ચઢી ભૂસકો માર્યો તળાવમાં ડૂબી મરવા જ. આ જ સમયે ત્યાં કેટલાક માણસો તળાવમાંથી શીંગોડાં કાઢતા હતા. તેમણે આ જોયું. પેલા ટપુડાને પાણીમાં ડૂબતો જોયો. તરતા તરતા ત્યાં આવ્યા. ટપુડાને બહાર કાઢ્યો અને તેને કહ્યું, 'અલ્યા મૂર્ખા, શું કામ ડૂબી મરે છે ?

ટપુડાએ બધી વાત કરી. હવે આ શીંગોડા કાઢનાર લોકો તેઓ તળાવમાંથી માછલાં પણ પકડતાં હતાં, અને વેચતા હતાં. તળાવમાંથી માછલા શીંગોડા કાઢી વેચે અને ગુજરાન ચલાવે.

ટપુડાને તેમણે શિખામણ આપી અને કહ્યું તું ચાલ અમારી જોડે કામે લાગી જા. તેઓ ટપુડાને લઈ તેના પિતાને મળ્યા. સમજાવ્યા. ટપુડાને પિતાએ વહાલથી પાછો ઘરમાં બોલાવી લીધો પણ ટપુડો તો બીજા દિવસથી તળાવે ગયો અને તળાવમાં ડૂબકી મારી માછલાં શીંગોડા કાઢનારાઓની સાથે કામે લાગી ગયો. નિયમિત તે કામે જાય. પેલા મિત્રોની સાથે રહી તળાવમાંથી માછલાં કાઢે. શીંગોડાં કાઢે વેચે અને જે કંઈ આવક થાય તે પિતાને આપે.

ખેડૂત પિતા પણ હવે ટપુડા ઉપર ખુશ રહેવા લાગ્યો. કારણ દીકરો હવે કમાવા લાગ્યો હતો.

આમ દિવસો વિતતા ગયા સમય તો પાણીની જેમ વહ્યા કરે. સૂર્ય ઊગે અને આથમે. ફરી પાછો ઊગે. ચક્ર ચાલ્યા કરે.

ટપુડો તળાવમાંથી માછલાં કાઢતો હતો. હવે તેને બરાબર આ કામમાં-ધંધામાં ફાવટ આવી હતી.

ટપુડો એક દિવસ માછલાં કાઢવા તળાવના મધ્ય ભાગમાં ગયો. ડૂબકી મારી. જાળ પાથરી, થોડીવાર પછી જાળ ખેંચી જાળ તેને વજનદાર લાગી. તેને થયું કે આ વખતે જાળમાં વધુ માછલાં આવ્યા હશે. તેણે જોર કરી જાળ ખેંચી અને કિનારે લઈ આવ્યો તો તેની નવાઈનો પાર ન રહ્યો.

જોયું તો માછલીના બદલે એક નાનકડો ચરુ જાળમાં ભરાઈ આવ્યો હતો. ટપુડો તો ચરુ લઈ સીધો ઘરે ગયો. ગરીબ ખેડૂત માતાપિતાને બધી વાત કરી. ચરુ ખોલી જોયું તો તેમાં કિંમતી સોનાનાં ઘરેણાં હતાં. ખેડૂત પિતા અને દીકરાએ મળી તેને વેચી દીધાં. ખૂબ સારાં પૈસા આવ્યા.

હવે ટપુડાએ માછલાં પકડવાનો ધંધો છોડી વહેપાર શરૂ કર્યો. સારું કમાયો. જતે દિવસે ટપુડો ટપુડામાંથી દીપચંદ શેઠ બન્યો. કુટુંબકબીલાવાળો દીપચંદ શેઠ આજે પણ કહે છે કે મારા પિતાએ ભલે મને ગુસ્સામાં કહ્યું હતુ કે, ‘જા તળાવમાં જઈ ડૂબી મર ! અને ગુસ્સામાં ને ગુસ્સામાં હું ડૂબી મરવા પણ ગયો પણ મારા ભોળા-ભક્તિભાવવાળા અભણ પિતાના એ શબ્દોએ મને આજે આ દીપચંદ શેઠ બનાવ્યો છે.

## ૨૩. 'ભમરીનો ડંખ...'

એક વૃદ્ધ પુરુષ છે. સંત પુરુષ છે. ખાદીની પોતડી પહેરેલી છે. શરીરના ઉપરના ભાગે એક માત્ર ઓઢેલું છે. ઘડપણ હોવાને લીધે ચહેરા ઉપર કરચલીઓ પડી છે પરંતુ આ વૃદ્ધ તો જુવાનને પણ શરમાવે તેવું વ્યક્તિત્વ ધરાવે છે. લોકો તેમને સાબરમતીના સંત કહે છે. સાબરમતી નદી તીરે જ તેમનો આશ્રમ છે.

સવારનો પહોર છે. સફેદ ખાદીનાં ગાદી-તકિયા ઉપર આ સંતપુરુષ બેઠા છે. સામે ઢળતું મેજ છે. મેજ ઉપર શાહીનો ખડિયો, કલમ છે. ત્રણ વાંદરાંનું એક રમકડું પણ મેજ ઉપર છે. આ ત્રણ વાંદરા બોલતા નથી, ચાલતા નથી પણ સરસ મજાની શીખ આપે છે. એક વાંદરો મુખ ઢાંકી કહે છે

બૂરું બોલવું નહિ.

બીજો વાંદરો કાન ઢાંકી કહે છે

બૂરું સાંભળવું નહિ.

ત્રીજો વાંદરો આંખ ઢાંકી કહે છે

બૂરું જોવું નહિ.

સંતની સામે પાંચેક અંતેવાસીઓ બેઠા બેઠા વાતચીત કરી રહ્યા છે. ત્યાં એક ભમરી (મધમાખી) ઊડતી ઊડતી આવી. ગૂં...ગૂં...ગૂં... કરતી ભમરી આમ તેમ ઘૂમવા લાગી અને સંતના ગાલ ઉપર બેઠી. થોડીવાર ગાલ ઉપર બેસી રહી. પછી પાછી ઊડી ગૂં...ગૂં...ગૂં... કરતી ચોતરફ ઊડવા લાગી.

પછી ભમરી તો સંતના હાથના અંગૂઠા ઉપર બેઠી. ભમરી ત્યાં સ્થિર બેસી રહી. સમય વધતો ચાલ્યો. ભમરી તો ઊડે નહિ. સંત તો કંઈ પણ હલનચલન કરે નહિ. સ્થિર જ બેઠેલા રહે છે અને પૂર્ણ શાંતિથી અંતેવાસીઓ સાથે વાતચીત કરે છે. સારો એવો સમય પસાર થઈ ચૂક્યો. સામે બેઠેલા એક અંતેવાસી ભાઈ આ ભમરીને જોયા કરે. વાતચીતમાં ભંગ થાય તેથી તે ભાઈ કાંઈ જ બોલે નહિ. ઊંચા નીચા થયા કરે. તેમના મનમાં થાય કે આ ભમરી હમણાં આ સંતને કરડશે તો...? છેવટે તેમની ધીરજ ખૂટી તે ભાઈ કહે, 'બાપુ ! પેલી ભમરી કરડશે, ઉડાડી મૂકોને !'

બાપુએ તુરત જ પેલા અંતેવાસી સામે સ્થિર નજર કરી, સહેજ મલકાતાં કહ્યું, 'ભાઈ ! હું જાણું છું. પણ એને ત્યાં બેસી રહેવા દે ને ! એ મને ડંખ તો મારતી નથી ને ?

'અત્યારે હું એને છંછેડું તો તે મને ડંખ મારે. જો હું છંછેડું નહિ તો ડંખ મારે ખરી ?'

'હું તેને છંછેડું નહિ અને એ ડંખ મારે નહિ. થોડીવારમાં તે ઊડી જશે.

અને બન્યું પણ તેવું જ. ભમરી ડંખ માર્યા સિવાય ઊડી ગઈ.

સંતની સ્વસ્થતા, શાંતિથી સહુ પ્રભાવિત થયાં. સંતના અંગૂઠા ઉપર બેસી પેલી ભમરીએ પ્રાણીમાત્ર ઉપર પ્રેમભાવ રાખવાનું સદ્‌ભાવનાનું અમૃત પીધું હશે અને જ્યારે તૃપ્ત થઈ હશે ત્યારે ઊડી ગઈ હશે. એ સંતનું નામ લખવાની જરૂર ખરી ?

## ૨૪. દોસ્તી કે દુશ્મની ?

ખળ ખળ વહેતી નદી, બારેમાસ પાણીથી ભરપૂર રહે. નદી કિનારે પાર વિનાના વૃક્ષો. લીલોતરીથી ભરપૂર નદીનો કિનારો. નિર્મળ, મીઠાં, મધુરાં, જળ; ઠંડો ઠંડો પવન, કિનારે ઝાડ-પાન, વેલા-વેલી ડોલી ઊઠે.

કિનારે એક પીપળનું ઝાડ. તેના થડિયામાં દર. તેમાં એક વીંછી રહે અને નદીના જળમાં એક મગર રહે. મગર ક્યારેક ક્યારેક જમીન ઉપર આવે. કિનારે બેસે. દરમાંથી વીંછી પણ બહાર નીકળે તે પણ કિનારે આંકડો ઊંચો રાખી દમામથી લટાર મારે. આ બંને જીવ આમ તો નાના-મોટા. પરંતુ બંનેમાં મિત્રતા થઈ અને પછી તો ઘણી વાર નદીકિનારે સાથે હરે ફરે. સુખ દુઃખની વાતો કરે. મજા રે.

એક દિવસે વીંછીને નદીના સામે કિનારે ફરવા જવાનું મન થયું. તેણે મગરને કહ્યું, અરે મગરભાઈ, તમે તો બહુ સુખી છો. તમે તો નદીમાં અને નદીના કિનારે જમીન ઉપર ગમે ત્યાં હરી ફરી શકો છો. તમે તો નદીના સામે કિનારે પણ જઈ શકો છો.

અરે મગરભાઈ, નદીનો સામો કિનારો કેવો છે ? ત્યાં શું શું છે ?

મગર કહે, વીંછીભાઈ ત્યાં પણ અહીંના જેવાં જ ઝાડ-પાન છે. વેલા વેલી છે. પરંતુ ત્યાં ફૂલ છોડ ઘણાં છે.

અહો ! અહો ! ત્યાં તો ફરવાની મજા પડે ખરું ને ! વીંછીએ કહ્યું.

'હા... ભાઈ ! ત્યાં લીલુંછમ ઊંચું ઊંચું ઘાસ પણ છે.' અરે મગરભાઈ ! તો તમે મને સામે કિનારે ફરવા લઈ

જાઓ ને !'

મગરે કહ્યું, 'સારું ત્યારે આવતી કાલે તમને હું જરૂરથી ફરવા લઈ જઈશ.' બીજે દિવસે મગર અને વીંછી નદીના સામે કિનારે ફરવા ચાલ્યા.

મગરની પીઠ ઉપર વીંછી બેસી ગયો અને મગર તો ધીમે ધીમે તરવા લાગ્યો. થોડું અંતર મગરે કાપ્યું. ત્યાં મગરની મજબૂત પીઠ ઉપર ખરર ખરર થવા લાગ્યું. મગર કહે, અરે વીંછીભાઈ આ મારી પીઠ ઉપર ખરર ખરર અવાજ થાય છે. તમે શું કરો છો ?'

વીંછી કહે, 'મંગરભાઈ, જુઓ હું તો ઝેરી જીવ છું. બહુ તાનમાં આવું ત્યારે ડંખ મારવાનું મને મન થાય છે.' મગર ચમક્યો, મારો વ્હાલો આ જબરો છે. મારી પીઠ ઉપર બેઠો બેઠો મને જ ડંખ માર્યા કરે છે. અચ્છા દોસ્ત. તું પણ જોઈ લે...

મગર તો વીંછીને લઈ જ્યાં નદીમાં ઊંડુ પાણી હતું, પાણીના વમળો હતાં તે રસ્તે ચાલવા લાગ્યો. થોડે વધારે દૂર ગયા પછી મગર તો ધીમે ધીમે નદીમાં ડૂબવા લાગ્યો. ત્યાં તો વીંછી ઉપર પાણી આવી ગયું.

એક ઝબકોરિયું વીંછીને ખવડાવ્યું.

વીંછી કહે, 'અરે મગરભાઈ આ શું કરો છો. જોતાં નથી. હું કેવો ભીંજાઈ ગયો. અરે બાપ રે ! હમણાં જ હું પાણીમાં તણાઈ જાત.'

મગર કહે-વીંછીભાઈ ! તમે જેમ ઝેરી જીવ તેમ અમે તો પાણીના જીવ. ઊંડુ, વમળવાળું પાણી જોઈને એક-બે ડૂબકી મારી ન્હાવાનું મન થાય ? પણ... પણ મગર ભાઈ તમે આવું કરો તો મારું શું થાય ? વીંછી બોલ્યો.

ત્યાં તો મગરે ઊંડી ડૂબકી મારી અને વીંછી પાણીમાં તણાઈ મર્યો.

## ૨૫. ગરીબ સ્ત્રી

આ વાત છે આફ્રિકા દેશની, પહેલાનાં સમયમાં આફ્રિકા દેશને અંધારિયો દેશ (ખંડ) કહેતા હતા. આફ્રિકા દેશના મૂળ વતનીઓ હબસીઓ છે. તેઓ જંગલમાં રહેતા. રંગે કાળા, વાંકડિયાવાળ અને ઠીંગણા હતા. ખુબ પછાત દશામાં જીવતા હતા. અમેરિકાના ગોરા લોકો આ હબસીઓને પકડતા હતા. તેમને સાંકળે બાંધતા, સ્ટીમરો ભરી ભરીને આ હબસીઓને અમેરિકામાં લઈ જવાતા હતા. તેમને પશુઓની જેમ વેચતા હતા. અમેરિકાના શેરડીના ખેતરોના માલિકો તેમને નાણાં આપી ખરીદતા હતા. એક જ કુટુંબમાં આપેલા મા-બાપ, છોકરાં અને બીજા સગાંસંબંધીઓને જુદા જુદા માલિકોને વેચવામાં આવતા હતા. વેચાણ થઈ ગયા પછી તેઓ કદી એકબીજાને મળી શકતા નહીં. તેઓ ગુલામો તરીકે ઓળખાતા હતા. આ ગુલામો પાસે મજુરી કરાવવામાં આવતી હતી. ઢોરની જેમ તેમને રાખવામાં આવતા હતા. નાસી ન જાય તે માટે સાંકળે બાંધતાં, તેમની ઉપર અમાનુષી અત્યાચાર ગુજારતા. આ હબસી ગુલામો માણસ તરીકે નહીં, પરંતુ પશુ તરીકેનું બદતર જીવન જીવતા હતા.

આવી ગુલામીપ્રથા માનવ સમાજના કલંકરૂપ લેખાય છે. આજે તો આફ્રિકા દેશમાં સારી એવી લોકજાગૃતિ આવી છે. ઠીક ઠીક પ્રમાણમાં વિકાસ પણ થયો છે.

આ દેશના એક શહેરની મધ્યમાં પ્રભુમંદિર આવેલું છે. રવિવારની સભામાં પ્રભુમંદિરના પાળકે આહ્‌વાન આપ્યું,

‘આપણા આ દેશમાં હજી પણ એવા વિસ્તારો છે કે જ્યાં પ્રભુની સુવાર્તા પહોંચી નથી. હજારો લોકો પ્રભુ ઈસુથી વંચિત છે, તારણથી વેગળા છે. પ્રભુની આજ્ઞા છે કે સર્વ દેશોમાં જઈને સુવાર્તા પ્રગટ કરો.’

વહાલાંઓ પ્રભુ ઈસુના શિષ્યો તરીકેની આપણી આ પ્રથમ ફરજ છે હવે પછીના રવિવારની ભક્તિસભામાં તમારાં દાનો લાવશો, તમને જે કંઈ મળે તે અચૂક લાવશો.

રવિવાર આવ્યો. ભક્તિસભામાં માણસો સમાતા નથી. એક પછી એક વ્યક્તિ ઊભી થાય છે. આગળ આવે છે અને પોતપોતાની પાસેની દાનની રકમ દાનપાત્રમાં મૂકતી જાય છે. બધા પોતપોતાના સ્થાન ઉપર જઈ બેસે છે, ત્યાં છેલ્લે નીચું મુખ ઢાળી એક સ્ત્રી ધીમે ધીમે પગલાં ભરતી આવે છે. તેનાં કપડાં લઘર-વઘર છે, ફાટેલા છે. તેનું શરીર સૂકલકડી છે. તેનો ચહેરો દિવસના અંતે ડાળી ઉપર, ઢળી પડતા કોઈ નાજુક ફૂલ સમો જણાય છે. તેનો એક હાથ તેના ફાટેલાં કપડાંની અંદર સંતાડેલો છે. આ ગરીબ સ્ત્રી દાનપાત્રની પાસે આવે છે અને એક નાનકડો બટવો પેલા દાનપાત્રમાં મૂકી, આવી હતી તે જ રીતે પાછી વળે છે. પ્રભુમંદિરમાં બેઠેલા માણસોમાંથી બહુ જ થોડાનું ધ્યાન આ સ્ત્રી તરફ જાય છે. પાળક સાહેબ તેને આવતાં અને જતાં જોઈ રહે છે.

ભક્તિસભા પૂરી થાય છે. એક પછી એક વ્યક્તિ પાળક સાહેબને કુશળતા કરી વિદાય થાય છે. પાળક સાહેબ સેવકો સાથે દાનપાત્રના દાનની ગણતરી કરે છે ત્યારે પેલો મેલોઘેલો બટવો લઈ જુએ છે તો તેમાં થોડાક ચાંદીના અને સોનાના સિક્કા હતા. પાળક સાહેબને નવાઈ લાગે છે કે ગરીબ-ફાટેલાં

તૂટેલાં કપડાંવાળી આ સ્ત્રી આવા સોનાચાદીના સિક્કા લાવી ક્યાંથી ? જે ખુબ ગરીબ દેખાતી હતી તે સ્ત્રી આટલું બધું દાન શી રીતે આપી શકે ? પાળક સાહેબની મૂંઝવણનો પાર ન રહ્યો.

એ બટવો આપનાર, દાન આપનાર સ્ત્રી, ફરી કદી તે પ્રભુમંદિરમાં પાછી દેખાઈ નહિ. પાળકે એ ગરીબ સ્ત્રી વિશે ખુબ તપાસ કરી છેવટે તેમને તેની ભાળ મળી.

એ સ્ત્રી ખુબ ગરીબ હતી. તેની પાસે દાન આપવાના પૈસા ન હતા. જ્યારે પાળકે દાન માટે આહ્‌વાન આપ્યું ત્યારે તે સ્ત્રી ખુબ લાચાર હતી, પરંતુ તેને પ્રભુની સુવાર્તા પ્રચારના કાર્ય માટે દાન આપવું હતું. તેણે પોતાની જાતને ગુલામ તરીકે વેચી દીધી અને તેમાંથી જે પૈસા મળ્યા તે પેલા બટવામાં મૂકી દાનપાત્રમાં ધરી દીધા. હવે તેની જાત ઉપર તેનો હક્ક હતો નહિ. તે વેચાઈ ગઈ હતી, તે ગુલામ હતી.

ઈશ્વરના માટે તેણે પોતાના શરીરને જાતને પણ વેચી દીધી.

કેવો અદ્‌ભુત ત્યાગ !



## ૨૬ આંધળાઓ : અકબર-બિરબલ

મિત્રો ! તમને એક નહિ પરંતુ બે વાર્તા લખવા ચાહું છું, તમે ઈતિહાસના શિક્ષણમાં અકબર બાદશાહ વિશે જાણતા હશો ! આ અકબર બાદશાહને એક વિદ્વાન ચતુર પ્રધાન હતો બિરબલ.

અકબર અને બિરબલની ચતુરાઈભરી વાર્તાઓ લોકજીભે રમતી થઈ છે.

એક દિવસ અકબર બાદશાહ અને બિરબલ બંને સાથે ઘોડેસ્વાર થઈ જતા હતા. ત્યાં સામેથી એક આંધળો માણસ લઘરવઘર કપડાં પહેરેલો લાકડીના ટેકે ચાલતો આવતો હતો. અકબર બાદશાહની નજર પેલા આંધળા માણસ ઉપર પડી. થોડે દૂર ગયા પછી અકબર બાદશાહે બિરબલને પૂછ્યું.

બિરબલ ! પેલા આંધળા માણસને જોઈ મને ખુબ દયા આવી છે. બિચારાં આંધળા માણસની કેવી દયનીય દશા હોય છે. બિરબલ, આપણા રાજ્યમાં આવા આંધળા માણસ કેટલા હશે ?

બિરબલે કહ્યું : 'જહાંપનાહ ! થોડા દિવસની મહેતલ આપો. હું ગણતરી કરીને કહીશ.' અકબર બાદશાહ અને બિરબલ છૂટા પડ્યા. દિવસો પસાર થતા ગયા. વળી પાછા અકબર બાદશાહ અને બિરબલ સાથે મળ્યા અને એકાએક અકબર બાદશાહે બિરબલને પૂછ્યું, 'બિરબલ તેં પેલાં આંધળા માણસોની ગણતરી કરી.' બિરબલે કહ્યું, 'જહાંપનાહ ! ક્ષમા કરો. એકાદ-બે દિવસમાં જ ગણતરી કરીને આપને જણાવીશ.

એક દિવસ નગરના મુખ્ય દરવાજા પાસે બિરબલ બેઠો છે. તેની આજુબાજુ ચામડાના ટુકડા પડ્યા છે અને એક બાજુ બે-ચાર જુના ફાટેલા તુટેલા જોડા-ચંપલ-પગરખાં અસ્તવ્યસ્ત પડ્યાં છે. બિરબલ ઊંધુ ઘાલીને જોડા સીવે છે. ત્યાં નગરમાંથી ધનાઢ્ય એવા નગરશેઠ નીકળે છે. તેમની નજર પેલા બિરબલ ઉપર જાય છે અને નગરશેઠ તરત પુછે છે, 'અરે ! બિરબલ, આ તું શું કરે છે ?

બિરબલ કશું જ બોલતો નથી. પાસે પડેલા ખરીતામાં કલમ લઈ નગરશેઠનું નામ નોંધે છે. થોડીવાર થાય છે. ત્યાં રાજ્યનો મુખ્ય કારબારી નીકળે છે અને બિરબલને પુછે છે, 'અરે બિરબલ, આ શું કરે છે ?' ઝટપટ બિરબલ પેલા ખરીતામાં તેનું નામ ટપકાવી દે છે.

આમ એક પછી એક ઘણાં માણસો ત્યાંથી પસાર થતા ગયા અને બિરબલને જોડા સીવતો જોઈ પ્રશ્ન પૂછતા ગયા. બિરબલ ! તું આ શું કરે છે ?

ત્યાં એકાએક અકબર બાદશાહ ખુદ ઘોડેસ્વાર થઈ નીકળે છે અને તેમની નજર બિરબલ ઉપર પડે છે. એકદમ રસાલામાંથી અલગ પડી અકબર બાદશાહ બિરબલ નજીક આવી ઊભા રહ્યા. બિરબલ જાણતો હતો કે બાદશાહ આવ્યા છે, પરંતુ જાણે બાદશાહને જોયા ન જોયા કરી જોડા સીવવાનું ચાલુ રાખે છે અને અકબર બાદશાહ નવાઈ પામી બિરબલને પૂછે છે.

'અરે બિરબલ ! તું આ શું કરે છે ?'

બિરબલ ઊભો થાય છે. કુરનિશ બજાવી કહે છે :

'જહાંપનાહ ! આપે સોંપેલું કામ આપ જહાંપનાહના હુકમ મુજબ કરું છું.' અને ખુબ વિનયપૂર્વક કહે છે કે હું સાંજે

દરબારમાં બધી વાત કરીશ. આપ ગુસ્તાખી માફ કરો.

સંધ્યાનો સમય છે. અકબર બાદશાહનો દરબાર ભરાયેલો છે. સિંહાસન ઉપર અકબર બાદશાહ બિરાજમાન છે. સૌ કારભારીઓ-દરબારીઓ પોતપોતાના હોદ્દા પ્રમાણે દરબારમાં બિરાજમાન છે. ત્યાં બિરબલ ઊભો થાય છે અને કહે છે—

જહાંપનાહ ! થોડા દિવસ ઉપર આપ જહાંપનાહે મને હુકમ કરેલો કે 'આપણા રાજ્યમાં આંધળા કેટલા છે ? બાદશાહ સલામત ! આપ ઈજાજત ફરમાવો તો યાદી રજૂ કરું.

અકબર બાદશાહે રજા આપી એટલે બિરબલે ખરીતો અકબર બાદશાહના હાથમાં મૂક્યો એ કુરનિશ બજાવી અદબવાળી નીચે મસ્તકે ઊભો રહ્યો. અકબર બાદશાહે એક પછી એક નામો વાંચ્યા. નવાઈ પામતો ગયો અને યાદીમાં જ્યારે પોતાનું નામ પણ વાંચ્યું ત્યારે ક્રોધે ભરાઈ બિરબલને પૂછે છે—'બિરબલ, આ તો બધાં દેખતાં છે. મેં તારી પાસે આંધળાની માહિતી માગી હતી. મૂર્ખ, શું હું આંધળો છું ? જહાંપનાહ આ સેવકને ક્ષમા કરો, ગુસ્તાખી માફ કરો. મારી નજરમાં આ બધા આંધળા છે. આ બધા દેખતા છે છતાં આંધળા છે.

હું જ્યારે જોડા સીવી રહ્યો હતો ત્યારે આ બધા મને જોતા હતા કે મારા હાથમાં જોડા છે, સોયો છે અને હું સીવવાનું કામ કરું છું. છતાં મને પૂછતા હતાં કે બિરબલ ! તું આ શું કરે છે ? જોયા છતાં આંધળા બની મને પૂછતા હતા માટે ખરા આંધળા તો મારી નજરમાં આ લોકો લાગ્યા.

અકબર બાદશાહનો ક્રોધ તો શાંત પડ્યો પરંતુ બિરબલની ચતુરાઈભરી વાત સાંભળી ખુશ થયા અને બિરબલને સારુ ઈનામ પણ આપ્યું. સૌએ બિરબલની ચતુરાઈના વખાણ કર્યા.

## ૨૭. સંતપુરુષ

જે સારા વિચારો કરે,
જે સારું આચરણ કરે,
જે સારાં કામો કરે,
બીજાનું ભલું ચાહે,
તે સજ્જન કહેવાય, સંત કહેવાય.

ગુજરાત રાજ્યની સરહદે રાજસ્થાનને અડીને કચ્છ જિલ્લો આવ્યો છે. કચ્છની ધરતી રેતાળ છે. આ કચ્છ પ્રદેશમાં એક નાનકડું ગામ હતું. આ ગામમાં એક સંત પુરુષ રહેતા હતા. બહુ ભલા માણસ હતા.

બીજાનું દુઃખ જોઈ દુઃખી થાય.
બીજાનું સુખ જોઈ સુખી થાય.

કચ્છના પ્રદેશમાં વરસાદ બહુ ઓછો વરસે. મોટાભાગે રણપ્રદેશ છે. રણપ્રદેશમાં તો પાણીની ખૂબ અછત રહે.

પીવાના પાણી માટે બહેનોને માથે બેડાં લઈ બાર બાર ગાઉ (માઈલ) ભટકવું પડે. ક્યાંક કૂવા હોય પણ ઘણાં ઊંડા. કેટલાકમાં તો ખારું પાણી જ મળે. આવા રેતાળ પ્રદેશમાં વાહન-વ્યવહાર માટે પાકા રસ્તાઓની સગવડ પણ ઓછી જ હોય ને !

લોકો પગપાળા જ જાય આવે. બહુ બહુ તો ઊંટ ઉપર સવારી કરે. તમે જાણો છો કે, 'ઊંટ એ તો રણનું વહાણ કહેવાય છે.' રણપ્રદેશમાં વસતા લોકોને ઊંટ બહુ ઉપયોગી પ્રાણી છે.

એક વખત પેલા સંતપુરુષ એક ગામથી બીજે ગામ પગપાળા જતા હતા. તેઓ રેતાળ પ્રદેશમાં ભૂલા પડ્યા. આમ જાય-તેમ જાય, સાચો રસ્તો મળે નહિ. બસ ચાલ્યા જ કરે. ધોમધખતા તાપમાં પરસેવે રેબઝેબ થઈ ગયા. તરસ પણ

ખૂબ લાગેલી. પાસે પીવાનું પાણી તો હતું જ નહિ. પાણીની શોધ આરંભી. પાણી મળે નહિ. પાણી વિના તરસે જીવ જાય, હવે કરવું શું ?

ત્યાં દૂરથી ઊંટ ઉપર એક મુસાફરને આવતો જોયો. સંત પુરુષ તો રાજી રાજી થઈ ગયા. હાશ પીવાનું પાણી તો મળશે ને ? એ આશાએ... પેલા આવતા મુસાફર સામે તાકી રહ્યા. મુસાફર નજીક આવી ઊભો. સંતપુરુષે પાણી માગ્યું, મુસાફર ભલો હતો. તેણે સંત પુરુષને પાણી પાયું.

સંતપુરુષે આભાર માન્યો. મુસાફર પોતાને રસ્તે ચાલતો થયો. સંતપુરુષ પણ પોતાના રસ્તે પડ્યા, પોતાને ગામ પહોંચી ગયા. પરંતુ તેમને ચેન પડે નહિ. તેઓ સતત ચિંતા કરે, ઉદાસ રહે, વિચારોમાં ઉંઘ આવે નહિ.

રણપ્રદેશમાં મારા જેવા કેટલાય મુસાફરો પાણી વિના ભટકતાં હશે ને ? તેમને કોણ પાણી પાય ?

એમની આંખ આગળ પાણી વિના તરફડતા માણસો દેખાવા લાગ્યા. તેઓનું હૈયું ભરાઈ આવ્યું.

આ સંતપુરુષે વિચાર્યું, ગમે તેમ થાય પણ રણપ્રદેશમાં પીવાના પાણીની સગવડ તો કરવી જ રહી.

છેવટે મઝાની વાત સૂઝી.

પ્રાણીઓની પીઠ ઉપર જ પાણીનાં વાસણો બાંધી તેમને રણપ્રદેશમાં ફરતા મૂકીએ તો...!

સંકલ્પને સંકલ્પ ન રાખ્યો.

વિચારને અમલમાં મૂક્યો.

તેમણે પ્રાણીઓ પાળ્યાં અને તેમને તાલીમ આપી. આમ સરસ મઝાની પાણીની ફરતી પરબો શરૂ થઈ. તાલીમ આપેલાં પ્રાણીઓ—ઊંટ, ખચ્ચર, ઘોડા, એવાંનો ઉપયોગ કર્યો. આમ ફરતી પાણીની પરબો શરૂ થઈ. સૌ આ સજ્જન સંતપુરુષના વખાણ કરવા લાગ્યા.

# ૨૮. ભક્ત તણી છે શુભ શુભ નગરી

વાત સાવ નાનકડી છે. સાદી, સરળ, સાહજિક છે. જેવી છે તેવી જ રજૂ કરું છું.

અમે મણિનગરમાં નવાસવા રહેવા આવેલા. અત્યારે તો પોલિથિલિન બેગમાં દૂધ-ઘી મળે છે. પરંતુ તે વખતે તો દૂધ માટે રબારીના વારા બાંધવા પડે. અમારે ત્યાં રઈજીકાકા દૂધ આપવા આવે.

સવારના પ્હોરમાં ચાર-સાડાચાર વાગતા તો રઈજીકાકા દરવાજે આવી ખડા થઈ જાય.

લાલકિનારનું સફેદ ધોતિયું. રબારી ભરતનું કેડિયું અને માથે લીલારંગનું મેલખાયું બાંધે. સામાન્ય રીતે આધેડવયના રબારીઓ માથે પાઘડું કે ફાળિયું બાંધતા હોય છે અને જુવાનિયા મેલખાયું. કદાચ રઈજીકાકા પોતાને જુવાન દેખાડવા મેલખાયું બાંધતા હશે. ગમેતેમ પણ રઈજીકાકા મજબૂત બાંધાના ભરાવદાર ચહેરાના વાંકડીમૂછો ધરાવતા નવજુવાનને શરમાવે તેવા હતા. આમ તો રઈજીકાકા સાઠી પૂરી કરી ચૂકેલા છતાંય તેમની બત્રીસી પૂરેપૂરી સલામત હતી. એક દિવસ હસતાં હસતાં મેં તેમને પૂછેલું... રઈજીકાકા આ તમારા દાંત બરાબર મજબૂત છે શાથી ? કાકા કહે, 'ભઈલા ! તમે માનશો અમારા હંધાય રબારીભાઈ બીડી, તમાકુ પીએ સેં. પણ મેં હજી હાથ સરખો પણ ઈને અડાડ્યો નથી.' રઈજીકાકાની આ ખાસિયત જાણી મને આશ્ચર્ય થયેલું.

રઈજીકાકા સ્વભાવે બહુ જ મીઠડા. રઈજીકાકા માથે બોઘરણું મૂકે અને હાથમાં બે-ત્રણ દૂધના ડોલચાં પકડેલાં હોય (સ્પેશિયલવારાના વધારે ફેટના દૂધના) અને પગમાં મજબૂત જોડા. રઈજીકાકાએ જોડામાં ચૂડ મૂકાવેલી. તમને થશે કે એ

વળી શું ? અમારા રઈજીકાકા મોચીને ત્યાં ખાસ પ્રકારના જોડા સીવડાવે. એ જોડામાં એવી કરામત હોય કે ચાલે ત્યારે ચૈડ... ચૈડ... અવાજ આવે. રઈજીકાકા મારા દરવાજે આવી જોરથી ઘાંટો પાડે. એટલે હું જાગી જાઉં. બત્તી કરું, વાસણ-પૈસા કાઢું તેટલી વારમાં તો રઈજીકાકા બે-ત્રણ ઘાંટા પાડે. ત્યારે ઘણી વખત તો બારણું ખોલી હું નીકળતો હોઉં સામે ઊભા રહી રઈજીકાકા જોતા હોય તોય બૂમ તો પાડે જ રાખે એ જોરથી બોલે...

'પરભુભઈ... લયો દૂધ. પરભુભઈ લ્યો...દૂધ.

પરભુભઈ... એ...ય પરભુભઈ...પરભુ...ભઈ'

શરૂશરૂમાં તો રઈજીકાકાના ઘાંટા મેં સહન કર્યા પછી એક દિવસ કહ્યું : 'કાકા, મારું નામ તો તમે જાણો છો. મારું નામ પરભુભઈ નથી. પ્રભુદાસ પણ નથી, મારું નામ તો મનુભાઈ છે. બીજો દિવસ થયો અને સવારે કાકા આવી ઊભા રહી બુમ પડે, પરભુભઈ... પરભુભઈ... લ્યો દૂધ...

અરે, રઈજીકાકા ! મેં તમને કેટલીવાર કહ્યું કે મારું નામ પરભુભઈ નથી... કાકા તમે ખોટું બોલો છો, સુધારો તો સારું. પણ કાકા તો 'વહી રફતાર બેઢંગી' ચલાવે જ રાખ્યું.

મને આ ભોળા અભણ કાકા ઉપર ખિજ તો ચડે પણ થાય શું ? કાકા કેમેય કરી માને જ નહીંને ! કાકા નામ સુધારે જ નહિ. કાકા મજબુત બાંધાના એટલે એમની જોડે સમાધાન કરવાનો જ માર્ગ લેવો રહ્યો.

એક દિવસ સવારે કાકાએ આવી જ્યાં બુમ પાડી કે :

'પરભુ...ભઈ...ઓ...પરભુ...ભઈ...લ્યો...દૂ...ધ'

મેં જઈ કહ્યું બસ કરો કાકા તમારો લવારો... હવે તો હદ થઈ ગઈ. કેટલી વખત તમને કહું કે મારું નામ...પરભુભઈ નથી. જો તમારે આમ જ મારું નામ લેવું હોય તો કાલથી વારો બંધ કરી દો. કાલથી ના આવતા. આજે સાંજે આવી હિસાબ

કરી લેજો. વારો બંધ કરવાની વાત આવી, એટલે કાકા ઢીલા પડ્યા. કાકાએ મારો હાથ ઝાલ્યો અને કહે :

'શેઠ, ઈમ ખિજઈ શીદ જાઓ હેઠા બેહે...હેઠા... હું હમજાવું.'

અને રઈજીકાકાએ તેમની અસલ ગામઠી ભાષામાં જેમ એક શિક્ષક સામે વિદ્યાર્થીને કંઈક સમજાવતા હોય તેવી અદાથી ઓટલે બેસી કહેવા લાગ્યા.

'જુઓ ભઈસાબ અમે હવારે ચેટલા ઘર ફરીએ સીંએ, હો (સો-૧૦૦) બહાં (બસો-૨૦૦) ફરતા હેંસું.'

અમે જુદા જુદા માણહના નામ લઈએ ઈ કરતા આ પરભુભઈ કહીએ તો પરભુ ભગવાનનું નામ લેવાય. બોલો શેઠ હવારના પ્હોરમાં બહેં વખત પરભુજી...પરભુજી બોલાય કે નંઈ ! ઈ...ચેટલી ભક્તિ થઈ ! આ માહણના નામ લીધે હું ફાયદો થવાનો સેં...! ભઈલા, ઈ હારું અમે આવું બોલીએ સીએ ઈ જાણી જોઈને બોલીએ સીંએ. મંદિરમાં જઈ માળા ફેરવતાં પરભુ પરભુ કરીએ. ઈ કરતાં આ હરતાં ફરતાં નામ લેવાય ઈ હારું ન્યેય ?

આટલી વાત કરી રઈજીકાકાએ બોઘરણું માથે મૂક્યું અને ચાલતી પકડી...

દૂધનું વાસણ મારા હાથમાં ને હાથમાં રહ્યું. રોડની લાઈટના ઝાંખા પ્રકાશમાં દૂર દૂર જતા એ રઈજીકાકાને હું અનિમેષ નયને તાકી રહ્યો...એ દૃષ્ટિગોચર થાય ત્યાં સુધી.

એ અભણ-ગમાર ઢેબાંની પાછળ પાછળ ભટકતા જેને ભદ્રલોકો સંસ્કારહીન ગણી, તુચ્છકારે છે તેવા પીડિત શોષિત સમાજનો પ્રતિનિધિ આ રઈજીકાકાને આજે વર્ષો થયા હું વિસરી શકતો નથી... કદાચ તમે પણ...

આ વાત રઈજીકાકાની નથી. એક વિધર્મી ભક્તના હૈયાના ઊંડાણમાં રહેલી ભક્તિની છે. ભક્તના એક સરળ સ્વભાવની આ વાત છે.

# ૨૯. એક ભલો માનવી

એક ગરીબ બાળક હતો.

તેનું નામ ડેવિડ હતું.

તેનાં માંબાપ મિલમજૂર હતાં, ગરીબ હતા, કુટુંબનું સારી રીતે ભરણપોષણ થાય તે માટે નાનકડા ડેવીડને પણ મિલમાં નોકરીએ જવું પડતું હતું. જ્યારે બાળકની દસ-બાર ઉંમર હોય ત્યારે તેને રમવા, ખેલવા, કૂદવાનું હોય. બિચારા ડેવિડને તો રમવા, ખેલવા, કૂદવાનું ક્યાંથી મળે ? તેને તો મિલમાં સખત મહેનત-મજૂરી કરવી પડતી. આવી સ્થિતિમાં તેને શાળામાં જઈ ભણવાનું તો મળે જ ક્યાંથી ? પરંતુ ડેવિડ જેવો તેવો સામાન્ય છોકરો ન હતો. તેણે મનમાં દૃઢ સંકલ્પ કર્યો. ગમે તેમ થાય પરંતુ હવે તો ભણવું જ છે. ભણીગણીને મોટા બનવું છે, નામ કમાવું છે. ગરીબ માબાપનું નામ રોશન કરવું છે. ડેવિડે સંકલ્પ માત્ર ન કર્યો તેના માટે પરિશ્રમ શરૂ કર્યો. જે પગાર મળ્યો તેમાં થોડા પૈસા ફાજલ પડ્યા, બચત કરી. નાની બચત બહુ ઉપયોગી બની. તેણે પાઠ્ય પુસ્તકો ખરીદ્યાં. તે રાત્રિશાળામાં દાખલ થયો. અભ્યાસ શરૂ કર્યો. સવારે નોકરી કરે, તનતોડ મજુરી કરે અને રાત્રે અભ્યાસ કરે. કેવી ધગશ, કેવી લગની !

ડેવિડની ઈચ્છા ધર્મસેવક બનવાની હતી. સાથે સાથે એક સારા ડોકટર બની લોકોની સેવા કરવાની ઈચ્છા હતી.

'મન હોય તો માળવે જવાય' એ કહેવત મુજબ ડેવિડે અભ્યાસ કરી લેટિન ભાષા ઉપર કાબૂ જમાવ્યો. ધર્મનો ઊંડો

અભ્યાસ કર્યો. સને ૧૮૪૦માં તે ડોકટર પણ બન્યો. નાનપણમાં સેવેલાં સ્વપ્નાં સાકાર બન્યા. સામાન્ય મજૂર કુટુંબનો એક છોકરો આગળ જતાં ડેવિડ લિવિંગસ્ટન નામે બ્રિટનમાં જાણીતો થયો. તેનો જન્મ બ્રિટનના લેંકશાયર પરગણાના બ્લૈટાયર નામના સ્થળે સને ૧૮૧૩માં થયો હતો.

ખ્રિસ્તી ધર્મસભાએ સને ૧૮૩૮માં ડેવિડ લિવિંગસ્ટનને ધર્મસેવક તરીકે દીક્ષિત કર્યા.

ડેવિડ લિવિંગસ્ટનની ઈચ્છા હતી ચીન દેશમાં જઈ વધુ અભ્યાસ કરવાની, ખ્રિસ્તી ધર્મ પ્રચાર કરવાની, પરંતુ તેમને માટે ઈશ્વરની યોજના જુદી હતી. તે સમયે આફ્રિકાખંડને અંધારિયો ખંડ કહેતા હતા. આફ્રિકાખંડના ઈતિહાસ, ભૂગોળ, પર્યાવરણ લોકો તેમની સંસ્કૃતિથી બ્રિટનવાસીઓ-યુરોપના બીજા દેશો બહુ જાણતા ન હતા. ખ્રિસ્તી ધર્મસભાએ આવા અંધારિયા ખંડમાં પ્રભુ ઈસુની સુવાર્તા પ્રગટ કરવા, ત્યાંની સંસ્કૃતિ-સભ્યતાનું સંશોધન કરવા, ડેવિડ લિવિંગસ્ટનને પસંદ કર્યા.

ડેવિડ લિવિંગસ્ટન આફ્રિકા પહોંચ્યા. ત્યાં જઈ મિશનરી પ્રવૃત્તિ શરૂ કરી આફ્રિકાના ઘાડા જંગલો, નદી-નાળાં ખૂંદવા લાગ્યા. તે સમયના યુરોપવાસીઓને આફ્રિકાના પ્રદેશ વિશે, કલહરીના રણ વિશે માહિતી હતી નહિ. ડેવિડે રણવિસ્તારમાં જાતે ફરી ફરી માહિતી મેળવી. તેમણે અવનવા સ્થળો શોધ્યા. એમોઝોન નદીના તટ પ્રદેશની માહિતી મેળવી ઈંગ્લેન્ડ-અમેરિકા બીજા યુરોપીય દેશોના વર્તમાનપત્રો-મેગેઝીનોમાં માહિતી પ્રગટ કરી. આમ એક અજાણ્યા મુલક ઉપર આ સંશોધકે પ્રકાશ પાડ્યો. ડેવિડ લિવિંગસ્ટનનું સૌથી મહત્ત્વનું

કાર્ય હતું 'માનવસેવા'નું. આફ્રિકાના જંગલોમાં તદ્દન જંગલી અવસ્થામાં ઠીંગૂજીઓ વસતા હતા. તેઓ ત્યાંના ભેજવાળા વાતાવરણને લીધે અનેક પ્રકારની બિમારીઓમાં સબડતાં. ડેવિડે તેમને માટે ખુબ પરિશ્રમ કરી સેવાકેન્દ્રો શરૂ કર્યા. એક સમયે ડેવિડ લોકસેવાર્થે સંશોધન માટે જંગલોમાં ફરતા હતાં. ત્યાં સિંહે તેમની ઉપર હુમલો કર્યો. તેમના જમણા પડખે થાપા ઉપર ઈજા થઈ. સારવાર મળી પરંતુ કાયમી ખોડ રહી ગઈ. ઈજાની પીડા અસાધ્ય હતી. પરંતુ પ્રભુના આ સેવકે તો પોતાનું સેવાકાર્ય ચાલુ જ રાખ્યું. થોડા સમય માટે ડેવિડે ઈંગ્લેન્ડવાસીઓ માટે માહિતી મોકલવાની બંધ કરી ત્યારે લોકોએ માન્યું કે ડેવિડનું મૃત્યુ થયું છે. પરંતુ અમેરિકાના એક અખબારે તેમની શોધ કરાવી. એચ.એમ.સ્ટેનલ મારફતે ડેવિડની શોધ કરાવી. આ સમયે તેમની બૂરી હાલત હતી. જંગલવિસ્તારમાં ફરતાં ત્યાંની બિમારીનો ભોગ બન્યાં. ત્યાં એક પ્રકારના મચ્છરોનો ત્રાસ હતો. તે કરડે એટલે જીવલેણ તાવ આવે અને થોડા જ સમયમાં તેનું મરણ થતું હતું. ડેવિડે આફ્રિકાના આદિવાસીઓને રોગમુક્ત કરવામાં સમગ્ર જીવન હોડમાં મૂક્યું. એક દિવસે ડેવિડ લિવિંગસ્ટને જંગલમાં આદિવાસીઓના ટોળાને જંગલી પ્રાણીઓ ભયના માર્યા દોડે તેમ દોડતા જોયાં. તે ઝડપથી ત્યાં પહોંચી ગયા. એક નવો વિચિત્ર અનુભવ થયો. જંગલોમાં જેમ હરણાં સસલા પકડવા શિકારીઓ ફરે છે તેમ આરબ-શાહસોદાગરોના માણસો આ આફ્રિકાના જંગલમાં વસતા આદિવાસીઓને પકડવા જતા હતાં. તેમને પકડી સાંકળે બાંધતા પશુઓને જેમ રાખે તેમ રાખતાં. પશુથી પણ બદતર

તેમનું જીવન હતું.

ખુલ્લા બજારોમાં તેમનું વેચાણ થતું. હરાજી બોલાતી. તે સમયે અમેરિકામાં શેરડીના ખેતરોમાં સસ્તા ખેતમજૂરોની ખુબ જરૂર રહેતી. આ આરબ શાહ સોદાગરો આવા હબસી લોકોને પકડી વેચતા. સારી કમાણી કરતા. આ હતો ગુલામોનો વહેપાર. ડેવિડ લિવિંગસ્ટને આ અમાનુષી સામાજિક દુષણ સામે જેહ'દ જગાડી. સુધરતો સંસ્કારી ગણાતો માણસ બીજા ગરીબ-અબૂધ જંગલવાસી માણસ સાથે પાળેલાં ઢોરની જેમ રાખી વર્તે, ડેવિડનું હૈયું ચિરાઈ જતું. દ્રવી ઊઠતું. તેમણે પ્રભુઈસુનો–પ્રેમ માનવ બંધુત્વનો સંદેશો લોકોને પહોંચાડ્યો. બીજી બાજુ આ આદિવાસી માનવીઓને સુસંસ્કૃત માણસની જેમ જીવતાં પણ શીખવ્યું. એક શાળાના કાર્યક્રમમાં ડેવિડે ભાષણ આપતાં કહ્યું, 'ઈશ્વરથી ડરો, મહેનત કરો, તમે બધું મેળવી શકશો.'

આ ધર્મ પ્રચારક-સમાજસુધારક ડેવિડ લિવિંગસ્ટન પહેલી મે, ૧૮૭૩ન્ના રોજ પ્રભુમાં સદાને માટે પોઢી ગયાં.



## ૩૦. જન્મજયંતિની ભેટ

'બડી લંબી રે, મારા દાદાની મૂછ.
દાદાની મૂછ જાણે બિલાડીની પૂંછ....બડી લંબી રે,
દાદાજી સૂતી મખમલને ઢોલિયે.
હળવે રહી ખેંચી મેં તો દાદાજીની મૂછ'....બડી લંબી રે.

બાળદોસ્તો !

તમે કહેશો કે 'મામાએ આજે શું ધાર્યું છે ? આમ દાદાજીને કેમ યાદ કરો છો ?'

અરે ભઈલા ! મારે તમને એક દાદાજીની વાત કરવી છે.

તમને સાંભળવી ગમે તેવી છે. આ તો પ્રસંગકથા છે.

કથા શબ્દને ફેરવીને વાંચો તો થાક થાય. હા. વર્ષનો બધો થાક ઊતરી જાય તેવી વાત છે.

તમે કહેશો મામા ! આમ વાતમાં મ્હોંવણ કાં નાખો ! વાત જ કહોને ?

લો ત્યારે શરૂ કરીએ...

દૂર દૂર દરિયાપાર એક દેશ છે.

દેશનું નામ આયર્લેન્ડ છે.

આ દેશમાં એક નાનકડું ગામ છે. ગામની એક બાજુ ઊંચાઊંચા પર્વતો આવ્યા છે. એ પર્વતમાંથી ખળખળ ઝરણું વહે જાય છે. ચારે બાજુ ઓક, પાઈન, અંજીરીના વૃક્ષો છે. બરફ આચ્છાદિત આ પ્રદેશ ખુબ રળિયામણો લાગે છે.

ગામના છેવાડે ઝરણાંના કિનારે ગોળમટોળ બેઠાઘાટનું નર્યા લાકડાનું બનાવેલું મકાન છે. તેની ઢળતી છત વિલાયતી નળિયાની બનેલી છે. આ મકાનમાં બે ઘરડાં દાદા-દાદી. તેમના બે પૌત્ર-પૌત્રી અને દીકરો, દીકરાની વહુ રહે છે. કુટુંબ ઘણું

સુખી છે. એક દિવસ મકાનની પરસાળમાં આ દાદાદાદી સૂર્યના આછેરા તડકે બેઠાં બેઠાં વાતો કરે છે.

દાદા : ઈન્ડિયાથી પાછા આવ્યાને લગભગ વીસેક વર્ષ તો થઈ ગયાં ખરું ને !

દાદી : હા, એ દિવસો કેવા મજાના હતા, પ્રભુની કૃપા; પ્રભુએ આપણને તેના કાર્યમાં વાપર્યા.

દાદા : જુવાનીના દિવસોમાં પ્રભુની જે સેવા થઈ શકી તે લીધે તો આ ઘડપણ મીઠું મધુરું લાગે છે.

દાદી : યાદ આવે છે પેલી આણંદની હોસ્પિટલ. આપણે સાથે નાના મોટા ઓપરેશનો કરતાં. અરે ! બિચારાં ગામડાં ગામના ભોળા દર્દીઓ અહા, શું એમનો પ્રેમ ! વિશ્વાસુ પણ કેવાં !

(બંનેની આંખમાં ભૂતકાળના પ્રસંગચિત્રો યાદ આવતાં ઝળઝળિયાં આવી ગયાં.)

દાદા : ઈન્ડિયા ભલે ગરીબ દેશ છે પણ તેના માનવીઓ તો વિશાળ દિલના, ઉદાર છે, હા, દિલની સમૃદ્ધિ ખુબ છે.

દાદી : (એક ઊંડો નિઃશ્વાસ નાખી) વહી ગયેલી એ જિંદગીના દિવસો પાછા આવવાના નથી, પરંતુ મનમાં એક ઈચ્છા જરૂર થાય છે. ફરીથી એકાદ વખત એ ભૂમિ ઉપર ફરી આવીએ ! ત્યાંના જુના મિત્રોને મળી આવીએ.

દાદા : પણ એ હવે કઈ રીતે શક્ય બને, આપણી પાસે તો એટલી મૂડી નથી કે કોઈ આપણને મદદ પણ કરે તેવું નથી. આપણે ઈન્ડિયા શી રીતે જઈ શકીએ...? બાકી મારી પણ ખુબ ઈચ્છા છે કે મરતાં જીવતાં એક વખત ઈન્ડિયા ફરી આવીએ.

(આમ દાદા-દાદીની થતી વાતો તેમના બે પૌત્ર-પૌત્રી

છાનામાના સાંભળતાં હતાં. દાદા-દાદી ઊભા થયાં કે પૌત્ર-પૌત્રી ત્યાંથી દૂર જતાં રહ્યાં. બીજા ઓરડામાં જઈ બંને ભાઈબહેન વાત કરવા લાગ્યા.)

ભાઈ : 'બહેન, સાંભળ્યુંને ! દાદા-દાદી ભારતમાં જવા ચાહે છે.'

બહેન : 'હા, ભાઈ તને ખબર છે આજથી વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં દાદા ભારતમાં પાળક હતા. તેમણે ગુજરાતની ધરતી ઉપર રહી પ્રભુનું ઉમદા કાર્ય કર્યું હતું.'

ભાઈ : બહેન, દાદા ખુબ જાણીતા ડોકટર હતા. આણંદની હોસ્પિટલ, અરે હાં એને તો લોકો લીમડાવાળું દવાખાનું કહેતાં. ત્યાં દાદા સર્જન ડોકટર હતા. એમ સાંભળ્યું છે કે દાદા પાસે જે કોઈ દર્દી આવે તે સાજો થઈને જ જાય.'

બહેન : 'હા ભાઈ પ્રભુ ઈસુ પાસે અનેક આંધળા, લૂલા લંગડા આવતા હતા અને પ્રભુએ તેમને સાજા કર્યા છે. તે તો તું જાણે છે ને ! દાદાની સેવાઓ પણ કંઈ જેવી તેવી તો નહોતી હોં ! દાદા પ્રાર્થના કરી ઓપરેશન શરૂ કરે અને ઓપરેશન અચૂક સફળ થાય જ.'

ભાઈ : 'ચાલ એ તો બધી પ્રભુની કૃપા. પણ મૂળ વાત કરું. આપણે તો આ દાદા-દાદીની ઈચ્છા પૂરી કરીએ. દાદા-દાદીને ફરીથી ફરવા માટે ભારત મોકલીએ.

બંને ભાઈબહેને મનસૂબો કર્યો. યોજના ઘડી કાઢી પોતાના માતાપિતાની પણ મદદ મેળવી, અને બચત કરી સારા એવાં પૈસા એકઠાં કર્યા. નજીકમાં જ દાદાજીની પંચોતેરમી વર્ષગાંઠ આવતી હતી. આ વર્ષગાંઠ ધામધૂમથી ઉજવવાનું નક્કી કર્યું.

દાદાની વર્ષગાંઠના દિવસે કુટુંબના બધા સભ્યો ભેગા મળ્યા. દાદા-દાદી માટે પ્રાર્થના કરી. પ્રભુકૃપાએ ગુજરાતમાં તેમની જે સેવાઓ થઈ હતી તે યાદ કરી ઈશ્વરપિતાનો ઉપકાર માન્યો અને દાદા-દાદીના હાથમાં એક સિલબંધ કવર મૂક્યું; દાદા-દાદીને કહ્યું : 'લો, અમે તમને તમારા જન્મદિન પ્રસંગે આ ભેટ આપીએ છીએ.' દાદા-દાદી તો ખુશખુશાલ હતા. દીકરા-દીકરી-પૌત્રપૌત્રીએ તેમની વર્ષગાંઠની ઉજવણી ગોઠવી હતી તેથી ખૂબ આનંદમાં હતા અને જ્યારે પેલું કવર જોયું તો પ્રથમ તેમને આશ્ચર્ય થયું. આ કવરમાં શું હશે ? કંઈ નાણા હશે. કંઈક હશે ખરું ! જ્યારે દાદાએ કવર ખોલ્યું, જોયું, તો ભારતમાં આવવા-જવાની વિમાનની ટિકિટ અને વિઝાકાર્ડ વગેરે હતું. બંને વૃદ્ધો નાચી ઊઠ્યાં. પોતાના દીકરા-દીકરી, પૌત્ર-પૌત્રી માટે તેમને ખૂબ માન ઉપજ્યું. ખુબ ભાવથી બધાને ભેટ્યાં. ઈશ્વરપિતાનો ઉપકાર માન્યો.

દાદા-દાદીની આંખમાં હરખના આંસુ માય નહિ. તેમણે તો ભારત આવવાની તૈયારીઓ શરૂ કરી. પૂરા એક માસ ભારતમાં ફરવાની ગુજરાતની, પોતે કરેલી ભૂતકાળની સેવાનું સ્થળ જોવાની એમને ખુબ તાલાવેલી જાગી.

એ દાદા-દાદી તો હતા ખૂબ સેવાભાવી ડૉ. રૂધરફોર્ડ. જેઓએ ઘણાં વર્ષો આણંદના લીમડાવાળા દવાખાનામાં પોતાની સેવાઓ આપી હતી.

## ૩૧. ઊડી જતાં પીંછા

એક જેસુઈટ સંત હતા. બેઠી દડીના, ઢીંગણા, ગરીબો માટેના વહાલથી તરવરતી ઊંડી ઊંડી આંખો, તેજસ્વી, પવિત્ર ચહેરો, ઓછું બોલે, વધુ કામ કરે, આપણને જોતાની સાથે જ હાથ જોડી નમસ્કાર કરવાનું મન થાય.

આ સંતની પાસે એક સ્ત્રી આવી. રડમશ આંખો બે હાથ જોડી સંત સામે ઊભી રહી કહે, 'ગુરુજી ! મેં બહુ મોટી ભૂલ કરી છે. મેં પાપ કર્યું, મારું હૃદય બહુ દુઃખી છે. મને શાંતિ મળે માટે કંઈ માર્ગ બતાવો.

'મેં ઘણા માણસોને ખરાબ શબ્દો કહ્યા છે. મારા આડોશીપાડોશી સાથે ગાળાગાળી કરી છે. હું ઝઘડી છું. જુઠ્ઠી સાક્ષી પૂરી છે. ચાડી-ચૂગલી કરી છે. ગુરુજી ! આમ કરી મેં બીજાના દિલને ભાંગી નાખ્યું છે. આઘાત પહોંચાડ્યો છે, મેં પાપ કર્યું છે ગુરુજી; મારા મનને શાંતિ નથી આ બધું યાદ કરી હું દુઃખી, દુઃખી થાઉં છું.

મને શાંતિ મળે તેવો ઉપાય બતાવો. ગુરુજીએ ધીમા અને શાંત સ્વરે કહ્યું :

'બહેન, સાંજે મારા મઠે આવજે. સ્ત્રી સાંજે મઠમાં ગઈ. ગુરુજીએ તેના હાથમાં પીંછાનો ઢગલો મૂક્યો.

બહેન જા ! જે જે વ્યક્તિ સાથે તું ઝઘડી છું જેના દિલ દુભવ્યાં છે તેમના ઘરના આંગણામાં એક એક પીછું નાખી આવજે અને સવારે જઈ પાછું લઈ આવજે. બધાં પીંછાં એકઠાં કરી મારી પાસે આવજે.

સંતના કહ્યા પ્રમાણે સ્ત્રીએ કર્યું.

બીજા દિવસે સ્ત્રી સંત પાસે ખાલી હાથે પાછી આવી.

રડમસ ચહેરે આવી ઊભી.

સંતે કહ્યું : 'બહેન, પીછાં લાવ.'

સ્ત્રીએ કહ્યું, 'પીંછા તો આંગણામાં હતા નહિ. પીંછા તો ઊડી ગયાં' સંતે કહ્યું, 'બહેન આંગણામાં નાખેલાં પીંછા પાછા મળ્યા નહિ.'

તો તેં જે શબ્દો કહ્યા તે કેવી રીતે પાછા વળે !' સ્ત્રીને પોતાની ભૂલ સમજાઈ.

તે રડવા લાગી, તેના આંસુ સંતના પગને ભીંજવી રહ્યાં. સંતે તેના માથે હાથ મૂકી પ્રેમથી કહ્યું.

'હવે પછી ક્યારેય ખરાબ શબ્દો કહીશ નહિ, બધા સાથે હળીમળી પ્રેમથી રહેજે.'

'તારા ખરાબ કામ માટે તેં પસ્તાવો કર્યો છે. ઈશ્વરપિતાએ તારાં પાપ માફ કર્યા છે.'

'જા સુખેથી જા, ઈશ્વર તારી સાથે છે. તે તારા મનને સંભાળશે. સાચી અને કાયમી શાંતિ ઈશ્વર તને આપશે.'

સ્ત્રી ધીમા પગલે સંતની પાસેથી ચાલી ગઈ.

દોસ્તો ! જાણો છો, આ સંત કોણ હતા ?

'સંત ફ્રાન્સિસ ઝેવિયર'

કરુણામૂર્તિ, ખ્રિસ્તી સંત ફ્રાન્સિસ ઝેવયરના પવિત્ર નામ સાથે જોડાયેલી ઘણી શાળા-મહાશાળાઓ, સંસ્થાઓ આપણા ગુજરાતમાં અને સમગ્ર દેશમાં આવેલી છે. માનવસેવાનું કાર્ય કરી રહી છે.

## ૩૨. ગબલો કાચબો ઊડતાં શીખે

ઊંચા ઊંચા પહાડો, મોટાં મોટાં ઝાડો, જાતભાતના વેલાવેલી.

આ બધાની વચ્ચે એક નદી વહ્યા કરે. તેના પાણી ખળખળ રાતદિવસ વહેતા રહે. નદીમાં પાર વિનાની નાની-મોટી માછલીઓ, શંખ, છિપલાંનો તો પાર નહિ. બધાં હળીમળીને રહે. પ્રભુનું ભજન કરે. આનંદ કિલ્લોલ કરે.

આ નદીમાં એક નાનકડું કાચબાનું બચ્ચું હતું. માછલીઓ તેને ગબલો કાચબો કહી બોલાવે. ગબલો કાચબો ભારે મસ્તીખોર, મજાકીઓ, નાનીનાની માછલીઓની પાછળ પડે. દોડાવે હેરાનપરેશાન કરી મૂકે.

નદીની વચ્ચે મોટી પથ્થરની શિલા આવેલી. ગબલો ઘણીવાર શિલા ઉપર ચડી જાય. ધબાક કરતો પાણીમાં પડે. ક્યારેક ગબલો કાચબો શિલા ઉપર શાંતિથી બેસી રહે. આજુબાજુના વૃક્ષો જુએ, વેલા જુએ, મજાના ફૂલો જુએ, ફૂલો ઉપર ઊડતાં પતંગિયા જુએ, આકાશમાં ઊડતાં પંખીઓને જુએ.

ગબલાભાઈ મનોમન વિચારે; ઈશ્વરે આ પતંગિયા, પંખીઓને કેવી સરસ પાંખો આપી છે ! જ્યારે મને પાંખો આપી નથી; ઈશ્વરે મને હળહળતો અન્યાય કર્યો છે. ગબલાભાઈ પોતાની જાત ઉપર ફિટકાર વરસાવે, દુઃખી દુઃખી થાય. ક્યારેક રડે પણ ખરા.

એક દિવસની વાત છે.

ગબલાભાઈ શિલા ઉપર બેઠા હતા. ત્યાં એક ગરુડ આવી

બેઠું. ગબલાભાઈ તો ગભરાઈ ગયા. ઢાલમાં ડોકું-મોઢું લઈ લીધું. થોડીવાર પછી હિંમત કરી ગબલાએ મોઢું બહાર કાઢ્યું. ગબલો કહે :

'ગરુડદાદા, નમસ્તે ! કેમ મજામાં છો ને !' ગરુડ નાનકડા કાચબાની રીતભાત જોઈ રાજી થયા. ગરુડ કહે, 'હા ભાઈ ! મજામાં, તમે કેમ છો ?'

ગબલો કાચબો રડમસ અવાજે બોલ્યો, 'જુઓને દાદા, તમે કેવા નસીબદાર છો ! એ..ઈ... ઈશ્વરે તમને કેવી સરસ મજાની પાંખો આપી છે ! તમે આકાશમાં ખૂબ ઊંચે ઊંચે ઊડી શકો, ખરુંને દાદા !

'પરંતુ દાદા, મારી દશા તો જુઓ. ઈશ્વરે મારી પીઠ ઉપર વજનદાર ઢાલ આપી છે, જો મને પાંખો આપી હોત તો હું પણ આકાશમાં ઊડી શકત ! ગરુડ દાદા ! તમે મને આકાશમાં ઊડતાં ન શીખવો ?' ગરુડ કહે, 'અરે ભલા ભાઈ, તારે વળી પાંખો જ ક્યાં છે ? જેને પાંખો હોય તે ઊડે !' ગબલો કાચબો કહે, 'અરે દાદા ! એક વખત તમે મને ઊંચે આકાશમાં લઈ જાઓને ! પછી જો જો, હું આપમેળે ઊડતાં શીખી લઈશ.'

ગબલો કાચબો શેખી (ડંફાસ) હાંકવા લાગ્યો. 'સારું ભાઈ ! હું આવતી કાલે સવારે નદીએ પાણી પીવા આવીશ. ત્યારે તને આકાશમાં લઈ જઈશ.' બીજા દિવસે ગરુડ દાદા શિલા ઉપર આવી બેઠા. દાદા પગમાં એક નેતરની સોટી લાવ્યા હતા. ગબલાભાઈ તો બહુ વહેલા આવીને બેઠા હતા. ગરુડ દાદાને જોઈ ગબલાભાઈ તો રાજીના રેડ થઈ ગયા. ગબલાભાઈએ રાત્રે માછલીઓને કહ્યું હતું.

'હું આવતી કાલે આકાશમાં ઊડવાનો છું. તમે બધાં જોતાં

રહેશો અને હું આકાશમાં ઊડીશ.' ગરુડદાદા કહે, 'કાચબાભાઈ, આકાશમાં ઊડતા શીખવું હોય તો એક નિયમ પાળવો પડે. 'મૌન રહેવાનું' ગરુડ દાદા કહે, 'ચાલો ગબલાભાઈ તૈયાર થઈ જાઓ. આ નેતરની સોટીનો એક છેડો તમારા મોંમાં બરાબર પકડી લો. હું બીજો છેડો મારા પગમાં પકડીશ. બસ, પછી તાલીમ શરૂ.' ગબલો કાચબો તો ખુશ ખુશ હતો, કહે, 'દાદા મને ખૂબ ઊંચો લઈ જજો હોં ! પછી મને છોડી મૂકજો. હું આપમેળે ઊડતાં શીખી લઈશ.'

ગબલાએ સોટી બરાબર મોંમાં પકડી લીધી. સોટીનો બીજો છેડો પકડી ગરુડ દાદા તો ઊડ્યા. ગરુડ દાદાને કંઈ ઊડતા વાર થાય ? એ તો રોકેટ છૂટે તેમ ઊંચે આકાશમાં પહોંચી ગયા. ગબલાભાઈ સોટી મોંમાં પકડી લટકી રહ્યા. ગરુડ કહે, 'ગબલાભાઈ કેમ મજા આવે છે ને ! ગબલા કાચબાએ મૌન તોડ્યું, 'હા દાદાજી હજી, ઊંચે...ઊંચે...' એમ બોલવા ગયા ત્યાં તો સોટીનો છેડો મોંમાંથી છૂટી ગયો. ગબલો ઊંચે આકાશમાંથી નીચે સરકવા લાગ્યો. પાંખો તો હતી નહિ. કરે શું ? આકાશમાંથી પડતાં પડતાં જ તમ્મર આવી ગયા. હોશકોશ ઊડી ગયા. બેભાન થઈ જમીન ઉપર જોરથી પટકાયા.

થોડીવારે કળ વળી, ભાનમાં આવ્યાં. ઢાલમાંથી મોઢું બહાર કાઢ્યું. ઊંચે આકાશમાં જોયું. કાચબાભાઈ સદ્નસીબે ઊંધા પડ્યા હતા. નદીકિનારે જ પડ્યા હતા. ઢાલવાળો ભાગ જમીન સાથે અથડાયો હતો. કાચબાભાઈ બચી ગયા. કાચબાભાઈ જોર કરી સીધા થયા. થોડીવાર બેસી રહ્યા. મનોમન વિચારવા લાગ્યા. સાંરું થયું, ઈશ્વરે મને આ ઢાલ આપી છે. જો ઢાલ ન હોત તો...? હું મરી જ જાત ને ! ભલે મને પાંખો આપી

નથી, પરંતુ ઈશ્વરે મને ઢાલ તો આપી છે ને !

‘હું પણ કેવો મૂર્ખ કે ‘પાંખો વિના આકાશમાં ઊડવા ગયો !’ ઈશ્વરે મારા શરીરનું સારું બંધારણ કર્યું છે. આભાર ! ગબલો કાચબો નદીના પાણીમાં ગયો. માછલીઓ કાચબાભાઈની રાહ જોતી હતી. માછલીઓ તેમની આજુબાજુ વીંટળાઈ વળી કહે, ‘કેમ ગબલાભાઈ, ઊડતાં શીખી આવ્યા ને !’ ગબલો શું જવાબ આપે ? માછલીઓ હસવા લાગી. માછલીઓ અંદરોઅંદર વાતો કરવા લાગી.

એક કહે, ‘અરે બહેન, ઈશ્વરે આ જગત બનાવ્યું છે. ઈશ્વર બહુ બુદ્ધિશાળી છે. તેણે સ્થળચર, જળચર, ભૂચર, ખેચર પ્રાણી-પંખી બનાવ્યાં છે.’

બીજી કહે, ‘હાં, બહેન, ઈશ્વર બહુ દયાળુ છે. દરેકને જોઈતાં કંઈને કંઈ ખાસિયત, તાલંત આપ્યાં છે.”

ત્રીજી માછલી કહે, ‘અરે બહેન, ઈશ્વરે બધાંને જરૂરિયાત પ્રમાણેના ખાસ અંગો આપ્યાં છે. શરીર રચના કરી છે.’

ચોથી કહે, ‘ઈશ્વરે કરેલી રચનામાં ભૂલ શોધવી તે તો મૂર્ખાઈ છે ! ઈશ્વર જે રીતે રાખવા ચાહે તે રીતે રહેવું જોઈએ. ઈશ્વરનો આભાર માનવો જોઈએ.’

ગબલો કાચબો, માછલીઓની વાતો સાંભળી શરમાયો.



## ૩૩. અદ્‌ભુત ઔષધ

ધનનંદ નામે નગર શેઠ હતા. શેઠ પાસે ખૂબ ધનદોલત. શેઠનો વહેપાર દેશ-પરદેશ ચાલે. ધનના ઢગલા થાય. ધનનંદ શેઠ, શેઠાણી સાથે જાત્રા કરવા ગયા. દૂર દૂર હિમાલયના તીર્થસ્થાનોમાં ગયા. રાજી થયા.

એક દિવસ શેઠજીને એક સંત-મહાત્મા મળ્યા. શેઠ-શેઠાણીએ પ્રણામ કર્યા. સંત ખુશ થયા. ઝોળીમાંથી એક શીશી કાઢી શેઠને આપી. શીશીમાં પ્રવાહી હતું.

શેઠ કહે : 'બાપજી, આ શું છે ?'

સંત કહે : 'આ અદ્‌ભુત ઔષધ છે. રોગીના રોગ મટાડે. બે ટીપાં કપાળે ઘસો તો ગમે તેવો રોગ મટે. નીરોગી બનાવે.' શેઠ-શેઠાણી ઔષધ મેળવી ખુશ થયા. જાત્રા કરી શેઠ ઘરે પાછા આવ્યા. મોટો જમણવાર કર્યો. સગાંવહાલાંને જમવા નોતર્યા. સૌને ઘટતી પહેરામણી આપી વિદાય કર્યા. થોડા મહિના વીતી ગયા. શેઠજીનો ધંધો-રોજગાર બરાબર ચાલતો હતો. એક દિવસ શેઠજી પાસે શેઠાણી આવ્યાં કહે : 'સાંભળો છો ! આપણો ધોબી તાવથી ફફડે છે. વૈદની દવા કરાવી પણ આરામ થતો નથી.' ત્યાં તો શેઠજી પાસે ધોબી આવી ઊભો.

ધોબી કહે : 'શેઠજી, દયા કરી કંઈ દવા આપો.'

શેઠજી કહે : 'હું કંઈ થોડો વૈદ છું. મારી પાસે કંઈ દવા નથી. જા, જા, ઢોંગ છોડી કામે લાગી જા.' ધોબી નિરાશ થઈ ચાલ્યો ગયો. શેઠાણી બિચારાં શું કરે ! દુઃખી થયાં. શેઠજી આગળ તેમનું કંઈ ચાલે નહિ. એકાદ મહિનો વીતી ગયો.

શેઠજીનો રસોઈયો બીમાર પડ્યો. રસોઈયો પણ ધોબીની જેમ શેઠજી પાસે આવ્યો. રસોઈયો કહે : 'શેઠજી, દયા કરી કંઈ દવા આપો !'

શેઠજી તડૂક્યા : 'હું કંઈ વૈદ નથી. તે દવા આપું. જાવ, રસોડામાં જઈ રસોઈ બનાવો. રસોઈયો દુઃખી થયો. ચાલ્યો ગયો. શેઠાણી બધું સમજતાં હતાં. શેઠજી પેલી શીશીમાંથી કોઈનેય દવા આપતા ન હતા. નોકરો બીમાર પડે એટલે શેઠાણીને કામનો બોજ વધે. વળી થોડા મહિના વીતી ગયા, હવે શેઠજીના મુનીમ બીમાર પડ્યા. મુનીમજી બીમાર થયા એટલે વહેપાર-ધંધા ઉપર અસર પડે જ. મુનીમ શેઠ પાસે આવ્યા કહે : 'મને પેઢીમાંથી થોડા દિવસ રજા આપો, હું બીમાર છું.'

શેઠજી કહે : 'છાનાંમાનાં કામ કરો. કામ કરશો તો બધું મટી જશે.' શેઠજી કોઈની ઉપર રહેમ કરી પેલી શીશીમાંથી બે ટીપાં દવા ન વાપરે. દિવસો વીતવા લાગ્યા. મહિનાંઓ વીતવા લાગ્યાં. બન્યું એવું કે, ધનનંદ શેઠ પોતે જ બીમાર થયા. વૈદને તેડાવ્યા. દવા કરાવી. પરંતુ દર્દ મટે નહિ. દર્દ જીવલેણ હતું. શેઠાણીએ શેઠજીને સંતે આપેલી પેલી દવાની શીશી યાદ કરાવી શેઠાણી કહે, 'શેઠજી યાદ કરો, હિમાલયમાં પેલાં સંતમહાત્માએ આપણને એક દવાની શીશી આપી હતી. તે અદ્ભુત ઔષધનો ઉપયોગ કરો ને !'

શેઠજી કહે : 'શેઠાણી બોલતા શું નથી ? જલદી કરો. ભંડકિયામાં પટારો છે. પટારામાં ડબ્બો છે ડબ્બામાં સંતે આપેલી શીશી મૂકી છે. લઈ આવો કપાળે ઘસી દો અબઘડી સાજો થઈ જઈશ.' શેઠાણીએ સંતે આપેલી દવાની શીશી લાવી શેઠજીના હાથમાં મૂકી.

પરંતુ આ શું ? શીશી તો ખાલી હતી. શેઠજીને નવાઈ લાગી. શેઠાણી હેબતાઈ ગયાં. શીશીમાંથી દવા તો સુકાઈ ઊડી ગઈ હતી. સંતે આપેલું અદ્ભુત ઔષધ કોઈના ઉપયોગમાં આવ્યું નહિ. ખુદ શેઠજી પોતાના ઉપયોગમાં લઈ શક્યા નહિ. શેઠજી દુઃખી, દુઃખી થયા. બિમારી વધતી ચાલી. થોડા દિવસ પછી શેઠજીનું મૃત્યુ થયું. શેઠાણી રડવા લાગ્યા.

શેઠજીના મરણ પછી શેઠાણીએ ધનદોલતનો ઉપયોગ લોકકલ્યાણમાં કર્યો. વાવ, તળાવ, કૂવા ખોદાવ્યાં. ધર્મશાળાઓ બંધાવી. સંતો, ભક્તો દીનદુઃખીજનોને જરૂર પ્રમાણે દાન કર્યું.



## ૩૪. ભાગો રે, ભાગો, દટંતર આવ્યું થાઓ છૂમંતર

જંગલમાં એક સસલી રહે. સસલી બહુ બીકણ હતી. સસલી જંગલમાં જ્યાં ત્યાં ફર્યા કરે. મનગમતાં ફળ ખાધાં કરે. જાંબુ ખાય, દાડમ ખાય, કાજુ ને અખરોટ ખાય, ખાટાં મીઠાં બોર પણ ખાય. સસલી બધું ખાઈને જાડી પાડી થઈ હતી.

ઉનાળાના પાછળના દિવસો હતા. વર્ષાઋતુની શરૂઆતના દિવસો હતા. સસલી જંગલમાં ફરતી હતી. મનગમતી મોજ કરતી હતી. મોર, પોપટ, મેના, ચકલી, કાબર, તેતર, કબૂતર પોતપોતાના માળા ડાળે ચૂપચાપ બેઠા હતા. ઢળતા બપોર સમય હતો. બધાં પંખી, પ્રાણીઓ આરામ કરતા હતા. સસલી જંગલમાં ફરતી હતી.

જંગલમાં આંબાવાડિયું. સસલી આંબાવાડિયામાં ટહેલતી હતી. તે કેરી ખાતી હતી ત્યાં ગડગડાટ અવાજ થયો. સસલી આમ જુએ, તેમ જુએ. કાન ઊંચા કરી ચોગમ જુએ. સસલી ગભરાઈ. તેને બીક લાગી. સસલીએ ઊંચે જોયું. આકાશમાં કાળી કાળી વાદળીઓ દોડી રહી હતી. સસલી સમજી જરૂર આભ તૂટ્યું. સસલી તો જીવ બચાવવા જાય નાઠી. સસલી દોડતી જાય અને જોર જોરથી બોલતી જાય.

'ભાગો રે, ભાગો, ભાઈ !'

દટંતર આવ્યું, થાઓ છૂમંતર ! થાઓ છૂમંતર !' સસલી ભાગતી હતી. ત્યાં સામેથી હરણ આવ્યું.

હરણ કહે : 'સસલી બહેન ! કાં ભાગો છો ?'

સસલી કહે : 'ભાગો દટંતર આવ્યું,' બસ હરણ પણ બીકનું માર્યું ભાગવા લાગ્યું.

આગળ જતાં સામે ગાય મળી. ગાય કહે, સસલી બહેન કાં ભાગો છો ?

સસલી કહે : 'દટંતર આવ્યું થાઓ, છૂમંતર !' ગાય દોડવા લાગી. થોડે દૂર જતાં ગાયને કૂતરો મળ્યો.

કૂતરો કહે : 'ગાય બહેન, આમ શીદ ભાગો છો !'

ગાય કહે : 'કૂતરાભાઈ ! ભાગો રે ભાગો, દટંતર આવ્યું. થાઓ છૂમંતર.' બસ પછી તો કૂતરો પણ જાય નાઠો. જંગલમાં વાંદરા ભાઈ ઝાડની ડાળે હિંચકે. તેમણે કૂતરાને અધ્ધર શ્વાસે નાસતાં જોયો.

વાંદરો કહે : 'એ... કૂતરાભાઈ ! આમ ગભરાયેલા કેમ દોડો છો ? શી આફત આવી છે ?

કૂતરો કહે : 'વાંદરાભાઈ, ભાગો રે, ભાગો, દટંતર આવ્યું, થાઓ છૂમંતર !' વાંદરો તો એક ડાળથી બીજી ડાળ કૂદતો જાય, બોલતો જાય, ભાગતો જાય.

'ભાગો રે ભાગો દટંતર આવ્યું, થાઓ છૂમંતર !' જંગલમાં મોરભાઈ નાચે તેમણે વાંદરાને એક ઝાડની ડાળેથી બીજા ઝાડની ડાળે કૂદાકૂદ અને ભાગંભાગ કરતો જોયો.

મોરલો કહે : 'અરે, વાંદરાભાઈ ! આમ હાંફળા ફાંફળાં થઈ કેમ દોડા દોડ કરો છો ?' શી વાત છે ?

વાંદરો કહે : 'ઓહ, મોરભાઈ ! તમને ખબર નથી ?

'ભાગો રે ભાગો જંગલમાં દટંતર આવ્યું છે થાઓ છૂમંતર !'

આખા જંગલમાં બસ એક જ વાત. 'ભાગો રે ભાગો

જંગલમાં દટંતર આવ્યું છે થાઓ છૂમંતર !' આખા જંગલમાં પંખીઓ, પશુઓ ગભરાઈ દોડા દોડ કરવા લાગ્યાં. દટંતર આવ્યું, થાઓ છૂમંતર ! આખા જંગલમાં પ્રાણીઓ, પંખીઓની નાસભાગ થઈ રહી. કોઈ કોઈને પૂછતું નહિ. બધાં એકબીજાંનાં મોં જોઈ ભાગે-દોડે.

જંગલમાં એક ચતુર સુજાણ શિયાળ રહે. તેણે આ વાત જાણી. બધાંને ગભરાઈ દોડતાં જોયાં. શિયાળ તો ગયું જંગલના રાજા સિંહની પાસે.

શિયાળ કહે : 'રાજા સાહેબ ! રાજા સાહેબ ! જંગલમાં તો બધાં પ્રાણીઓ ગભરાઈ દોડા દોડ કરે !'

સિંહ ગુફામાંથી બહાર આવ્યો. આળસ ખાઈ શરીર ટટ્ટાર કર્યું. ગરદન હલાવી કેશવાળી સરખી કરી. સિંહ જંગલમાં ચાલ્યો. હરણને પકડ્યું. ગાયને પકડી, કૂતરો પકડ્યો. બધાંને વારાફરતી પકડે અને પૂછે—

'તે દટંતર જોયું છે ?' બધાં ના જ કહે. છેવટે સસલી પકડાઈ. સિંહે સસલીને કાનપટ્ટી પકડી પૂછ્યું : 'અલી સસલી, તે દટંતર જોયું છે ? આ બધા તારું નામ આપે છે. ચાલ, બતાવ ક્યાં છે દટંતર ?'

સસલી કહે : 'રાજા સાહેબ, રાજા સાહેબ, મને મારશો નહિ.' સસલી તો સિંહ રાજાને પેલા આંબાવાડિયામાં લઈ ગઈ.

સસલી કહે : 'રાજા સાહેબ, અહીં દટંતર હતું. ત્યાં તો ફરી વાદળ' ગર્જવા લાગ્યાં. સસલીએ ઊંચે આકાશમાં જોયું.' કહે, 'જુઓ રાજા સાહેબ ! પેલું દટંતર જાય.' આકાશમાં તો વરસાદની વાદળીઓ દોડે જતી હતી. સિંહે તે જોઈ અને બધી ખબર પડી.

સિંહે સસલીને કહ્યું : 'અલી ગાંડી, આ તો વરસાદી વાદળા છે. વરસાદી વાદળાં ગર્જે છે. આકાશમાંથી વાદળાં કંઈ નીચે ના પડે ! તેમાં વરસાદનું પાણી હોય તે પડે !' સિંહે બધાં પ્રાણીઓને ભેગાં કર્યાં. વરસાદના વાદળો ગર્જે છે તે સમજાવ્યું. બીક દૂર કરી. બધા પેલી બીકણ સસલીને શોધવા લાગ્યા. સસલી તો ક્યારનીય બોડમાં છુપાઈ ગઈ હતી.

રખે ને ! બધાં તેને મારે તો...

બસ ત્યારથી સસલી જંગલમાં બધાથી ગભરાતી ફરે છે. જંગલમાં બધા તેને 'બીકણ સસલી' કહે છે.



## ૩૫. 'ગુરુભક્તિ'

ઘણાં સમય પહેલાંની આ સાચી વાત છે.

અરબસ્તાન, પેલેસ્ટાઈન દેશ રણપ્રદેશ છે. અહીં ઊંચા ઊંચા પર્વતો આવેલાં છે. અહીં ઘણી દુર્ગમ ગુફાઓ છે. આ ગુફાઓમાં, એકાંતવાસમાં ખ્રિસ્તી સાધુઓ રહે. આ સાધુઓ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરે. ઈશ્વરની આરાધના કરે. તપ કરે. આવાં તપસ્વીઓમાં સંત અન્તુની બહુ જાણીતા હતા. તેઓ ઈશ્વર ભક્ત હતા. તપસ્વી સંત અન્તુનીના પ્રભાવથી પ્રેરાઈ એક પૌલ નામે વિદ્વાન તેમના શિષ્ય બનવા ગયા. તેમને તપસ્વી બનવું હતું. ધર્મ શિક્ષણ મેળવવું હતું. વિદ્વાન પૌલ વૃદ્ધ હતા.

રેગિસ્તાનની ગુફામાં સંત અન્તુની તપ કરતા હતા. વિદ્વાન પૌલ શોધતા શોધતા તેમની ગુફાએ પહોંચ્યા. સંત અન્તુનીનો તેમને ભેટો થયો. વિદ્વાન પૌલ તો તેમને વંદન કરી ઊભા. સન્ત અન્તુનીએ પૌલને નખશીખ જોઈ લીધા. તેમને માથાના સફેદ વાળ પરિયાં ઊંડી ઉતરી ગયેલી આંખો, સંત તો થોડી વાર સુધી જોઈ રહ્યા. તેમણે પૌલને શિષ્ય બનાવવાની ના પાડી. પોતે ગુફામાં ચાલ્યા ગયા. પૌલને તો જ્ઞાન મેળવવાની, શિષ્ય બનવાની તીવ્ર ઇચ્છા હતી. લગન હતી. તેઓ તો ત્રણ દિવસ સુધી ગુફાના દ્વાર પાસે ઊભા રહ્યા. જ્યારે સંત અન્તુની ગુફામાંથી બહાર આવ્યા, ત્યારે પૌલને જોયા. સંત અન્તુની થોડા પીગળ્યા. સંતે તેમની વધુ કસોટી કરવા ચાહ્યું. સંત એક ખજૂરીના પાનનો ભારો લઈ આવ્યા. તેમણે પૌલને આપ્યો. કહ્યું, 'આમાંથી દોરડું વણી લાવો !'

પૌલ તો ગુરુજીની આજ્ઞા માની દોરડું વણવા લાગી ગયા. થોડા સમય બાદ પૌલે દોરડું વણી સંત અન્તુની આગળ મૂક્યું. સંતે તે જોયું - કહ્યું 'હવે આ દોરડાને ઉકેલી નાખી ફરી વણી લાવો !'

પૌલને જેટલો સમય દોરડું વણવામાં થયો હતો તેટલો જ સમય તેને ઉકેલવામાં અને ફરીથી વણવામાં થયો હતો. બમણી મહેનત, શ્રમ થયાં પૌલની જગ્યાએ બીજું કોઈ હોય, તો ત્યાંથી નાસી જ જાય. પરંતુ પૌલે ધીરજ ગુમાવી નહિ, એ જ ઉત્સાહ અને ખંતથી દોરડું વણવા લાગ્યા. સંત અન્તુનીએ પૌલની ધીરજ, ઉત્સાહ, લગન જોયાં, તેમનાથી પ્રભાવિત થયા. સંત અન્તુનીએ પૌલને શિષ્ય બનાવ્યા. પૌલને સંત અન્તુનીએ તેમની સાથે ગુફામાં રાખી લીધા. સંત પૌલને બધી જ્ઞાન વિદ્યા શીખવી પારંગત બનાવ્યા.

પાછળથી પૌલ, સંત અન્તુની જેવાં જ ખ્રિસ્તી ધર્મના તપસ્વી સંત જાહેર થયા.

## ૩૬ એક રાજાની વાર્તા

ઘણા જૂના સમયની વાત છે.

ગ્રીસ દેશમાં એક રાજા, નામ એનું કીંગ એલેકઝાન્ડર; રાજા એલેકઝાન્ડર બહુ શક્તિશાળી, બહાદુર હતો. રાજા એલેકઝાન્ડર સત્તાનો ઘણો લાલચુ. તેને રાતદિવસ રાજ્યવિસ્તાર કરવાના વિચાર આવ્યા કરે. તેણે પોતાના રાજ્યની આજુબાજુના નાના મોટાં રાજ્યવિસ્તાર કરવાના વિચાર આવ્યા કરે. તેણે પોતાના રાજ્યની આજુબાજુના નાના મોટાં રાજ્યો જીતી લીધા. મોટું રાજ્ય બનાવ્યું. રાજાને સંતોષ થાય નહિ. રાજા તો દુનિયાના બધા દેશો ઉપર તેની રાજ્યસત્તા હોય તેવું ઇચ્છે છે. રાજા એલેકઝાન્ડર પાસે ધનદૌલત, જરઝવેરાત, સોનાચાંદી, હીરામાણેકનો પાર નહિ. રાજાનો સોના મઢ્યો મહેલ હતો. રાજા એલેકઝાન્ડરના વૈભવી ઠાઠમાઠથી દૂર દેશાવરમાં વાત થાય.

કદી સત્તાની ભૂખ ભાંગે નહિ. રાજા એલેકઝાન્ડરને મહાન સમ્રાટ થવું હતું. રાજા તો મોટું સૈન્ય લઈ દુનિયાના દેશો જીતવા નીકળી પડ્યો. ગજદળ, રથદળ, પાયદળ સૈન્યનો પાર નહિ. તીડના ટોળાંની જેમ રાજાનું સૈન્ય આગળને આગળ વધતું જાય. આકાશ ધૂળના ગોટેગોટાંથી છવાઈ જાય. બધું ધૂંધળું ધૂંધળું દેખાય. જબરજસ્ત મોટું સૈન્ય કંઈક ગામડાંનો ખોરડાંઓ, વાડીઓ, મેડીઓ, ખેતરના ઊભા પાકને જન-જનાવર બધાને ખેદાનમેદાન કરતું, બસ આગળને આગળ આંધિ-વંટોળની જેમ વધતું જ જાય. રાજા એલેકઝાન્ડરના ચુનંદા, શક્તિશાળી,

બહાદુર સરદારો, સેનાપતિઓ એક પછી એક રાજ્યો જીતતાં હતાં. રાજા એલેકઝાન્ડરની ખુશીનો પાર નહિ. પરંતુ ઈશ્વરની યોજના અદ્‌ભુત હોય છે. માનવી ધારે છે કંઈક અને બને છે કંઈક. રાજા કે રંક કોઈનુંય ધાર્યું બનતું નથી. માણસની નહિ પરંતુ ઈશ્વરની જ ઈચ્છા પૂરી થતી હોય છે.

કોણ જાણે શું થયું !... રાજા એલેકઝાન્ડર પોતાના સૈન્યથી વિખૂટો પડી ગયો. સૈન્ય તો પવનના સપાટા-ઝપાટાની જેમ આગળ ધસી ગયું. ધપી ગયું. આ બાજુ રાજા એલેકઝાન્ડર સૈન્યથી વિખૂટો પડેલો, અવળે માર્ગે ચડી ગયો, ભૂલો પડ્યો. નિર્જન પ્રદેશમાં દિશા શૂન્ય બની ગયો. અટવાઈ પડ્યો. ઉનાળાની ઋતુ, ધોમંધખતો તાપ, રેતાળ રણપ્રદેશ અણદીઠ ભોમકા, ઊની ઊની લૂ વાય. તન, મનને દઝાડે રણમાં રેતીની આંધિ આવી. રાજા જેવો રાજા, નિઃસહાય એકલવાયો બની ગયો. ભૂખ, તાપ, તરસથી રાતદિવસ રણમાં અહીંતહીં અટવાતો, ભટકાતો રાજા દુઃખી દુઃખી થઈ ગયો. ઘોડેસ્વાર રાજા આમ તેમ ભટકે માર્ગ સૂઝે નહિ. રાજાને તરસ લાગી. ઘોડા ઉપર લટકતી પાણીની મશક જોઈ, પરંતુ પાણીનું ટીપુંય મળે નહિ. માણસને બે-ત્રણ દિવસ ખોરાક વિના ચાલી શકે પરંતુ પાણી વિના ન ચાલે. રાજા એલેકઝાન્ડરનું ગળું શોષાવા લાગ્યું. રાજા પાણીની શોધમાં આમ તેમ ફાંફા મારવા લાગ્યો. સુખમાં ઈશ્વરની યાદ ન આવે દુઃખ સંકટ સમયે ઈશ્વર યાદ આવે. રાજા મનોમન ઈશ્વરને યાદ કરવા લાગ્યો. 'પ્રભુ મને ઉગારો, બચાવો !' ત્યાં તો રાજાએ થોડે દૂર પાસે ઊભેલાં ખજૂરીના બે-ત્રણ લીલાંછમ ઝાડવાં જોયાં. સૂક્કા-ભઠ્ઠ રણવિસ્તારમાં લીલાંછમ ઝાડવાં જોઈ, રાજા મનોમન હરખાયો. ત્યાં જંરૂર

પાણી હશે ! રાજાને આશા બંધાઈ. રાજા એલેકઝાન્ડરે ઘોડાને તે તરફ હંકાર્યો.

રાજા ઝાડવાંવાળી જગ્યાએ આવી ઊભો. પરંતુ અરે, રે આ શું ? અહીં તો પાણીનું નામ નિશાની મળે નહિ. રાજા નિરાશ થયો. પાણીનું કોઈ ઝરણું મળે નહિ. કોઈ કૂવો નહિ. કોઈ વીરડી નહિ. માત્ર ઝાડવાં જ. રાજા છેતરાયો. આશા ઠગારી બની. રાજાએ ફરીથી ઈશ્વરને યાદ કર્યા. 'પ્રભુ, પ્રભુ ! મને બચાવી લે ! તું અનાથોનો નાથ છું ! તું દયાળુ, રહેમી ઈશ્વર છું ! કહેવત છે કે, લાખો નિરાશામાં કંઈ એક અમર આશા છૂપાયેલી હોય છે. ત્યાં તો ખજૂરીના ઝૂંડની પાછળ કંઈક સળવળાટ થયો. રાજાનું તે તરફ ધ્યાન ગયું. રાજાએ જોયું તો એક સાદડી પાથારી, એક ઓલિયો સંત સૂતો હતો. તેનું શરીર ઘડપણથી સાવ નંખાઈ ગયું હતું. તેનું બદન ખૂલ્લું હતું. કમરે માત્ર એક કંતાન વીંટાળ્યું હતું. સફેદ લાંબી દાઢી, સફેદ લાંબા વાળના ઝટિયાં, ઊંડી ઊતરી ગયેલી આંખો. ફિક્કો પડી ગયેલો ચહેરો.

રાજા એલેકઝાન્ડર ઘોડા ઉપરથી નીચે ઊતર્યો. પેલા ઓલિયા સંત પાસે જઈ ઊભો. રાજા કહે : 'હે બાબા, આટલામાં કંઈ પાણી મળશે ખરું ? ઓલિયા સંતની આંખો બંધ હતી. રાજાનો અવાજ સાંભળ્યો ઓલિયા સંતે આંખો ઊંચી કરી. રાજા સામે એક નજર નાખી. ફરી પાછી આંખો મીંચી લીધી. તેણે રાજાની જરાય દરકાર કરી નહિ. રાજાનું સ્વમાન ઘવાયું. પરંતુ રાજા કરે શું ? વખાનો માર્યો રાજા ઓલિયા સંતને હાથ જોડી ફરી કરગરતાં કહેવા લાગ્યો. 'બાબા, તરસે મારો જીવ જાય છે, દયા કરો. થોડુંક પીવા પાણી આપો !' ઓલિયા

સંત બેઠા થયા. રાજા સામે ધારી ધારી જોઈ રહ્યા.

રાજાને કહે : 'ભાઈ, પાણી જોઈએ છીએ ?'

રાજા કહે : 'બાબા, બે-ત્રણ દિવસથી તરસ્યો છું. હવે નથી સહેવાતું; નથી રહેવાતું; તરસે મારો જીવ જાય છે. દયા કરો, પાણી આપો. મારો જીવ બચાવો. ઈશ્વર આપનું ભલું કરશે !' ઓલિયા સંત હસવા લાગ્યા. બાબાને આમ હસતા જોઈ રાજાને ગુસ્સો તો આવ્યો, પરંતુ... કરે શું ?

ઓલિયા સંત કહે : 'ભાઈ, તને એક ખોબો પાણી પીવડાવું તો ખરું ! પરંતુ તું મને બદલામાં શું આપે ?'

રાજા કહે : 'બાબા, આ મારી સોનાની મૂઠવાળી, તલવાર. હીરાજડીત મ્યાન સાથે આપી દઉં !'

ઓલિયા સંત કહે : 'અરે રે, મૂર્ખ ! મારે ઓલિયા સંતને વળી આ તલવાર શા કામની...? મારે ક્યાં કોઈને તારી જેમ મારવા છે !'

રાજા કહે : 'બાબા હું તો રાજા છું. તમે માગો તે આપું ! એક ખોબો પાણી આપો તો મારું અડધું રાજ્ય આપી દઈશ !' ઓલિયા સંતે કહ્યું : 'અને... બે ખોબા પાણી આપું તો...?

રાજા કહે : 'અરે... બાબા, મારી ઉપર દયા કરો, રહેમ કરો. મારો જીવ ઉગારી લો.' 'બે ખોબા આપો, તો મારું આખું રાજ્ય આના ચરણે ધરી દઈશ...બસ...બાબા...મારો જીવ બચાવો...જીવ બચાવો...!'

હવે ઓલિયા સંત મીઠું હસવા લાગ્યા. કહે : 'હે રાજા, તું જ્યાં ઊભો છે તે જગ્યાએ થોડું ખોદ !' રાજા એલેકઝાન્ડર ઘૂંટણિયે પડી ખોદવા લાગ્યો. રાજાએ થોડું જ ખોદ્યું. ત્યાં તો અદ્‌ભુત ચમત્કાર થયો. પાણીનો ફુવારો છૂટ્યો. સૂક્કા

રણપ્રદેશમાં નાનકડું પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું. કાચ જેવું ચોક્ખું, નિર્મળ, શીતળ લીલા નાળિયેરમાંથી નીકળે તેવું મીઠું મધૂરું પાણી... વહેવા લાગ્યું. રાજાના હરખનો તો પાર નહિ. રાજા એલેકઝાન્ડર ખુશખુશાલ. ખોબે ખોબે પાણી પીવા લાગ્યો. ધરાઈ ધરાઈને પાણી પીવા લાગ્યો. રાજાનું હૈયું બોલી ઊઠ્યું... 'હાશ...તૃપ્તિ...તૃપ્તિ... અતી તૃપ્તિ... હવે રાજા એલેકઝાન્ડર ભાવવિભોર બન્યો. ઊભો થયો. દોડ્યો ઓલિયા સંતના પગમાં પડ્યો. હાથ જોડ્યા. પ્રણામ કર્યા. રાજાએ હીરાજડીત મ્યાનવાળી તલવાર સંતના ચરણોમાં ધરી દીધી. માથા ઉપર મૂકેલો હીરારત્નજડીત ટોપ નીચે ઊતાર્યો. સંતના ચરણે ધરી દીધો.

રાજા કહે : 'આપે મારો જીવ બચાવ્યો છે, મારું સઘળું રાજવૈભવ આપના છે. હું તો તમારો દાસ છું. સેવક છું. ઓલિયા સંતે રાજાને હૈયા સાથે જકડી લીધો. ખૂબ વહાલ કર્યું.

ઓલિયા સંત કહે : 'રાજા, તારા રાજ્યની, સામ્રાજ્યની તારા ધનદૌલત વૈભવની, તારી સત્તાની કિંમત કેટલી ? 'માત્ર એક કે બે ખોબા પાણી... જ...ને !'

રાજા તું જે રાજસત્તા મેળવવાં, વૈભવ મેળવવા ઇચ્છા રાખે છે તે બધું નક્કામું છે. અર્થહીન છે. 'માનવી બધું મેળવે પરંતુ તેનો જીવ ગુમાવે તો શો લાભ ! સત્તાવૈભવ મેળવે પણ જીવની હાનિ થવાથી શો લાભ ! આ જગતની ધનદૌલત, માનમોભો, સત્તા સઘળું વ્યર્થનું વ્યર્થ છે ?'

## ૩૭. રાજા ભોજ અને કવિ કાલિદાસ

પ્રાચીન ભારતમાં ભોજ નામે એક રાજા હતો. તે બહુ શક્તિશાળી હતો. પ્રજા પ્રેમી રાજા હતો. સાહિત્ય-કલાપ્રેમી હતો. તેનું રાજ્ય ઘણું વિશાળ હતું. રાજ્યમાં પ્રજા બહુ સુખી હતી. ચોર, લૂટારું, ડાકુનો જરાય ભય નહિ; દૂધ-ઘીની નદીઓ વહે; લોકો ખાધેપીધે બહુ સુખી હતા.

રાજા ભોજના દરબારમાં ઘણા બધા વિદ્વાનો, પંડિતો હતા. આ બધામાં મહાકવિ કાલિદાસ ખૂબ જાણીતા હતા. સંસ્કૃત ભાષાના આ મહાપંડિત દેશવિદેશમાં જાણીતા હતા. મહાકવિ કાલિદાસના જ્ઞાનની ભારે પ્રશંસા થાય. મહાકવિ કાલિદાસ રંગે ઘણા કાળા, પરંતુ જ્ઞાનમાં ઉજળા હતા.

એક દિવસની વાત છે. સવારનો સમય છે. રાજા ભોજ અને કવિં કાલિદાસ બાગમાં ફરતા હતા. બાગમાં સુંદર વૃક્ષો હતાં. રંગબેરંગી ફૂવારા ઊડે, જાતભાતનાં પંખીડાં કલરવ કરે, મંદ મંદ શીતળ પવન વાયા કરે. સુંદર ફૂલોની સુગંધી, મનને ખુશ કરે. રાજા ભોજ અને કવિ કાલિદાસ વાતો કરતા કરતા મોગરાની વેલના લત્તા મંડપમાં આવી પહોંચ્યા. અહીં રૂડાં રૂપાળાં સફેદ મોગરાના ફૂલો હતા. ફૂલો મહેંકી રહ્યાં હતાં. કવિ કાલિદાસે દૂધ જેવાં સફેદ મોગરાના ફૂલો ખોબામાં લીધાં. રાજા ભોજને આપવા લાગ્યા. રાજા ભોજે કાલિદાસના કાળા કાળા હાથમાં દૂધ-બરફ જેવાં ઉજળાં; સફેદ ફૂલો જોઈ મશ્કરી કરતાં કહ્યું : ‘અરે કાલિદાસ ! તમે કેવા કમનસીબ છો. આ સફેદ મોગરાના ફૂલો તમારા કાળા હાથમાં આવતાં શરમિંદા

બને છે !' રાજા ભોજના આવા શબ્દરૂપી બાણથી કવિ કાલિદાસનું કાળજું ઘવાયું. કવિ કાલિદાસ દુઃખી, દુઃખી થયા. આ તો રાજા કહેવાય ! તેમની સાથે ઓછું લડાઈ-ઝઘડો થાય ?

કવિ કાલિદાસ ચૂપ રહ્યા. થોડા સમય પછી રાજા ભોજ અને કવિ કાલિદાસ છુટા પડ્યા. કવિ કાલિદાસે રાજાને બોધપાઠ શીખવવાનું નક્કી કર્યું. માનહાનિ પામેલા કવિ કાલિદાસ ઘણા દિવસ સુધી રાજદરબારમાં ગયા નહિ. કવિ કાલિદાસ વિના રાજદરબાર સૂનો સૂનો લાગે. રાજા પણ ચેન પડે નહિ. આખરે રાજા ભોજે સેવકોને બોલાવી કહ્યું, 'જાઓ, કવિ કાલિદાસને માનભેર રાજદરબારમાં તેડી લાવો !' કવિ કાલિદાસ રાજાનું કહેણ મળતા રાજદરબારમાં હાજર તો થયા, પરંતુ... આ શું ?

રાજા ભોજ રાજસિંહાસન ઉપર બેઠા છે. દરબારીઓ, વિદ્વાનો, સેનાપતિઓ સૌ પોતપોતાના મોભા પ્રમાણે આસનો ઉપર બિરાજમાન છે. રાજદરબારમાં કવિ કાલિદાસ પ્રવેશ કરે છે. તેમને જોઈ સહુ નવાઈ પામે છે. કવિ કાલિદાસના એક ખભા ઉપર માટીનો કુંભ (ઘડો) છે. બીજા ખભા ઉપર સોનાનો કુંભ (ઘડો) છે. કવિ કાલિદાસે રાજા ભોજની આગળ જઈ બંને કુંભ નીચે મૂક્યા. કવિ કાલિદાસે માથું નમાવી પ્રણામ કર્યા. રાજા ભોજે બંને કુંભ જોઈ કહ્યું : 'મહા કવિ આ શું છે ?' કવિ કાલિદાસ કહે : 'થોડી ગુસ્તાખી માટે માફી માગું છું !'

'હે રાજાધિરાજ ! આપની સામે આ બંને કુંભ મૂકેલા છે. એક માટીનો અને બીજો સોનાનો છે. બંનેમા પાણી ભર્યું છે. હવે મહારાજાધિરાજ આપ મને જણાવો કે કયા કુંભ (ઘડા)માં પાણી ઠંડુ, પીવાલાયક થશે !' રાજા ભોજે ઉત્તર આપ્યો : 'અરે, મહાકવિ આ તો બહુ સરળ, સાહજિક વાત છે. માટીના કુંભમાં

જ પાણી ઠંડુ થશે !' કવિ કાલિદાસે કહ્યું : 'માટી કરતાં સોનાનો કુંભ શું કિંમતી નથી ? રાજા ભોજે કહ્યું : 'જરૂર કિંમતી છે. પરંતુ પાણી તો માટીના કુંભ (ઘડા)માં જ ઠંડું થાય. સોનાના કુંભ (ઘડા)માં એ ગુણ નથી.'

કવિ કાલિદાસે કહ્યું : 'હે મહારાજાધિરાજ ! સાંભળો ત્યારે... જેમ ઘડાની કિંમત તેના રૂપરંગને લીધે નથી પરંતુ તેના ગુણને લીધે છે. તેવી જ રીતે માણસની કિંમત પણ તેના રૂપરંગને લીધે આંકી શકાય નહિ. પરંતુ તેના ગુણને લીધે આંકી શકાય.' 'માણસ ગમે તેવા રંગનો હોય; ગમે તે જ્ઞાતિનો હોય; ગમે તે ધર્મનો હોય; ધનવાન હોય કે ગરીબ; ગમે તે વર્ગનો હોય પરંતુ માણસની કિંમત તેના ગુણ-સદ્‌ગુણ, જ્ઞાનથી થાય-માણસની પ્રતિભા મહત્ત્વની છે,' રાજા ભોજ આ સાંભળી પોતે કરેલી ભૂલ માટે શરમિંદો થયો, કવિ કાલિદાસના બુદ્ધિચાતુર્ય માટે ઈનામ આપ્યું.



# ૩૮. જાતભાતનાં પંખી

જંગલની વચ્ચે તળાવ હતું. તળાવમાં મધમીઠા પાણી. નિર્મળ શીતળ જળ. તળાવમાં નાની નાની માછલીઓ તરે. કાચબા ફરે. તળાવના કિનારે જાત જાતના ઝાડવાં. અહીં ભાત ભાતના પંખીડાં રહે. પંખીડાં કલશોર કરે.

એક દિવસની વાત છે, એક બગલો તળાવમાં એક પગે ઊભો હતો. તેનું ધ્યાન તરતી માછલીઓમાં હતું. 'ક્યારે માછલી પકડી ખાઈ જાઉં !' થોડાક સમય પછી ફરરર કરતો એક કાગડો આવ્યો. કાગડો તળાવનું પાણી પીવા લાગ્યો. બગલાએ કાગડાને જોયો. બગલાને થયું, આ કાગડો તો કાળો છે. હું કેવો ધોળો છું. હું કાગડા કરતાં રૂપાળો છું ! બગલો મનોમન હરખાયો. બગલાને કાગડાની મજાક કરવાનું મન થયું.

બગલો કહે : 'અલ્યા, કાગડા જોતો નથી ! મારું પાણી બગાડે છે !'

કાગડો કહે : 'અરે ભાઈસાહેબ ! હું ક્યાં તમારું પાણી બગાડું છું ? હું તો છેક કિનારે ઊભો છું. તમે તો મારાથી દૂર વચ્ચે છો !

બગલો કહે : 'ચૂપ કર; તું તો કાળા કોલસા જેવો છું. હું તો દૂધ જેવો ધોળો છું. તારું એઠું પાણી મારા પીવામાં આવે, તો હું કાળો જ થાઉં ને ! તારી બોલી પણ કેવી કર્કશ છે. તું તો કોઈને જોવો ના ગમે; સાંભળવો પણ ન ગમે !'

કાગડો કહે : 'બગલા ભાઈ ! તમે ધોળા ખરા, પણ તમારાં કામ તો કાળાં જ છે ને ! આ બિચારાં નાનકડાં, ભોળાં માછલાંને

ખાઈ જાઓ છોને !'

આમ, કાગડો અને બગલો બોલાચાલી કરતાં કરતાં ઝઘડવા લાગ્યા. ઊડીઊડીને એક બીજાને ચાંચો મારવા લાગ્યા. તળાવ કિનારે વડલાનું ઝાડ. ડાંળી ઉપર એક પોપટ બેઠો હતો. પોપટ બગલા અને કાગડાની બોલાચાલી, લડાઈ, ઝઘડો જોઈ રહ્યો હતો.

બંનેને લડતા જોઈ પોપટને દયા આવી. તે ફરરર કરતો ઝાડની ડાળી ઉપરથી નીચે ઊતર્યો. તળાવમાં એક મોટો પથ્થર હતો. પોપટ ત્યાં બેઠો.

પોપટ કહે : 'અરે મિત્રો, તમે આમ શું કરવા ઝઘડો છો ? શાંત થાઓ, લડો નહિ !' બંને ઝઘડતા બંધ થયા.

પોપટ કહે : 'આપણે બધાં પંખીડાં છીએ. ઈશ્વરે જ બધા પંખીઓને બનાવ્યાં છે. કોઈ પંખી ધોળું છે; તો કોઈ કાળું છે. કોઈ પાણીમાં તરી શકે છે; તો કોઈ જમીન ઉપર ચાલી શકે છે. કોઈ જીવડાં, માછલી ખાય છે; તો કોઈ ફળફળાદિ ખાય છે. કોઈનો કંઠ સુરીલો છે; તો કોઈનો કર્કશ છે. આપણામાં ઘણી જુદાઈ છે. છતાં આપણે એક છીએ. ઈશ્વરના બનાવેલાં પંખી છીએ.

અંદરો અંદર હૂંસાતૂંસી કરી ઝગડીએ શા માટે ? આમ વાત ચાલતી હતી ત્યાં એક હંસ ઊડતો ઊડતો આવ્યો. હંસલો માન સરોવરથી આવતો હતો. લાંબી ઊડાનથી થાક્યો હતો. આવું સરસ મજાનું તળાવ જોયું. ઝાડપાન જોયા. કાગડો, પોપટ, બગલો, જેવાં પંખીડાં જોયાં. હંસ ખુશ થયો. હંસ તરસ છીપાવવા, થાક ખાવા નીચે ઊતર્યો.

હંસ તો બરફ જેવો ઉજળો હતો. લાંબી ડોક, રતુમડી આંખો, હંસ ડોક વાંકીચૂંકી કરતો પાણીમાં તરવા લાગ્યો. હંસનો

ઠસ્સો, રૂઆબ બધાં જોઈ રહ્યાં. હંસ તો તરતો તરતો કાગડો, પોપટ, બગલો જ્યાં હતાં ત્યાં આવ્યો.

હંસ કહે : 'કેમ છો, ભાઈઓ ! બધાં મજામાં છો ને ? જુઓ તો ઈશ્વરે કેવું સરસ આ તળાવ બનાવ્યું છે ! કેવું શીતળ, મીઠું જળ છે. હંસ આકાશ સામે જોઈ કહેવા લાગ્યો : 'વાહ, પ્રભુ વાહ ! તમારી સૃષ્ટિ અદ્ભુત છે. તમારી રચના તો અપરંપાર છે. પ્રભુની સ્તુતિ થાઓ !' હંસ તો ગાવા લાગ્યો : નદી, સરોવર, સાગર જળમાં વાસ તમારો થાતો; ભૂચળ, ખેચર, જળચર પંખી કલરવ મધુરો થાતો. સરજન તમારું અદ્ભુત રમતું, પૃથ્વી મધ્યે વસતું; એકમેકના હૈયે, હૈયે આનંદ સુખ ઊભરાતું.

પોપટ કહે : 'હંસ દાદા ! તમે તો ભારે કરી હોં !' સરસ મજાની વાત કરી.' 'તમને તો ઈશ્વરે અજબ ગજબની શક્તિ આપી છે. તાલંત આપ્યું છે. તમારી સામે દૂધ અને પાણી ભેગાં કરી મૂક્યાં હોય તો, તમે દૂધ પી જાઓ છો; અને પાણી પડતું મૂકો છો. ખરું ને ! હંસ દાદા તમે તો નિરક્ષર વિવેકી છો.'

આ હું પોપટ, કાગડો, બગલો કે બીજા કોઈ પંખી પાસે તમારા જેવી આવડત નથી. તાલંત નથી. હંસ મૌન રહ્યો. વખાણ સાંભળી ડોક નીચી કરી નમ્રતા બતાવી.

હંસ કહે : 'ભાઈઓ હું પણ તમારી જાતનો જ છું ને ! મારાં તમારાં કરતાં ઈશ્વર મોટો છે. આપણે બધાંએ તેની સ્તુતિ કરવી જોઈએ. હું મોટો તું છોટો એ ખ્યાલ જગતનો ખોટો' એમ કહી હંસ તો ઊડી ગયો. ત્રણે પંખીડાં હંસને ઊડતો જોઈ રહ્યાં. કાગડો અને બગલો છોભીલા બન્યાં. પોપટ કહે : 'કાગડાભાઈ, બગલાભાઈ ! જોયું ને હંસની મોટાઈ અને નમ્રતા !'



**રેવ.ડૉ.જેમ્સ ગ્લાસગો**

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)



**પ્રકાશક :** રેવ. હેમંતકુમાર જે.પરમાર સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦

8BGP2

**મુદ્રક :** સુરમીલ એસ. ક્રિશ્ચિયન
૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ.મ્યુ.માર્કેટ પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૩૮૦ ૦૦૮.